પવિત્ર ગ્રંથ 'ગીતા' મહાન મહાકાવ્ય મહાભારતનો એક ભાગ છે. જયારે અર્જુન પોતાના પિતરાઈ અને અન્ય સંબંધીઓ સામે શસ્ત્રો ઉપાડવા કે નહીં તેવી દુવિધામાં હોય છે ત્યારે ભગવાન ક્રિષ્ના તેમને "ગીતા" વર્ણવે છે, ભગવાન કૃષ્ણ આગ્રહ કરે છે કે સત્યનો બચાવ કરવા માટે તેણે લડવું પડશે અને સબંધીઓ અને પ્રિય લોકો સહિત કોઈપણની સામે શસ્ત્રો ઉઠાવવા પડશે. કોઈ સમાધાન થઈ શકતો નથી. તે અર્જુનને સમજાવવામાં સફળ થયા અને સંપૂર્ણ યુદ્ધ માટે અર્જુનને તૈયાર કર્યા. ભગવાન કૃષ્ણનું વર્ણન એટલું અદ્ભુત છે કે કોઈ પણ ન માની શકે કે તે હકીકતમાં થયું નથી અને તે માત્ર મહાકાવ્યનો ભાગ છે. હિન્દુઓ માટે 'ગીતા' એટલી જ પવિત્ર છે જેટલી મુસ્લિમો માટે કુરાન અને ખ્રિસ્તીઓ માટે બાઇબલ છે. વિષયાર્થ એટલું સમૃદ્ધ છે કે ફક્ત ભગવાન જ તેને વર્ણવી શકે. જો હિન્દુઓને એમ માનવા માટે ફરજ પાડવામાં આવે કે મહાભારત માનવ ઇતિહાસનો ભાગ નથી, તો પવિત્ર ગીતા પણ ભગવાન દ્વારા વર્ણવેલ નથી તેમ માનવું પડે. બધા હિન્દુઓની લાગણીઓને આ ગંભીરતાથી નુકસાન પહોંચાડી શકે છે.

'મહા મંદિર' ને પડકારને સ્વીકારવો પડશે અને બધા હિન્દુઓને શિક્ષિત કરવા પડશે કે મહાભારત અને રામાયણ ઇતિહાસનો ભાગ નથી પરંતુ પૃથ્વી પર કોઈના પણ દ્વારા લખાયેલ સાહિત્યના મહાન મહાકાવ્યો અને મહાન કૃતિ છે. હિન્દુઓ ભગવાન કૃષ્ણ, રામ-સીતા, લક્ષ્મણ, હનુમાનની મૂર્તિઓ અને વગેરે વાળા મંદિરોની મુલાકાત ચાલુ રાખી શકે છે પરંતુ સ્પષ્ટ જ્ઞાન સાથે કે તેઓ માનવ ઇતિહાસનો ભાગ નથી. 'મહા મંદિર' માટે આવું કરવું આવશ્યક છે.

એ જ રીતે ભગવાન શિવ, પાર્વતી, બ્રહ્મા, વિષ્ણુ, ગણપતિ અને દુર્ગા પ્રાચીન પૌરાણિક કથાઓથી સંબંધિત છે. હિન્દુઓ માને છે કે હિન્દુ ધર્મ અસ્તિત્વમાં આવ્યો એના હજારો વર્ષો પહેલાથી આ બધા દેવો અસ્તિત્વમાં હતા.ફરી એક વાર કોઈ હિન્દુ એવું નહીં માને કે આ બધા દેવતાઓ માનવ ઇતિહાસનો ભાગ નથી. ખાસ કરીને ઉત્તર ભારત, ગુજરાત અને પશ્ચિમ બંગાળના વિવિધ રાજ્યોમાં દેવી દુર્ગાની પૂજા વિભિન્ન સ્વરૂપોમાં કરવામાં આવે છે.

ઘણા હિન્દુ પૂજારીઓ ૭ થી ૮ દિવસ માટે સતત 'ભગવદ્ ગીતા'ના ઉપદેશ આપતા હોય છે અને તે જ રીતે તેઓ 'રામાયણ' સાથે કરે છે. હજારો હિન્દુ ભક્તો તે સાંભળવા માટે આવે છે. વર્ણન પણ ટેલિવિઝન પર લાઇવ પ્રસારિત કરવામાં આવે છે. કેવી રીતે હિન્દુઓ માનશે કે પૂજારી જે પણ કહે છે તે એક કાલ્પનિક વાર્તા છે?

દર વર્ષે શિયાળાની શરૂઆત પહેલાં પશ્ચિમ બંગાળના લોકો મા દુર્ગાને પ્રાર્થના કરે છે અને ગુજરાતમાં લોકો આસપાસમાં "ગરબા" રમીને મા દુર્ગાની પૂજા કરે છે. દર વર્ષે ઉનાળાના પ્રારંભ પહેલા પંજાબ, દિલ્હી, હરિયાણા અને અન્ય ઘણા ઉત્તર ભારતીય રાજ્યોમાં 'જગરાતા' ના રૂપમાં મા દુર્ગાને પ્રાર્થના કરવામાં આવે છે. આ બધા તહેવારો દરમિયાન વાતાવરણ ખુશમિજાજી હોય છે અને મા દુર્ગા પ્રત્યે ભક્તિથી ભરપૂર હોય છે.

મોટાભાગના ઉત્તરીય રાજ્યો તેમજ બિહારમાં, શિયાળાની શરૂઆત પહેલા લોકો નવ દિવસો માટે 'રાસ-લીલા' કરે છે જે 'દશેરા' પર 'રાવન દહન' સાથે સમાપ્ત થાય છે. ઉત્તરના રાજ્યોમાંના તમામ હિન્દુઓ માટે આ દિવસો ખૂબ મહત્વના છે.

આશરે એક સદીથી, દર વર્ષે ચોમાસાની મોસમના અંતના પહેલાં મહારાષ્ટ્રીયનો ૧૦ દિવસ માટે ગણેશ ઉત્સવ ઉજવે છે. આ બધા દિવસોમાં 'લોકો એકબીજાને મળે છે અને શુભેચ્છા આપે છે. વાતાવરણ ભગવાન ગણેશની ભક્તિથી ભાવવિભોર હોય છે. બધા હિન્દુઓની લાગણીઓને દુઃખ પહોંચશે જો તેમને કહેવામાં આવે કે માનવ ઇતિહાસમાં ભગવાન ગણેશ ક્યારેય અસ્તિત્વમાં હતા જ નહીં. આશરે બે દાયકા પહેલા અફવાઓની શ્રેણી હતી કે સમગ્ર ભારતના તમામ ગણેશ મંદિરોમાં ભક્ત દ્વારા ચઢાવામાં આવતા દૂધને ભગવાન ગણેશની મૂર્તિઓ પી જતી હતા. લાખો હિન્દુ ભક્ત, ગણેશ મંદિરોમાં દૂધ ચઢાવા માટે ભાગતા હતા અને દવ જેમ સમગ્ર ભારતમાં અફવાઓ ફેલાવા લાગી. આ પ્રકારની ઘટના માનવ ઇતિહાસમાં અપ્રતિમ છે અને તે દિવસોમાં સમગ્ર વિશ્વમાં ચર્ચાની બાબત હતી. તે માત્ર ચમત્કારમાં હિન્દુઓની અંધશ્રદ્ધા દર્શાવે છે. ચમત્કારોએ ઘણાં હિન્દુ ભક્તોને ઘણા ખોટા માહાત્માંઓની પકડમાં ફેંક્યા છે.

હિન્દુ ધર્મના પૌરાણિક ભાગ સાથે વ્યવહાર કરવો એ સંભવત 'મહા મંદિર' માટે અઘરું કાર્ય બનશે, પરંતુ જો આ વિષયનું સમાધાન ન આવે તો હિન્દુ ધર્મમાં ઘણાં સુધારા નહીં થઇ શકે. સમગ્ર ભારતમાં નદીઓનું જળ પ્રદૂષણ તેમજ મુંબઈ અને મહારાષ્ટ્રના સમુદ્રી કિનારાનું પ્રદૂષણ ખૂબ મહત્વનો ભાગ છે.

ગણેશ તહેવારના અંતે, ઘણા મેળાઓ સાથે, ભક્તો ગણેશની મૂર્તિઓને પાણીમાં વિસર્જિત કરે છે. અકસ્માતોને લીધે મૂર્તિઓને વિસર્જિત કરતી વખતે સમગ્ર ભારતમાં હજારો શ્રદ્ધાળુઓ મૃત્યુ પામે છે. મૂર્તિઓના વિસર્જનને કારણે થતી સૌથી મોટી સમસ્યા જળ પ્રદૂષણ છે. સમાજ અને રાજકારણીઓ ભક્તોને આમ કરવાથી અટકાવવામાં પોતાને નિરાધાર સમજે છે.

'મહા મંદિર' ની રચના હિન્દુ ધર્મમાં દરરોજની ધાર્મિક પ્રવૃત્તિઓ દ્વારા થતા ઘણા પ્રકારના પ્રદૂષણ તેમજ નદી પ્રદૂષણ પર લોકોને શિક્ષિત કરવામાં મદદ કરી શકે છે. તાજેતરના દાયકાથી ગુજરાત રાજ્યના લોકોએ પણ ભગવાન ગણેશની ઉપાસના કરવાનું શરૂ કર્યું છે. શહેરી વિસ્તારોમાં પંડાલોની સંખ્યા વાહનોના ટ્રાફિકને અવરોધે છે તેમજ સાંજે અવાજ કરે છે. તેઓ અમુક હોસ્પિટલોની નજીક પણ સ્થિત હોય છે. અત્યાર સુધી ફક્ત નગરો અને શહેરોમાં રહેતા મરાઠીઓ જ ગણેશ તહેવાર ઉજવતા હતા, પરંતુ હવે લોકો નવરાત્રી તહેવારની જેમ જ ગણેશ તહેવારની ઉજવણી કરે છે, જે ગણેશ ઉત્સવના સમાપ્તિ પછીના મહીને જ આવે છે. એકવાર ફરીથી સમાજ નેતાઓ તેમજ રાજકીય નેતાઓ નવી પ્રથાને રોકવા માટે કશું નથી કરી શકતા.થોડા લોકો, જેઓ પાસે રોજિંદા કામ કરવા માટે કશું કંઈ છે નહીં, તેઓ ભેગા થઈને શેરી અથવા બજારની જગ્યામાં પડોશી પાસેથી ભંડોળ એકત્રિત કરવાનું શરૂ કરી દે છે.લોકો ભયના લીધે તેમને આવકારે છે કે તેઓ તેમના હિતોને નુકસાન પહોંચાડી શકે છે કારણ કે તેઓ દિવસમાં મોટા ભાગના સમયે નવરા જ હોય છે.ઘેલછા વેગ પકડે છે અને ઘણાં ગણેશ પંડાલો બનાવામાં આવે છે.નવરા લોકોના આ જૂથોને નાણાંનો કોઈ પણ હિસાબ કોઈને આપવાનો હોતો નથી અને પૈસા કોઈની ઉપર પણ વાપરે છે.

'મહા મંદિર' સમગ્ર ભારતમાં જાહેરમાં ઉજવાયેલા તહેવારોના સંચાલનમાં ઘણાં સુધારા કરી શકે છે.

૫૦ વર્ષ કે તેથી વધુ પહેલાંના સમયમાં, અત્યારની વસ્તીના ૨૦% થી ઓછી શહેરી

વસ્તી હતી, વાહનો ઓછા હતા, કદાચ અત્યારના વાહનની સંખ્યાના લગભગ ૧૦% હોઈ શકે છે. જીવન ખૂબ જ શાંત હતું અને લોકો પાસે પૂરતો સમય હતો એટલે તે દિવસોમાં તહેવારો બધા માટે આનંદની બાબત હતી. આધુનિક દિવસોમાં જીવન ખાસ કરીને શહેરી વિસ્તારોમાં દોડધામવાળું છે અને રસ્તાઓ અને બજાર વિસ્તારમાં ઘણું ટ્રાફિક રહે છે. તહેવારોની ઉજવણી ઘણીવાર લોકો માટે ઘણી મુશ્કેલીઓ ઊભી કરે છે અને આયોજકો સામાન્ય લોકોની મુશ્કેલીઓ પર વિચાર કરવા માટે તૈયાર નથી. અમુક વાર વિદ્યાર્થીઓની પરીક્ષા નજીક હોય છે અને આજુબાજુ ઘણો અવાજ થતો હોય છે. કેટલીકવાર વૃદ્ધ લોકો ઊંઘવા માંગતા હોય છે અને મધ્યરાત્રિ પછી પણ અવાજ ચાલુ રહે છે. હોસ્પિટલોમાં સારવાર હેઠળના દર્દીઓ માટે કેટલીકવાર સમસ્યા ઊભી થાય છે. સત્તા સાથે 'મહા મંદિર' જ આ સમસ્યાનો ઉકેલ લાવવા માટેનો એકમાત્ર ઉપાય છે.

મોટાભાગના સમયે તહેવાર ઉજવનારાઓ અને આયોજકો તેમના આચરણોને ન્યાયી બનાવવા માટે જૂની પરંપરાઓને રજૂ કરે છે. જન્માષ્ટમી ઉત્સવના સમયે ઓગસ્ટ કે સપ્ટેમ્બર મહિના દરમિયાન ખાસ કરીને મુંબઈમાં 'દહીં હાંડી' ના ઉજવનારા ૫૦ ફીટ જેટલી ઊંચાઈનો માનવ પિરામિડ બનાવતા હોય છે. અમુક સામાજીક નેતાઓ તેમજ રાજકીય નેતાઓ દ્વારા ઉદ્ભવેલી નકારાત્મક સ્પર્ધાને લીધે આવું થાય છે. પરિણામસ્વરૂપે ઘણા લોકો તેમનો જીવ ગુમાવે છે અને હજારો લોકોને ઇજા થાય છે. ઉજવણીકારો પરંપરાને દર્શાવતા હોય છે. કોઈ પણ તેમને કશું પૂછવાની હિંમત કરતું નથી, કે ૧૦૦ વર્ષ પહેલાં આવું હતું કે શું? સત્તા સાથે 'મહા મંદિર' 'દહી હાંડી' તહેવારના સહભાગીઓને શિક્ષિત કરી શકે છે. માનવ જીવન મૂલ્યવાન છે અને કોઈ પણ તહેવાર ઉજવણી કરતા સમયે કોઈ પણ મરવું જોઈએ નહીં અથવા ઇજા થવી જોઈએ નહીં. જે બાળકો આ ઘેલછાના ભોગ બનેલા છે તેમના માતાપિતા વધુ સારી રીતે જાણે છે.

ભારતમાં હિન્દુઓ માટે દિવાળી તહેવાર એવો જ છે જેમ સમગ્ર વિશ્વમાં ખ્રિસ્તીઓ માટે નાતાલ છે. દિવાળીના તહેવાર દરમિયાન બધા હિન્દુઓ તેમના પિતૃ ઘરો જવાનો પ્રયત્ન કરે છે. દિવાળીને પ્રકાશનો તહેવાર કહેવામાં આવે છે, લોકો તેમના મકાનોને બલ્બની સિરીઝ અને દીવાઓથી શણગારે છે. પ્રકાશનો ઉત્સવ હવે અવાજનો તહેવાર બની ગયો છે. સમગ્ર ભારતમાં તહેવાર દરમિયાન કરોડો રૂપિયાના ફટાકડાઓ ફોડવામાં આવે છે,તેમાંના મોટા ભાગના ચીનમાંથી આયાત કરવામાં આવે છે. દિવાળી તહેવાર દરમિયાન આગ લડવૈયાઓ હાઈ એલર્ટ પર રહે છે. ઘણાં લોકો ઇજાઓ નોતરે છે અને ફટાકડાઓ દ્વારા થતા અકસ્માતના લીધે કેટલાક લોકો તેમની દૃષ્ટિ ગુમાવે છે. એવા પણ લોકો છે જે જૂની પરંપરાઓને દર્શાવે છે. વર્ષ ૧૯૪૦ પહેલા ભારતમાં કોઈ ફટાકડાઓનો ઉપયોગ થયો ન હતો. ઉન્નત દેશો પણ ફટાકડાના ઉપયોગની મંજૂરી આપતા નથી.

રાષ્ટ્રના સામાન્ય નાગરિકો બાળકો જેવા છે. નવીનતમ વલણ એ છે કે મોટાભાગના શહેરોમાં આખા વર્ષ દરમિયાન ચોક્કસ દુકાનમાં ફટાકડા ઉપલબ્ધ રહે છે અને તેનો ઉપયોગ લગ્નના સરઘસમાં થાય છે. વલણ ઝડપથી વધી રહ્યું છે. લગ્ન સરઘસ, તેમાં ભાગ લેનારા લોકો માટે આનંદની બાબત છે પરંતુ આસપાસના લોકો માટે તે માથાનો દુખાવો છે. ક્યારેક અસરગ્રસ્ત નાગરિકો પોલીસને ફટાકડાના ઉપયોગને રોકવા માટે બોલાવે છે. આ બાબતે લોકોને માર્ગદર્શન આપવા માટે કોઈ નથી, ફક્ત 'મહા મંદિર' જ તેવું કરી શકે છે.

નવીનતમ ચિંતાજનક વિકાસ છે લગ્ન સરઘસો દરમિયાન અગ્ન્યસ્ત્રનો ઉપયોગ. કેટલાક મધપાન કરનાર લોકો તેમનો હર્ષાતિરેક બતાવવા માટે હવામાં ગોળીબાર કરે છે. કોઈકવાર કોઈ વ્યક્તિ મરે છે અથવા તેને ઇજા થાય છે. જૂના સમયમાં, ખાસ કરીને

રાજસ્થાન અને ગુજરાતમાં શાસક વર્ગના લોકો અને જ્યાં પણ રજવાડાઓ હતા ત્યાં લગ્નની ઉજવણી દરમિયાન હર્ષાતિરેક દર્શાવવા માટે હવામાં ગોળીબાર કરવાની પરંપરા હતી. હવે કાનૂની અથવા ગેરકાયદે અગ્ન્યસ્ત્રથી સજ્જ ઘણા લોકો છે અને અકસ્માતોમાં વધારો થયો છે. આ પ્રકારની પ્રથાને ન્યાયી બનાવવા માટે કશું છે જ નહીં. 'મહા મંદિર' ને કોઈપણ વિલંબ વગર તેને રોકવી પડશે.

દર વર્ષે જાન્યુઆરી મહિના દરમિયાન સંક્રાંતિ તહેવારની વધુ ઉજવણી ગુજરાત અને રાજસ્થાનમાં થાય છે. લોકો તેમના ઘરના ધાબે ઉભા રહીને પતંગ ચગાવે છે અને બીજા લોકો સાથે સ્પર્ધા કરે છે. અમુક વાર તેઓ કાંચથી રંગેલી દોરીનો ઉપયોગ કરે છે. એવા ઘણા કિસ્સાઓ છે જેમાં લોકોના ગળા કપાયા છે અને ઈજાઓ થઇ છે. ઘણા લોકો ધાબે થી નીચે પડી જાય છે અને ઇજા થાય છે. વધુમાં ઘણા લોકો કપાયેલી પતંગ પકડતા રસ્તા ઉપર ઈજાઓ પામે છે.નવીનતમ ઉમેરો છે ચાઈનીઝ બલૂન જેવા "તુક્કલ" નામક પતંગથી રાતમાં લાગતી આગ. જ્યારે રાત્રે હજારો તુક્કલો ઉડતી હોય ત્યારે આકાશ સુંદર દેખાય છે પરંતુ તેમાંની કેટલીક નીચે પડી જાય છે અને આગ લાગે છે. સંપત્તિનું નુકસાન અમુક વાર અતિશય હોય છે. તાજેતરના વર્ષોમાં સરકારોએ ચાઇનીઝ તુક્કલ પર પ્રતિબંધ મૂક્યો છે, હજી પણ લોકો તેમને ઉડાડે છે. એવા વેપારીઓ છે જે ગેરકાયદેસર રીતે આ તુક્કલોની આયાત કરે છે અને તુક્કલ દ્વારા થતા સંભવિત નુકસાનને જાણ્યા વિના લોકોને વેચી દે છે. 'મહા મંદિર' ચોક્કસપણે પ્રથાને અટકાવી શકે છે અને લોકોને શિક્ષિત કરી શકે છે. એકમાત્ર ઉપાય એ છે કે લોકોને તેમના ઘરોના ધાબેથી પતંગ ચગાવાની જગ્યાએ ભૂમિતળથી ચગાવી જોઈએ. આનંદ ઓછો થશે પરંતુ લોકોને જાણવું જોઈએ કે પતંગ ઉડાવાની સ્પર્ધાઓ ભૂમિતળ પર ગોઠવવામાં આવે છે. સ્પર્ધકોને તેમની પતંગોને ધાબેથી ચગાવાની છૂટ નથી.

જ્યાં સામાજિક અને રાજકીય નેતાઓ નિષ્ફળ ગયા છે, ત્યાં 'મહા મંદિર' ચોક્કસપણે સફળ થઈ શકે છે. કોઈપણ આધુનિક સમાજ બધા તહેવારોના ઉજવણી દરમિયાન સંભવિત ઇજા અથવા મૃત્યુને સહન કરી શકતું નથી. સ્પષ્ટ દિશાનિર્દેશો હોવી જોઈએ અને લોકોએ તેનું પાલન કરવું પડશે. આ સંદર્ભમાં 'મહા મંદિર' અગ્રણી ઉત્પ્રેરકની ભૂમિકા ભજવી શકે છે. હાલમાં મોટાભાગના તહેવારો પર ઉશ્કેરાયેલ ટોળાના શાસનની ઘેલછા છે. ઉશ્કેરાયેલા ટોળા પાસે સંભવિત નુકસાનની યોગ્ય જાણકારી ન હોય શકે.

છેલ્લા ત્રણ દાયકામાં હિન્દુ તહેવારો સાથે વિકસિત થતી એક મોટી સમસ્યા એ છે કે હવે ભારતમાં હિન્દુ તહેવારો સાથે પૂજાની સાથે સાથે મજા સામેલ છે. સમગ્ર વિશ્વની બધી ધાર્મિક બાબતોમાં, ભલે ગમે તે ધર્મ હોય, ભગવાનની ઉપાસના એક ગંભીર કાર્ય છે અને મજા કરવાનો વિષય નથી. તમે કોઈપણ ખ્રિસ્તી, બૌદ્ધ અથવા મુસ્લિમ તહેવારો સાથે આનંદ જોડાયેલો હોય તેવું શોધી શકતા નથી. હર્ષાતિરેક અને મજા વચ્ચે તફાવત છે. લોકો ઇદ અથવા નાતાલનાં તહેવારો દરમિયાન તેમનો હર્ષાતિરેક વ્યક્ત કરે છે. તાજેતરમાં કેટલાક ભારતીય તહેવારો કેટલાક લોકો માટે મજા કરવાનો પ્રસંગ બની ગયા છે.

ખાસ કરીને ગુજરાતમાં નવરાત્રી તહેવારની ઉજવણી જૂની પેઢી માટે દેવી દુર્ગાની નિયમિત ઉપાસના ઉપરાંત યુવાનો હવે વધુ મજા સાથે ઉજવે છે. મોટા શહેરોમાં યુવા છોકરાઓ અને છોકરીઓ મોટાભાગે સવાર સુધી સંગીત સાથે 'ડિસ્કો દાંડીયા' રમ્યા કરે છે. તે તેમના માટે મજા છે, પરંતુ પડોશી ગંભીર રીતે હેરાન થાય છે. તે જૂની પરંપરા નથી પરંતુ યુવા પેઢીએ એકબીજા સાથે સ્પર્ધા કરવાનું નવું ગાંડપણ ચાલુ કર્યું છે. સ્થાનિક પોલીસ વિભાગ મધરાત્રી સુધી 'ડિસ્કો દાંડીયા' ને પ્રતિબંધિત કરવા માટે કાર્યવાહી કરે છે પરંતુ યુવાનો ઘણીવાર તેમને નકારે છે અને રાત્રે મોડે સુધી રમ્યે રાખે છે. રાજકારણીઓ આ પ્રથાને લોકપ્રિય મૂડ તરીકે પ્રોત્સાહિત કરે છે.

તહેવાર દરમિયાન મજા કરવાનો બીજો એક ઉદાહરણ છે ભારતના ઉત્તરીય ભાગમાં

'જગરાતા' દરમિયાન મોટેથી સંગીત વગાડવું. ગાયક પાર્ટીઓ ક્યારેક ફિલ્મી ગીતોની ધૂન પર ભક્તિમય ગીત ગાય છે અને ક્યારેક પડોશી લોકો માટે અવાજ ખૂબ મોટો હોય છે. આ નવી પ્રથા છેલ્લા બે કે ત્રણ દાયકાઓમાં વિકસિત થઈ છે. 'જગરાતા' દેવી દુર્ગાની સમક્ષ ભક્તિ ગીતો ગાવાની પ્રથા હતી.

હિન્દુ તહેવાર હોળી ખરેખર મજા સાથે જોડાયેલો છે અને ભગવાન અથવા દેવીઓની ભક્તિ માટે નથી. લોકો સુકા અને પાણીના રંગોથી રમે છે અને એકબીજા પર રંગો લગાવે છે. લોકો એકબીજાના ઘરે જાય છે, ક્યારેક જૂથમાં. છેલ્લા થોડાક દાયકાથી આ ઉત્સવનો જુસ્સો કેટલાક ઉત્સાહી લોકો દ્વારા બગડી ગયો છે. પોલીસ વિભાગને જાગૃત રહેવાની જરૂર છે, જેથી યુવાન કુખ્યાત છોકરાઓ છોકરીઓને હેરાન ન કરે. કેટલાક અસામાજિક તત્વો હોળી રમતા વખતે પાકા રંગોનો ઉપયોગ કરે છે. ક્યારેક ત્વચામાંથી આ રંગો દૂર કરવા માટે કેટલાય દિવસો લાગે છે. ઘણા સમાચારપત્રો, ટી.વી. ચેનલો અને સ્થાનિક રેડિયો સ્ટેશન દર વર્ષે લોકોને પાકા રંગો સાથે ન રમવાની અપીલ કરે છે. તેઓ પાણીના ઉપયોગને ઘટાડવા માટે પણ અપીલ કરે છે કારણ કે ભારતના લગભગ તમામ શહેરોમાં હંમેશા ચોવીસે કલાક મળતા પાણીની અછત હોય છે. તેમ છતાં, જેમ દિવસ પસાર થાય છે તેમ, લોકો તેમની મજા માટે અપીલને અવગણવાનું શરૂ કરે છે. 'મહા મંદિર' લોકોને શિક્ષિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

ભારતમાં ઘણા હિન્દુ તહેવારો છે, જે લોકોને ઉજવવા ગમે છે અને સમૂહમાં ભાગ લે છે. કેટલાક દેવતાઓ અને દેવીઓની ભક્તિમાં ઉજવાય છે અને કેટલાકને પરંપરાગત રીતે હર્ષાતિરેક અને મજા માટે ઉજવવામાં આવે છે. મધ્યમ વર્ગીય આવક નીચે ભારતની ૬૦% લોકોની વસ્તી છે. મધ્યમ વર્ગીય આવકથી નીચેની આ વસતી તહેવારોમાં વ્યાપકપણે ભાગ લઈને રોજ-બ-રોજની સમસ્યાઓ ભૂલી જાય છે.

દર વર્ષે જાન્યુઆરી મહિના દરમિયાન તમિલનાડુ રાજ્યમાં "જલ્લીકટ્ટૂ" નામની બળદની લડાઈ યોજવાની પરંપરા છે. ભારતના સુપ્રીમ કોર્ટે 'જલ્લીકટ્ટૂ' પર પ્રતિબંધ મૂક્યો હતો પરંતુ ગયા જાન્યુઆરીમાં તમિલનાડુના લોકોએ પ્રતિબંધ ઉઠાવી લેવાની માંગણી કરી હતી. રાજકીય પક્ષોએ તેમને ટેકો આપ્યો હતો અને અદાલતને હટવું પડ્યું હતું. પરંપરા પુનઃસ્થાપિત કરવામાં આવી હતી, ઘણા લોકો ઈજા પામ્યા હતા અને કેટલાક મૃત્યુ પામ્યા હતા.

સામાન્ય લોકો બાળકો જેવા હોય છે પરંતુ તેમને સંચાલિત કરનારા લોકો ઠરેલ હોવા જોઈએ. 'મહા મંદિર' ચોક્કસ તહેવારોની ઉજવણી કરતા લોકોને શિક્ષિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. સમગ્ર વિશ્વમાં નાગરિક સમાજો ઠરેલ થઈ ગયા છે, તેથી તેઓ ધ્યાન રાખે છે કે માનવ જીવન ખૂબ મૂલ્યવાન છે અને એજ રીતે દરેકનું સ્વાસ્થ્ય પણ મૂલ્યવાન છે.

'મહા મંદિર' ભારતમાં દરેક તહેવારો પર સલાહપત્રો જાહેર કરી શકે છે અને ધ્યાન રાખી શકે છે કે લોકો તેનું પાલન કરે છે છે જેથી કોઈને નુકસાન થતું નથી અથવા કોઈની મૃત્યુ થતી નથી. તે કાયદા અને વ્યવસ્થાની જાળવણીમાં સરકારને ખૂબ મદદ કરશે.

હિન્દુ ધર્મના પૌરાણિક ભાગ પર પાછા આવીએ તો, લોકો હિન્દુ ગ્રંથોને ઇતિહાસ તરીકે માનવાને બદલે પૌરાણિક કથાઓમાં વધુને વધુ માનતા થયા છે. રાજકારણીઓ અને અમલદારો પણ પૌરાણિક કથાઓના બદલે હિન્દુ ગ્રંથો ઇતિહાસ હોવાના લોકપ્રિય વિચારોને ટેકો આપે છે. કેટલાક સમય પહેલાં યોજાયેલ વિજ્ઞાન સમિતિમાં પણ, કેટલાક વૈજ્ઞાનિકોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે પહેલાના દિવસોમાં ભારત વૈજ્ઞાનિક સંશોધનમાં આગળ હતું. તેમણે મહાભારત અને રામાયણના કેટલાક ઉદાહરણોનો ઉલ્લેખ કર્યો. અમેરિકામાં કામ કરતા

કેટલાક ભારતીય વૈજ્ઞાનિકો આ પ્રકારનાં વર્ણનો સાંભળીને સહજ નહોતા. માત્ર થોડા સમય પહેલા એક મંત્રી એ ઈસરો દ્વારા લોન્ચ કરાયેલા ઉપગ્રહોની સરખામણી ભગવાન રામના શસ્ત્રો સાથે કરી હતી.

વિવિધ વૈજ્ઞાનિક સંશોધન અને સમાજમાં વિકાસશીલ નવી માન્યતાઓને લીધે નવી શોધ અને નવા તથ્યોના પ્રકાશમાં સમયની સાથે સમગ્ર વિશ્વના નાગરિક સમાજો બદલાયા છે. હિન્દુ સમાજ પણ વિશ્વાસ અને માન્યતાના નામે જૂની પરંપરાઓ સાથે સંકળાયેલો ન રહી શકે. બ્રિટીશ લોકો આવ્યા તે પહેલા ભારતભરના હિન્દુઓને એક મહિના દરમિયાન ફક્ત બે રજાઓ મળતી હતી. એક 'અમાવસ' અને બીજી એકાદશી પર મળતી હતી. શું આપણે અઠવાડિયામાં પાંચ દિવસ કામ કરવાના યુગમાં જૂની પદ્ધતિને પુનઃસ્થાપિત કરીશું? જો આપણે આમ કરીએ તો ભારતમાં કેન્દ્રીય સરકારી કર્મચારીઓ આજે ૨૦ દિવસની જગ્યાએ મહિનામાં ૨૮ દિવસ કામ કરશે. તેવી જ રીતે, જો આપણે જૂની પરંપરાઓ પર વાત કરીએ તો 'સતી' ની પરંપરા ચાલુ રહેશે, અને દલિતો પણ ભારતની સ્વતંત્રતા પહેલા ભૂતકાળમાં સામનો કરેલ તમામ ધિક્કારને આધિન રહેશે.

ઇતિહાસ સામે પૌરાણિક કથાના વિષય પર હિન્દુઓને શિક્ષિત કરવું 'મહા મંદિર' માટે ફરજીયાત છે. હિન્દુઓને પૌરાણિક કથાઓમાં માનતા રહેવા દો પરંતુ તેઓએ જાણવું જોઈએ કે તે ઇતિહાસ નથી. ટેલિવિઝનનો ફેલાવો ભારતમાં ૧૯૮૦ ના મધ્યમાં થયો હતો. છેલ્લા ત્રણ દાયકાથી પૌરાણિક ટીવી કાર્યક્રમોએ ભારે લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. ટીવી કાર્યક્રમના નિર્માતાઓ હવે રામાયણ અને મહાભારતથી શિવ પુરાણ, શનિ દેવતા, ગણેશ, હનુમાન, દેવી દુર્ગા અને સંતોષી માતાને ખ્યાતિ આપતા કાર્યક્રમો તરફ વળ્યાં છે. આ બધા કાર્યક્રમો સામાન્ય જનતામાં ખૂબ લોકપ્રિય છે.

એક સમાધાન એ છે કે પૌરાણિક કથાઓ આધારિત ટીવી કાર્યક્રમના પ્રસારણ દરમિયાન વારંવાર એવી ક્લિપિંગ મૂકીને લોકોને શિક્ષિત કરવા કે "જે તમે જોઈ રહ્યાં છો તે કોઈ ઇતિહાસ નથી પરંતુ પૌરાણિક કથા છે". વાસ્તવિકતામાં રહેવા માટે હિન્દુઓને મદદ કરવા 'મહા મંદિર' માટે આ કરવું આવશ્યક છે.

ભારતમાં બધા હિન્દુઓ ખોટી માન્યતા સાથે જીવે છે કે આપનો દેશ રાજા અશોકના સમયમાં 'સોનાની ચકલી' જેવો હતો. માનવ ઇતિહાસ તેને સમર્થન આપતું નથી. ઔદ્યોગિક ક્રાંતિની ઘટના સુધી, વિશ્વભરમાં ૯૦% માનવ વસ્તી ગરીબીમાં રહી હતી. ભારત તેમાંથી અલગ

ન હતું. આધુનિક સમાજને હકીકતો જાણવી જોઈએ.

હિન્દુઓ નદીઓને ગાયોની જેમ પવિત્ર માને છે. પહેલાના સમયમાં વસ્તી ખૂબ ઓછી હતી અને લોકો તેમની બધી ધાર્મિક સામગ્રીને નદીઓમાં તેમજ મહાન ગંગામાં શબને ફેંકી શકતા હતા. દાયકાઓથી ભારતીય સરકાર નદીઓને સાફ કરવા માટે ખૂબ મહેનત કરી રહી છે પરંતુ સફળ નથી થઇ. નદીઓમાં ફેંકાયેલી ધાર્મિક સામગ્રી કરતાં નદીઓના પ્રદૂષણ માટે ઔદ્યોગિક કચરો વધુ જવાબદાર છે.

લોકોને વિનંતી કરવામાં આવે છે કે નદીઓમાં ધાર્મિક સામગ્રી ન ફેંકવી, પરંતુ વિનંતીને પૂર્ણ કરવામાં આવતી નથી. લોકશાહી દેશ હોવાથી સરકાર લોકો સાથે એટલી સખત બની ન શકે. અહીં પણ 'મહા મંદિર' મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

દર ૧૨ વર્ષે અલ્હાબાદ, યુ.પી. માં સંગમ ખાતે મહા કુંભ મેળો યોજવામાં આવે છે

અને બે કુંભ મેળાઓના સમયગાળા દરમિયાન નાસિક અને ઉજ્જૈનમાં બે અર્ધ કુંભ મેળાઓ યોજવામાં આવે છે. સદીઓથી હિન્દુઓને આ કુંભ મેળાઓમાં ઘણી આસ્થા છે અને કુંભ મેળા દરમિયાન દરેક હિન્દુ નદીમાં પવિત્ર સ્નાન લેવાનો પ્રયત્ન કરે છે.

તેમાં કોઈ શંકા નથી કે યુ.પી.સરકાર દર વખતે અલ્હાબાદ કુંભ મેળાની સફળતા માટે સંપૂર્ણ કાળજી લે છે અને એ જ રીતે મહારાષ્ટ્ર સરકાર નાસિક કુંભ મેળાના પ્રસંગે અને ઉજ્જૈન કુંભ મેળાના સમયે એમ.પી સરકાર કાળજી લે છે. ખાસ કરીને અલ્હાબાદ કુંભ એક પ્રસંગે લોકોનો સૌથી મોટો મેળાવડો છે, કેટલાક વિદેશી પ્રવાસીઓ પણ કુંભની ઘટનાને અનુભવવા માટે તેની મુલાકાત લે છે.

'મહા મંદિર' ને કુંભ મેળો ફરી થઇ શકે કે નહીં તે અંગે સ્થિતિનું નિરીક્ષણ કરવું પડશે. નદીના પાણીના પ્રદૂષણ સિવાય તે માનવ ગતિવિધિનું એક વિશાળ કાર્ય છે. ક્યારેક, નાસભાગના કારણે લોકો તેમના મૂલ્યવાન જીબ ગુમાવે છે. 'મહા મંદિર' ને લાંબા ગાળાના સંદર્ભમાં આ બાબતમાં ધ્યાન આપવાની જરૂર છે. તે દરેક આયોજિત કુંભ મેળામાં ભીડને ઓછી કરવાની પદ્ધતિઓ બનાવી શકે છે જેથી નદીના પાણીમાં પ્રદુષણ ઓછું થઈ શકે. તે ભંડોળ ઊભું કરવા માટે કુંભ મેળાની મુલાકાત લેનારા બધા લોકો પર ગૌ સુરક્ષા કર લાદી શકે છે.

કેટલાક અન્ય હિન્દુ તહેવારો દર વર્ષે લાખો મુલાકાતીઓને આકર્ષિત કરે છે અને ભીડ વધતી રહે છે. સ્વાઈન ફ્લૂનો ભય હોવા છતાં ગુજરાતમાં આ વર્ષે આશરે ૨૫ લાખ લોકો અંબાજી મેળામાં ગયા હોવાનું માનવામાં આવે છે. આ વિશાળ ગતિવિધિ દ્વારા ધોરીમાર્ગ પરનો ટ્રાફિક અસરગ્રસ્ત છે. 'મહા મંદિર' ને ભીડ ઓછી કરવાની પદ્ધતિ બનાવવી પડશે.

'મહા મંદિર' દ્વારા સંભાળવામાં આવતી ગૌ સુરક્ષાની કાર્યવાહીમાં, ભીડ ઓછી કરવા માટે ગૌ સુરક્ષા કર કાયદેસર વિચાર જણાય છે.

હિન્દુ પૌરાણિક કથાઓ અને તહેવારો એક બીજાથી જોડાયેલા છે કારણ કે મોટા ભાગના તહેવારો પૌરાણિક માન્યતાઓ પર આધારિત છે. દિવાળીથી ૧૦ દિવસ પહેલા રામ-લીલા ઉજવવામાં આવે છે જે સમગ્ર ઉત્તર ભારતમાં અત્યંત લોકપ્રિય છે. તહેવાર રામાયણમાં લોકોની ઊંડી શ્રદ્ધા દર્શાવે છે. બધા શહેરો શણગારેલા હોય છે અને કેટલીક વખત રામ-લીલાના રંગમંચ-પ્રયોગ માટે કેટલીક શેરીઓ અથવા રસ્તાઓ પણ આંશિક રૂપે અવરોધિત થાય છે, જે તે દિવસોમાં સાંજે થાય છે.તમામ શહેરો અને નગરોમાં એક મોટી રામ-લીલા મોટા મેદાનમાં કરવામાં આવે છે જે હજારો લોકોને સમાવી લે છે. સામાન્ય સમૂહોની જરૂરિયાતોને સંતોષવા માટે નાની રામ-લીલાઓ શેરીઓમાં ગોઠવવામાં આવે છે. ક્યારેક રામ-લીલા આયોજકો વચ્ચેના મતભેદોના લીધે નવા રામ-લીલા જૂથો રચાય છે.

ચિંતાજનક હકીકત એ છે કે શેરીઓમાં અને રસ્તાઓ પરના રામ-લીલાએ ટ્રાફિકની હિલચાલને ખૂબ જ મર્યાદિત કરી છે. આધુનિક સમયમાં સમગ્ર વિશ્વમાં ટ્રાફિકની મુક્ત અને ઝડપી ગતિ આવશ્યક છે. કેટલાક કિસ્સાઓમાં રામ-લીલા પણ ખાસ કરીને શેરીમાં દુકાનદારોના રોજિંદા વ્યવસાયને અસર કરે છે. દુકાનદારો રામ-લીલા આયોજકોની શક્તિથી ભયભીત થઈને તેમનો વિરોધ નથી કરી શકતા.

'મહા મંદિર' આ વિષયમાં ધ્યાન આપી શકે છે અને ખાતરી કરી શકે છે કે રામ-લીલાને એ રીતે ગોઠવવામાં આવે છે જેથી નિયમિત ટ્રાફિક સરળ રીતે ચાલે છે અને

દુકાનદારોને તેમના ધંધામાં નુકસાન નથી થતું.

મહારાષ્ટ્રમાં દર વર્ષે સપ્ટેમ્બર મહિના દરમિયાન ગણેશ વિસર્જન લોકોમાં ખૂબ પ્રખ્યાત પ્રસંગ છે. મહારાષ્ટ્રના લોકો ઘરે તેમજ પંડાલોમાં ગણેશની પૂજા કરે છે. ચાર, છ, આઠ અને દસ દિવસની પૂજા પછી તેઓ ઉપાસના કરેલ તેમની ગણેશ મૂર્તિને પાણીમાં વિસર્જિત કરવા માટે બહાર કાઢે છે. જ્યારે તેઓ પાણીમાં મૂર્તિને વિસર્જિત કરવા જાય છે ત્યારે તેઓ તેમના મિત્રો અને સંબંધીઓ સાથે સરઘસ જેવું કાઢે છે. કેટલીકવાર આ જૂથો ઘણો અવાજ કરે છે અને ટ્રાફિકને અવરોધિત કરે છે. તેમને માર્ગદર્શન આપવા અથવા તેમને સૂચવવા માટે કોઈ નથી.

ગણેશ વિસર્જનના છેલ્લા દિવસે સમગ્ર મહારાષ્ટ્રમાં રજા હોય છે, ખાસ કરીને મુંબઈમાં સરઘસોને ગંતવ્ય સુધી પહોંચવામાં કલાકો લાગી શકે છે. ટ્રાફિક માટે ચોક્કસ રસ્તાઓ અવરોધિત કરાય છે. વિસર્જન સરઘસ દરમિયાન વાતાવરણ વિશ્વાસના સાગર થી ભરાઈ જાય છે અને જોવાલાયક હોય છે. હજી પણ 'મહા મંદિર' ની ઘટનાઓને સમજવાની જરૂર છે અને નિર્ણય લેવાની જરૂર છે; કે વ્યવહારમાં કોઈ ફેરફાર થઈ શકે કે કેમ.

મુંબઈમાં કેટલાક પંડાલોએ હવે ઘણી લોકપ્રિયતા વિકસાવી છે, ત્યાં ભક્તોની લાંબી કતાર હોય છે, ક્યારેક ભક્ત માટે ગણેશની મૂર્તિ સુધી પહોંચવા માટે કલાકો લાગી જાય છે. દાનની આવક લાખો રૂપિયાની હોય છે અને ભક્તો દ્વારા ગણેશને સુવર્ણ અલંકારો પણ દાન કરવામાં આવે છે. તહેવારો સમાપ્ત થયા પછી પંડાલના આયોજકો પૈસાની આવકને તેમની ઈચ્છા મુજબ ખર્ચવા માટે સ્વતંત્ર છે. ત્યાં કોઈ ફરિયાદ નથી અને ગરીબો ને દવાઓ તેમજ મફત ભોજન જેવા ઉમદા કાર્યો માટે પૈસા ખર્ચવામાં આવે છે. એક વખત 'મહા મંદિર' સ્થપાય તે પછી, બધા પંડાલો તેના વહીવટ હેઠળ આવા જોઈએ. ઉજવણી સમાપ્ત થયા પછી પંડાલના આયોજકોએ 'મહા મંદિર' ને પૈસાની આવકને સુપરત કરવી આવશ્યક છે. તે 'મહા મંદિર' પર હોવું જોઈએ, કે પ્રાપ્ત થયેલ પૈસાનો ઉપયોગ ક્યાં કરવામાં આવે છે. હાલના દૃશ્યમાં પૈસા ગૌ સુરક્ષામાં જઈ શકે છે કારણ કે પ્રતિ વર્ષ એક લાખ કરોડ રૂપિયાની જરૂરિયાત એક મોટું કાર્ય છે.

વિવિધ ગણેશ પંડાલોના આયોજકો વચ્ચે સ્પર્ધાનો એક ઉદાર જુસ્સો હોય છે. જો એક પંડાલ દસ ફીટની ઊંચાઇ વાળી ગણેશની મૂર્તિ લાવે છે, તો બીજો ૧૨ ફીટની લાવે છે. પરિસ્થિતિ એવી ઉભરી આવી છે કે બે માળની ઇમારતની ઊંચાઇ વાળી ગણેશ મૂર્તિઓ છે. તેમને ક્રેન્સ દ્વારા લાવવામાં આવે છે અને પછી ફરી એક વાર સરઘસ દરમિયાન પાણીમાં વિસર્જિત કરવા માટે ક્રેન દ્વારા વાહનો પર મૂકવામાં આવે છે. વિસર્જન પણ ક્રેન દ્વારા કરવામાં આવે છે. આ બધી કંઈ જૂની પરંપરા નથી. પંડાલ આયોજકોમાં નકારાત્મક સ્પર્ધાને કારણે દર વર્ષે ગણેશ મૂર્તિઓની ઊંચાઈ વધતી જાય છે. કેટલીક ગણેશ મૂર્તિઓ અમુક રાજકારણીઓ અને ફિલ્મ કલાકારોની પણ છે.

આ ક્ષણે 'મહા મંદિર' એ હસ્તક્ષેપ કરવો જોઈએ. તે ગણેશ મૂર્તિઓની ઊંચાઈને પ્રતિબંધિત કરી શકે છે. બીજી મહત્વની વાત એ છે કે ઉપાસનાના હેતુ માટે મૂર્તિઓની જગ્યાએ ગણેશની તસવીરોનો ઉપયોગ કરવાનું સૂચન 'મહા મંદિર' આપી શકે છે. જૂના સમયમાં, સ્વતંત્રતા પહેલા પણ, મોટી કદના ચિત્રો છાપવામાં પણ મર્યાદાઓ હતી. આધુનિક સમયમાં ૨ડી અથવા ૩ડી છબીઓમાં પણ કોઈપણ કદની ચિત્રો છાપવી શક્ય છે. ક્યારેક ચિત્રો પણ મૂર્તિઓ કરતાં વધુ સુંદર હોઈ શકે છે. કદાચ, તહેવાર પૂરા થયા પછી ચિત્રોને

પાણીમાં નાખવાની જરૂર ન પણ પડે. ઘણા ભક્તો મોટી રકમ ચૂકવીને તહેવારના અંતે ગણેશની તસવીરો એકત્રિત કરવા માટે તૈયાર રહેશે. હરાજી પણ થઇ શકે છે અને પ્રાપ્ત થયેલ નાણાંનો ઉમદા કાર્ય માટે ઉપયોગ કરી શકાય છે.

ગણેશ મૂર્તિઓનું વિસર્જન નદીના પાણીમાં વધુ પડતા પ્રદૂષણનું કારણ બને છે તેમજ દરિયાઇ પાણીના પર્યાવરણને નુકસાન પહોંચાડે છે. તે હવે 'મહા મંદિર' માટે એક સ્થાયી દૃષ્ટિકોણ લેવાનો સમય છે અને પછી તે મુજબ લોકોને શિક્ષિત કરવાના છે.

ગણેશની મૂર્તિઓને પાણીમાં વિસર્જિત કરવાથી દર વર્ષે ઘણા જીવોનો ભોગ લેવાય છે. ઘણા ભક્તો વધુ પડતા જુસ્સામાં મૂર્તિઓને વિસર્જિત કરવા માટે ઊંડા પાણીમાં જતા રહે છે અને કિંમતી જીવન ગુમાવે છે. જ્યારે તેઓ ડૂબતા વ્યક્તિના જીવનને બચાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે કેટલાક લોકો તેમના જીવ ગુમાવે છે. દર વર્ષે અખબાર આવી વાર્તાઓથી ભરેલા હોય છે.

ગણેશ તહેવાર એવો તહેવાર છે જે સમગ્ર ભારતમાં પસાર થતા દરેક વર્ષ સાથે લોકપ્રિયતા પ્રાપ્ત કરી રહ્યો છે, તે હવે મહારાષ્ટ્રીયનનો એકાધિકાર નથી. તે માત્ર તાર્કિક છે કારણ કે ભગવાન ગણેશ બધા હિન્દુઓ માટે એક સામાન્ય પરિબળ છે, પરંતુ ઘણાં રાજ્યોમાં તેમના પોતાના અન્ય તહેવારો હોય છે જે ગણેશ તહેવાર પછી તરત જ આવે છે. ભારતીયો ક્યારેક ગૌરવ લે છે કે ભારત તહેવારોનો દેશ છે અને આખા વર્ષ દરમિયાન ભારતમાં તહેવારો ચાલતા રહે છે, પરંતુ તે દેશના આર્થિક વિકાસ માટે સારું નથી. લાખો લોકો હજુ પણ ભયંકર ગરીબી ભોગવી રહ્યા છે અને તેમની પાસે કરવા માટે કશું કામ નથી. આ ગરીબ લોકો તહેવારોમાં તેમની આજીવિકા અથવા રોજિંદા કાર્યમાંથી ભાગી જવા માટે આશ્રય શોધે છે જે દેશના જીડીપીના વિકાસ પર અસર કરે છે.

આશરે એક સદી પહેલા, ધાર્મિક પ્રવૃત્તિઓમાં લોકોની વધુ સંડોવણીને લીધે સામ્યવાદી ચળવળને વેગ મળ્યો હતો. સામ્યવાદી કાર્યકર્તાઓએ જોયું કે ગરીબ લોકો માટે ધાર્મિક પ્રવૃત્તિઓ અફીણ જેવી છે અને તેમને તેમના નિયમિત કાર્યમાંથી દૂર રાખે છે, આમ તેઓએ લોકોને તેમના ધર્મનું પાલન કરવાથી દૂર કર્યા.

હાલમાં ભારતીય વસતી ૧.૩ બિલિયનને પાર કરી ગઇ છે અને લગભગ ૭૦ કરોડ લોકો મધ્યમ આવક વર્ગની નીચે છે. દેશ ફક્ત આ લોકોને અતિરિક્ત ધાર્મિક પ્રવૃતિઓમાં તેમનો સમય પસાર કરવા ન દઈ શકે, કેટલાક નિયમિત તહેવારો હોય તો ઠીક છે. મહા મંદિરને આ બાબતમાં હસ્તક્ષેપ કરવો પડશે અને મહારાષ્ટ્ર સિવાયના રાજ્યમાં ગણેશ તહેવારના તમામ આયોજકોને નિરાશ કરવા પડશે. માત્ર મહારાષ્ટ્રીયનોને ગણેશ તહેવારને કોઈપણ રાજ્યમાં જ્યાં તેઓ મોટા પ્રમાણમાં રહે છે ત્યાં આયોજન કરવાની પરવાનગી આપવી જોઈએ.

'મહા મંદિર' ને ભારતમાં તમામ તહેવારોની વ્યવસ્થા પર સખત દૃષ્ટિકોણ રાખવો જોઈએ. તેને દરેક તહેવારોના તમામ પાસાંઓની દેખરેખ રાખવી પડશે અને ખાતરી કરવી પડશે કે ત્યાં કોઈ નાસભાગ નથી, ઉજવણી દરમિયાન લોકો ને નુકસાન થતું નથી અને વધુ પડતા ઉત્સાહને લીધે કોઈ પણ તેનું કિંમતી જીવન ગુમાવતું નથી. તે પણ જોવું જોઈએ કે ભીડનો ઉત્સાહ ઓછો છે તેથી વધુ સારી વ્યવસ્થા થઇ શકે. તહેવારના ગંતવ્યના માર્ગમાં ગોઠવેલ મફત ભોજનને નામંજૂરી આપીને જ તે શક્ય બનશે. તેને ધોરીમાર્ગ પર તમામ તીર્થયાત્રીઓની પગપાળા ગતિ પર પણ પ્રતિબંધ મુકવો પડશે, જે તમામ અધતન દેશોમાં

વ્યવહારમાં છે. તેને ગરીબ લોકોને પણ એક રૂપિયાનું દાન ન આપવા અને તેમના બાળકોની શિક્ષણ અને આરોગ્ય સંભાળમાં તેમની બચતનો વધુ સારો ઉપયોગ કરવા માટે શિક્ષિત કરવા પડશે. જો કે અમુક પ્રસંગોએ મોટી સંખ્યામાં લોકો હોય તો 'મહા મંદિર' ભક્તો પર ગૌ સુરક્ષા કર લાદી શકે છે. તે લાંબા ગાળે બધાને લાભ કરશે.

હિન્દુ મંદિરો અને આશ્રમો

સમગ્ર ભારતમાં તેમજ વિદેશમાં હજારો હિન્દુ મંદિરો છે. આશ્રમોની વૃદ્ધિ હિન્દુ ધર્મમાં એક તાજેતરની ઘટના છે. સ્વતંત્રતા પહેલા, સમગ્ર ભારતમાં થોડા જ આશ્રમો હતા. ત્યાર પછીથી આશ્રમોની સંખ્યામાં હજારો ગણો વધારો થયો છે.

 એકવાર 'મહા મંદિર', સર્વોચ્ચ હિન્દુ સત્તાના સ્થાપિત થયા પછી, તેનું મુખ્ય કાર્ય ભારત અને સમગ્ર વિશ્વમાં તમામ હિન્દુ મંદિરો તેમજ આશ્રમોનું વહીવટ કરવાનું રહેશે. સમગ્ર ભારતમાં ખૂબ જ નાના રસ્તા પરના મંદિરો, ખાનગી સ્થળોએ નાના મંદિરો તેમજ એકરો જમીન પર ફેલાયેલા ઘણા મોટા મંદિરો આવેલા છે. તે બધા મંદિરોને તેના હેઠળ લેવું એ 'મહા મંદિર' માટે એક ખૂબ જ મુશ્કેલ કાર્ય બનશે. આ સંદર્ભમાં 'મહા મંદિર' ને ચર્ચના મોડેલને અનુસરવું પડશે. 'મહા મંદિર' ને તે જોવાનું છે કે વહેલા અથવા પાછળથી દરેક મંદિર અને આશ્રમ તેના કદને ધ્યાનમાં લીધા વગર તેનાથી સંલગ્ન હોય.

હાલમાં ભારતમાં મોટા ભાગનાં મંદિરો સ્વતંત્ર છે અને અન્ય મંદિરો સાથે સંલગ્ન નથી, તેમ છતાં કેટલાક સંપ્રદાયો જેમકે સ્વામિનારાયણ સાથે સંકળાયેલા મંદિરો એક બીજા સાથે સંલગ્ન છે. હિન્દુ ધર્મના વૈષ્ણવ સંપ્રદાયના ખૂબ જ લોકપ્રિય સ્વરૂપના 'હવેલી' નામના

મંદિરો ગુજરાત, મહારાષ્ટ્ર અને ઉત્તર ભારતમાં આવેલા છે. કેટલીક હવેલીઓ એકબીજા સાથે સંલગ્ન છે પરંતુ મોટા ભાગની હવેલી સ્વતંત્ર છે.

ઘણા હિન્દુ સંપ્રદાયો હવે પેટા-સંપ્રદાયોમાં વહેંચાયેલા છે અને તેમના હેઠળ અલગ મંદિરો છે. તિરૂપતિ બાલાજી, કાશી વિશ્વનાથ, રામેશ્વરમ, બદરીનાથ, કેદારનાથ, દ્વારકાધીશ, સોમનાથ, જગન્નાથ પુરી વગેરે જેવા મુખ્ય મંદિરો છે. દ્વારકા, રામેશ્વરમ, બદરીનાથ અને જગન્નાથ પુરીમાં આવેલા ચાર આદિ શંકરાચાર્ય મંદિરોમાં ભારતના ચાર દિશાઓમાં મુખ્ય પૂજારીઓની બેઠક હોવાનું માનવામાં આવે છે. તમામ ચાર શંકરાચાર્ય એકબીજા સાથે સમકક્ષ હોવાનું માનવામાં આવે છે. જ્યારે પણ સર્વોચ્ચ હિન્દુ સત્તા અંગે ચર્ચા થાય છે, ત્યારે લોકોના મનમાં શંકરાચાર્ય આવે છે. પરંતુ, જાહેરમાં કોઈપણ શંકરાચાર્યને, ભારતના પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અથવા ઉત્તર ભાગમાં પણ, એક મુખ્ય હિન્દુ પૂજારી તરીકેનું માન મળતું નથી. શંકરાચાર્યો વચ્ચે કોઈ પણ મેળ હોય એવું જણાતું નથી, તેમજ ઘણા બધા પૂજારીઓ પણ પોતે શંકરાચાર્ય હોવાનો દાવો કરી રહ્યા છે.

મહારાષ્ટ્રના શિરડીમાં એક વિશાળ મંદિર છે જે સાંઈ બાબાની યાદમાં બનાવવામાં આવ્યું છે. તેનું વિશાળ અનુયાયી મંડળ અને રોકડ સિલક છે તેમજ સાથે ઘણા બધા કિલોગ્રામનું સોનું પણ છે. સાંઈ બાબા મંદિરના વ્યવસ્થાપક મંડળે ભક્તોની સુવિધા માટે શિરડી ખાતે એરપોર્ટ બનાવવા માટે ભારત સરકારને વિનંતી કરી છે. કેટલાક હિન્દુ પૂજારીઓએ વિવાદ ઊભો કર્યો છે કે હિન્દુઓએ સાંઈ મંદિરની મુલાકાત લેવી જોઈએ નહીં કારણ કે સાંઈ બાબા પોતે એક મુસ્લિમ હતા, ભલે તેમના ઘણા બધા હિન્દુ અનુયાયીઓ હતા.

થોડા વર્ષો પહેલા મોટાભાગના નાના હિન્દુ મંદિરો ભગવાન ચોક્કસ હતા. કેટલાક શિવ, કેટલાક હનુમાન, કેટલાક ગણેશ, કેટલાક દુર્ગા અને બીજા ઘણા ચોક્કસ હિન્દુ દેવ સાથે સંકળાયેલા હતા. અન્ય હિન્દુ દેવતાઓના ભક્તોને આકર્ષિત કરવા માટે, મોટાભાગના

નાના હિન્દુ મંદિરોમાં મુખ્ય મૂર્તિ ઉપરાંત અન્ય હિન્દુ દેવતાઓની મૂર્તિઓ છે. હનુમાન મંદિરમાં હવે દુર્ગા, ગણેશ, શિવ વગેરેની મૂર્તિઓ છે. તેવી જ રીતે શિવ મંદિરમાં હવે હનુમાન, ગણેશ, દુર્ગાની મૂર્તિઓ છે. છેલ્લા બે દાયકાઓમાં ભારતની તાજેતરની હિન્દુઓની ઘટનામાં શનિ દેવતાની ભક્તિ છે. પહેલા ભારતના જુદા જુદા ભાગોમાં થોડા જ શનિ મંદિરો હતા, પણ હવે ભારતીય શહેરોમાં હજારો શનિ મંદિરો છે. ભારતના મોટાભાગના શહેરોમાં પણ સાંઈ બાબા મંદિરો છે. કેટલાક શહેરોમાં ૨૦ ફૂટ અથવા તેનાથી વધુની ઊંચાઇવાળી સાંઈ બાબાની મૂર્તિ તમને જોવા મળી શકે છે. હિન્દુ ભક્તોને હિન્દુ દેવતાઓ અને દેવીઓની મોટી -મોટી કદની મૂર્તિઓ ગમે છે. મોટું કદ, એટલે વધુ અનુયાયીઓ અને વધુ પૈસા.

કોઈપણ કેન્દ્રિય હિન્દુ સત્તા અથવા કોઈ વિનિયમન સત્તાના અભાવમાં હિન્દુ મંદિરો દેશના દરેક ખૂણામાં બની રહ્યા છે. કેટલીકવાર શેરીના ૩- ૪
ચાલાક લોકોનું જૂથ રસ્તાની બાજુએ, એક હિન્દુ દેવતાની મૂર્તિ મૂકી દેશે અને હિન્દુ ભક્ત એ મૂર્તિની મુલાકાત લેવા અને તેની પૂજા કરવાનું શરૂ કરી દેશે. એવી પણ ઘટનાઓ થાય છે જેમકે,વીજળીના કરંટ ને લીધે વાનરનું મોત થયું હોય - તો ત્યાં એક "કરંટવાલે હનુમાનજી" નામનું નાનું મંદિર બનાવી દેવામાં આવશે. આવા મંદિર પણ ભક્તોની સારી એવી સંખ્યાને આકર્ષે છે.

સમગ્ર ભારતમાં હિન્દુ મંદિરોનું વહીવટ 'મહા મંદિર' માટે મુશ્કેલ અને પડકારરૂપ કાર્ય બનશે. સર્વોચ્ચ હિન્દુ સત્તાએ કદને ધ્યાનમાં લીધા વિના દરેક મંદિરના ભૂતકાળની જાણકારી મેળવવી પડશે. થોડા શેરીઓના પૈસાના લોભી લોકોને લીધે જે નાના મંદિરો બનાવ્યા છે તેને કોઈપણ વિલંબ કર્યા વગર જમીનદોસ્ત કરી દેવા પડશે. આ મંદિરો શહેરો અને નગરોમાં વાહનોના ટ્રાફિકમાં અવરોધ બને છે. 'મહા મંદિર' એ લોકોને શિક્ષિત કરવું જ પડશે કે આધુનિક સમયમાં વાહનોનું ટ્રાફિક નું સંચાલન અત્યંત પ્રાધાન્ય છે.

શેરીમાં નાના અથવા મધ્યમ કદના હિન્દુ મંદિરના ભૂતકાળની જાણકારી મેળવતી વખતે સત્તાવાળાઓને આવા મંદિરોના બાજુમાં રહેતા લોકો પાસેથી ઘણી ફરિયાદો સાંભળવા મળશે. શેરીમાં કેટલાક ખૂબ નાના મંદિરો સમય જતાં મોટા થયા છે અને કાયદેસર અથવા ગેરકાયદેસર રીતે નજીકની જગ્યાઓને હસ્તગત કરી છે. જ્યારે ભક્તોનું ટ્રાફિક વધે છે, ત્યારે વાહનોનું ટ્રાફિક પણ વધે છે. ત્રણ-ચાર દાયકા પહેલા દેશમાં બે અથવા ચાર પૈડાવાળા ઘણા ઓછા વાહનો હતા. પણ હવે પુષ્કળ પ્રમાણમાં છે. આ નાના મંદિરોમાં કોઈ પાર્કિંગની જગ્યા હોતી નથી. મંદિરના સત્તાવાળાઓ અને પડોશીઓ બંને આ બાબતે પોતાને અસહાય માને છે. 'મહા મંદિર' સત્તાવાળાઓને તે જોવાનું છે કે કોઈપણ મ્યુનિસિપલ જમીન પર ગેરકાયદેસર કબજો નથી. જ્યારે મંદિર મ્યુનિસિપલ જમીન પર બને છે ત્યારે મ્યુનિસિપલ કર્મચારીઓ પણ આ બાબતને અવગણે છે, કારણકે આ બાબત ધાર્મિક છે. 'મહા મંદિર' ને કોઈની તરફેણ કરવાની નથી અને તેને એ જોવાનું છે કે મંદિરના પડોશમાં લઘુતમ અવરોધો આવે.

મધ્યમ અને મોટા મંદિરોના કિસ્સામાં, તેમના સંચાલકોની સામાન્ય રીતે નાગરિક સત્તાવાળાઓ તેમજ પોલીસ વિભાગ સાથે સારી લાગવગ હોય છે. ઘણા કિસ્સાઓમાં સ્થાનિક સત્તાવાળાઓ અથવા રાજ્ય સરકાર ખૂબ જ નજીવી રકમ પર જમીનને ભાડા પર લે છે, મંદિરના સત્તાવાળાઓ રસ્તાની બાજુમાં દુકાનો બનાવે છે અને તેમને ભાડે આપે છે. ચેરિટી કમિશનર સામાન્ય રીતે આ પ્રથાનો વિરોધ કરતા નથી. મંદિરોની નજીકના વાહનોનું ટ્રાફિક, ભક્તોની ભીડ અને મંદિર દ્વારા ભાડે અપાયેલ દુકાનોની મુલાકાત લેનારા ગ્રાહકોને કારણે બમણું અથવા કેટલીક વાર ત્રણગણું થઇ જાય છે. આધુનિક સમયમાં, મંદિરો દ્વારા ભાડે અપાયેલ દુકાનોમાં "પાગરી" ની સારી રકમની કમાણી કરે છે. આ શબ્દ ભાડેથી લેવાયેલી

દુકાનના ગેરકાયદેસર ટ્રાન્સફર માટે વપરાય છે. 'પાગરી' નો અમુક ભાગ મંદિર સત્તાવાળાઓને જાય છે. 'મહા મંદિર' ને તે જોવું પડશે કે સમગ્ર ભારતના કોઈપણ મંદિરોમાં ભાડે અપાયેલ કોઈ દુકાનો ન હોવી જોઈએ. દુકાનોના કબજેદારોને પોતાને માટે વૈકલ્પિક વ્યવસાય સ્થળ શોધવા માટે છ મહિના કે તેથી વધુના ચોક્કસ સમયગાળા ની નોટિસ આપવી પડશે. 'મહા મંદિર' ને દુકાનદારોને વળતર આપવાની જરૂર નથી. ખાલી થયેલ જગ્યાને વાહનોની પાર્કિંગ માટે વાપરી શકાય છે.

રહેણાંક વિસ્તારોમાં, મ્યુનિસિપલ સત્તાવાળાઓ માલિકોના તેમજ રહેણાંક સંકુલના મુલાકાતીઓના વાહનોની પાર્કિંગ જગ્યા માટે પૂછે છે. મંદિરોના કિસ્સામાં, મુલાકાતીઓના તમામ વાહનોને સમાવવાનું શક્ય નથી પરંતુ 'મહા મંદિર' એ જોવું પડશે કે મંદિરના પરિસરમાં ખુલ્લી જગ્યાઓ કેન્ટિન અથવા ગેસ્ટ હાઉસની સુવિધાઓ બનાવાના હેતુઓ માટે અધિકૃત કરવામાં આવતી નથી. 'મહા મંદિર' ને મંદિરની સંભાળ રાખતા પૂજારી માટે આવાસ પરના નિયમો બનાવવા પડશે. આવાસનું કદ ન્યૂનતમ હોવું જોઈએ.

કેટલાક મોટા મંદિરો દરરોજ હજારો ભક્તોને આકર્ષિત કરે છે. આ મંદિરો અમુક અંશે સ્વયંશાસિત હોય છે. આ મંદિરોમાં મોટું ભંડોળ અને સોનું પણ અર્પણ કરવામાં છે. તેમની પાસે એટલું સોનું છે કે તેમને સરકારની પાસે કેટલીક યોજના હેઠળ જમા કરાવવું પડે છે. કેટલાક મંદિરોની હજારો કરોડની મુદતી થાપણ છે. કેટલાક મંદિરો શૈક્ષણિક સંસ્થાઓ ચલાવી રહ્યા છે અને તેમાંના કેટલાક હોસ્પિટલો પણ ચલાવે છે.

જ્યારે 'મહા મંદિર' અસ્તિત્વમાં આવશે ત્યારે તમામ સ્વાયત્ત મોટા મંદિરોને તેના હસ્તક લેવાનું કાર્ય તેના માટે એક મોટી પડકાર બની રહેશે. એકવાર ફરીથી અહીં 'મહા મંદિર' ને કેટલાક નિયમો અને શરતો મુકવી પડશે. તેને સંબંધિત મંદિરના દરેક પૂજારી તેમજ સ્ટાફના ભૂતકાળની જાણકારી મેળવવી પડશે અને જો કોઈ ગુનેગાર મળે તો તેને બહાર નીકાળવો પડશે. ગૌ સુરક્ષા માટે જરૂરી ભંડોળ જે દર વર્ષે લગભગ એક લાખ કરોડ છે તેને પહોંચી વળવા માટે આ મોટા મંદિરો ખૂબ ઉપયોગી બનશે. 'મહા મંદિર' ને એ જોવાનું છે કે દૂરના સ્થળોથી મધ્યમ આવક જૂથથી નીચેના સામાન્ય લોકો મંદિરની મુલાકાત લેતા નથી. જે લોકો આવકવેરા કરદાતા નથી તેમને મંદિરમાં એક પણ રૂપિયાનું દાન આપવું નહીં તેવી લોકોને વિનંતી કરતા સાઇન બોર્ડ તેને આવા બધા મંદિરોમાં મુકવા જોઈએ. તેઓએ સામાન્ય લોકોને તેમના બાળકના શિક્ષણ અને આરોગ્ય સંભાળ પર સાચવેલા નાણાંનો ઉપયોગ કરવાની વિનંતી કરવી જોઈએ.

'મહા મંદિર' એ પણ જોવું પડશે કે મુલાકાતીઓને કોઈ મફત ભોજન આપવામાં આવતું નથી. વાસ્તવમાં નિયમિત મુલાકાતીઓને ભોજન આપવું તે મંદિરોનું કાર્ય નથી. અઠવાડિયામાં એક વાર સંપૂર્ણ ગૌરવ સાથે મંદિરોને ગરીબ લોકોને મફત ભોજન આપવાની છૂટ આપવામાં આવી શકે છે. દરરોજ મુલાકાતીઓને ભોજન આપવાથી મંદિરમાં ભક્તોની સંખ્યામાં વધારો થાય છે, પરંતુ તે સ્થાનિક નાગરિક સત્તાવાળાઓ માટે ઘણાં અવરોધો ઊભા કરે છે. 'મહા મંદિર' એ સામાન્ય જનતાને શિક્ષિત કરવું પડશે કે તેઓ વારંવાર દૂરના મંદિરોની તીર્થયાત્રા ન કરે. તેમને શિક્ષિત કરવું પડશે કે તેઓએ ફક્ત સ્થાનિક મંદિરોની મુલાકાત લેવી જોઈએ અને દૂરના પ્રવાસમાં ખર્ચાતા નાણાં બચાવવા જોઈએ.

'મહા મંદિર' ને એ જોવાનો પ્રયત્ન કરવો જોઈએ કે બધા મંદિરો સારી રીતે સંચાલિત થઇ રહ્યા છે અને ભક્તોના હક્ક સુરક્ષિત છે. મંદિરોની સલાહથી 'મહા મંદિર' એ, મંદિરોની રોજિંદા આવકમાંથી ગૌ સુરક્ષા ભંડોળ પ્રત્યે યોગદાનની ટકાવારી અંગે નિર્ણય લેવો પડશે.

ભારત હવે ઝડપથી વૃદ્ધ થઈ રહ્યું છે, ૬૦ થી વધુ વયના વય જૂથમાં ૧૧ કરોડથી વધુ લોકો છે. આ આંકડો વર્ષ ૨૦૩૦ સુધીમાં બમણો થઇ જશે એવું માનવામાં આવી રહ્યું છે. તે

સમગ્ર વિશ્વમાં જોવા મળ્યું છે કે વૃદ્ધાવસ્થામાં લોકો તેમનો સમય પસાર કરવા ધર્મ તરફ વળે છે. મધ્યમ અને મોટા કદના મંદિરોમાં વડીલો માટે આવશ્યક જગ્યા હોવી જોઈએ જેથી તેઓ દરરોજ ભજન-કીર્ટનમાં શામેલ થઈ શકે. કેટલાક મંદિરો પહેલેથી જ આમ કરે છે પરંતુ 'મહા મંદિર' એ જોવું પડશે કે બધા મંદિરો વડીલોને આવી જગ્યા આપે છે.

‘મહા મંદિર’ ને સમગ્ર ભારતના દરેક મંદિર તેમજ વિદેશમાં હિન્દુ મંદિરોનું ધ્યાન રાખવું પડશે. દર વર્ષે ગૌ સુરક્ષા માટે એક લાખ કરોડની જરૂર પડશે. આ રકમ દરરોજ ૫૦૦ કિ.મી. માર્ગને આવરી લેતી એક બુલેટ ટ્રેન પરના એક વખતના ખર્ચની સમકક્ષ છે. હિન્દુ મંદિરોને ગૌ સુરક્ષા ભંડોળમાં મુખ્ય ફાળો આપનારા બનવું જોઈએ, તેથી 'મહા મંદિર' એ પ્રત્યેક મંદિરના કામ પર નજર રાખવી જોઈએ. તેને તે જોવું પડશે કે ભક્તો દ્વારા દાન કરવામાં આવેલા નાણાં નકામા જતા નથી અને બધા વધારાના ભંડોળ ગૌ સુરક્ષા ભંડોળમાં તબદીલ થાય છે. 16275 32150

ઘણાં હિન્દુ મંદિરોની કરોડોની મુદતી થાપણ બેન્કોમાં છે. 'મહા મંદિર' ને એ જોવું પડશે કે આ ભંડોળને ગૌ સુરક્ષા ભંડોળમાં તબદીલ કરી શકાય. મંદિરો પાસે કરોડોનું મૂલ્ય ધરાવતું સોનું પડું છે. કેટલાક સોનાનો ઉપયોગ 'મહા મંદિર' ના નિર્માણમાં પણ કરવો પડશે.

અગાઉ ચર્ચા કરી તેમ 'મહા મંદિર' એ મધ્યમ આવક જૂથો કરતાં ઓછી કમાણીવાળા ભક્તોને દાન કરતા રોકવા જોઈએ. આવા ભક્તોને તેમના બાળકોના શિક્ષણ અને આરોગ્ય સંભાળ પર નાણાંનો ઉપયોગ કરવા માટે શિક્ષિત કરવા જોઈએ. મોટાભાગના મંદિરો વધુને વધુ ભક્તોને આકર્ષિત કરવા ભક્તોને મફત ભોજન આપે છે. 'મહા મંદિર' એ તેમને આ પ્રથાને રોકવા માટે કેહવું જોઈએ; અને તેના બદલે મંદિરોએ અઠવાડિયામાં એકવાર સ્થાનિક ગરીબ લોકોને મફત ભોજન આપવું જોઈએ.

'મહા મંદિર' ના પ્રયત્નોથી મધ્યમ અને મોટા મંદિરોમાં વધારાની જગ્યા બચશે, આ જગ્યાઓનો બીજો સારો ઉપયોગ સાદા હિન્દુ લગ્નો ગોઠવવા માટે થઈ શકે છે. આખા ભારતમાં ફેલાયેલા ઘણા આર્ય મંદિરો આ સેવાઓ પ્રદાન કરે છે. કોઈ હિન્દુ મંદિરોમાં રાત્રી રોકાણ માટે આવાસ હોવા જોઈએ નહીં; મંદિરોનું વ્યવસ્થાપક મંડળ ભક્તો ઉપર તેમનો પ્રભાવ વધારવા માટે આ સેવાઓ આપે છે.

'મહા મંદિર' એ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારને સલાહ આપવી જોઈએ કે, રાષ્ટ્રીય હાઇવે તેમજ રાજ્ય હાઇવે પર કોઈપણ પદયાત્રાને મંજૂરી આપવી નહીં. તે મંદિરોનું બિનજરૂરી ટ્રાફિક ઘટાડે છે અને વાહનોના નિયમિત ટ્રાફિકને સરળ બનાવવા માટે મદદ કરે છે. 'મહા મંદિર' એ પણ જોવું પડશે કે ચેરિટી ગ્રૂપ મંદિરોના માર્ગ પર યાત્રાળુઓને મફત ભોજન આપતા નથી, તેના બદલે તેઓએ સીધી રીતે ગૌ સુરક્ષા ભંડોળમાં નાણાં મોકલવા જોઈએ. કેટલાક મંદિરોમાં દર વર્ષે સંખ્યાબંધ લોકો નાસભાગમાં તેમના મૂલ્યવાન જીવન ગુમાવે છે. યાત્રાળુઓના અવરજવરની દેખરેખ રાખવાના કાર્ય માટે 'મહા મંદિર' પાસે એક અલગ વિભાગ હોવો જોઈએ.

ભારતમાં ગમે ત્યાં બની રહેલા કોઈપણ નવા હિન્દુ મંદિર પાસે 'મહા મંદિર' ની પરવાનગી હોવી જોઈએ. 'મહા મંદિર' સત્તાવાળાઓએ તે જોવું પડશે કે જમીન કાયદેસર રીતે હસ્તગત કરવામાં આવી છે અને બાંધકામ સ્થાનિક નાગરિક કાયદા મુજબ છે. તેમાં બે પૈડાં તેમજ ચાર પૈડાંના વાહનો માટે પૂરતી પાર્કિંગની જગ્યાઓ હોવી જોઈએ. કોઈપણ મંદિરના પડોશી પાસે ફરિયાદ કરવા માટે કોઈ કારણ હોવો જોઈએ નહીં. 'મહા મંદિર' ના પૂર્વ મંજુરી

વિના નવું મંદિર બનાવવામાં આવે તો બાંધકામને તોડી નાખવા માટે 'મહા મંદિર' એ સ્થાનિક નાગરિક સત્તાવાળાઓ સમક્ષ ફરિયાદ દાખલ કરવી જોઈએ.

સમગ્ર ભારતમાં આશ્રમનો ફેલાવો એ સ્વાતંત્ર્ય પછીના છેલ્લા સાત દાયકા દરમિયાનની એક નવી ઘટના છે. મોટાભાગના કિસ્સાઓમાં રાજકારણીઓના પ્રભાવને લીધે ગુરુઓ અથવા મહાત્માને રાજ્ય સરકાર દ્વારા મફત જમીન ફાળવવામાં આવે છે. આ સ્વતંત્રતા પહેલા શક્ય ન હતું. કેટલાક આશ્રમો ૧૦૦ એકર જમીનથી વધુમાં ફેલાયેલા છે. કેટલાક ચોક્કસ આશ્રમોની જમીનનું મૂલ્ય કરોડો થઈ ગયું છે કારણ કે જ્યારે તેઓ બાંધવામાં આવ્યા હતા ત્યારે તેઓ શહેરની બહાર હતા અને શહેરી વિસ્તારોના ફેલાવાને કારણે તે હવે શહેરનો એક ભાગ છે.

ભારતના બધા આશ્રમોને આવરી લેવું એ 'મહા મંદિર' માટે એક મોટું કાર્ય બનશે. મોટાભાગના ગુરુઓ અને મહાત્મા જે આશ્રમના કબજેદાર છે, તેઓ પાસે રાજકીય લાગવગ છે. તેઓને તેમની પર નિરીક્ષણ રાખતા અધિકારી પસંદ નહીં આવે અને 'મહા મંદિર' માટે તમામ અવરોધો પેદા કરશે. ખ્રિસ્તી ધર્મ અથવા ઇસ્લામ જેવા ધર્મોમાં કોઈ પણ પ્રકારનાં આશ્રમ હોતા નથી, ફક્ત હિન્દુ ધર્મમાં જ હોય છે.

તાજેતરના છેલ્લા બે દાયકાઓમાં કેટલાક આશ્રમના અનુયાયીઓની ફરિયાદો છે કે આશ્રમની સંભાળ રાખતા ગુરુઓ અથવા મહાત્મા ભક્ત સાથે જાતીય સંબંધ બાંધે છે. આ કેસ અદાલતમાં ગયા છે અને થોડા મહાત્માઓને લાંબા કાનૂની યુદ્ધ પછી દોષી ઠેરવવામાં આવ્યા છે. તાજેતરમાં જ ઓલ ઇન્ડિયા અખર પરિષદે નકલી મહાત્માઓની યાદી જારી કરી છે.

જ્યારે પણ મહાત્માઓ અથવા ગુરુઓ વિરુદ્ધ ફરિયાદ થાય છે ત્યારે, જે રાજકારણીઓ તેમના આશ્રમના નિયમિત મુલાકાતીઓ હોય છે તેઓ ભક્તોને દોષિત ઠેરવે છે કે તેઓએ કાળજી લેવી જોઈએ. જયારે 'મહા મંદિર' હિન્દુ ધર્મના ઉચ્ચ સત્તાના સ્થાન પર હશે, ત્યારે બધા હિન્દુ ભક્તોના હિતમાં સેવા આપવાની તેની ફરજ છે. તેથી, તે આવશ્યક છે કે બધા હિન્દુ મંદિરો સાથે, સમગ્ર ભારતમાં ફેલાયેલા આશ્રમો પણ 'મહા મંદિર' હેઠળ હોય.

હરિયાણા અને પંજાબમાં સેંકડો ડેરા આશ્રમો છે. ડેરા આશ્રમોનું નેતૃત્વ કરનારા ઘણા પૂજારીઓ શીખ સમુદાયના છે પરંતુ તેઓ કોઈ પણ શીખ ધર્મના સત્તાથી જોડાયેલા નથી. તે ડેરા આશ્રમો જેમાં પચાસ ટકા કરતા વધારે હિન્દુ અનુયાયીઓ હોય અને કોઈ પણ શીખ ધાર્મિક સંગઠન સાથે સંકળાયેલા નથી, તેમને 'મહા મંદિર' ના છત્ર હેઠળ હોવું જોઈએ. હિન્દુ ભક્તોના હિતોનું રક્ષણ કરવું જરૂરી છે. શક્ય છે કે કેટલાક ડેરા આશ્રમોના મહાત્માઓ અમુક શીખ ધાર્મિક સંગઠન સાથે જોડાવાની ઝડપ કરશે, જેથી તેઓ 'મહા મંદિર' હેઠળ ન આવે. જો સામાન્ય લોકોની શીખ ધર્મ સાથે જોડાયેલા ડેરા આશ્રમ ગુરુ દ્વારા કરવામાં આવતા કોઈપણ ગેરવર્તન વિશે કોઈ ફરિયાદ હોય તો, 'મહા મંદિર' બધા હિન્દુ ભક્તોને આવા ડેરા આશ્રમની મુલાકાત ન લેવા માટે સલાહ આપી શકે છે, તેથી તેમના હિતો સુરક્ષિત રહે.

સેંકડો સાંસદો, ધારાસભ્યો અને સ્થાનિક નાગરિક મંડળના સભ્યો છે જેની સામે કાનૂની કોર્ટના કેસો ચાલી રહ્યા છે. આ કેસ વર્ષો સુધી, કેટલીકવાર દાયકાઓ સુધી ચાલે છે. તેઓ કુદરતી ન્યાયનોં આશ્રય લે છે કે જ્યાં સુધી તે/તેણી કાયદા દ્વારા દોષિત ઠરાવવામાં ન આવે ત્યાં સુધી કોઈ પણ નિર્દોષ છે. તાજેતરમાં ભારતના સુપ્રીમ કોર્ટે એક સૂચન કર્યું છે કે આવા જાહેર સેવકો સામેના કેસોમાં ઝડપી પગલાં લેવા જોઈએ જેથી ફોજદારી લોકો, લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિના અધિકારમાં કામ કરવાનું ચાલુ ન રાખે. ગુરુઓ અને મહાત્માઓ જેમની વિરુદ્ધ

કોઈપણ અદાલતમાં કેસ ચાલુ છે તે ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા આવરી લેવા જોઈએ જેથી તેમના ભક્તો સલામત રહે. હિન્દુ ભક્તોને કોઈ ચોક્કસ મહાત્માઓ અથવા ગુરુ વિરુદ્ધ અદાલતમાં કેસ ચાલી રહ્યો હોય તેના વિશે માહિતી આપવા માટે 'મહા મંદિર' ને પદ્ધતિ વિકસાવવી આવશ્યક છે. અદાલતનો કેસ ચાલી રહ્યો હોય તો આશ્રમને તમામ મુલાકાતીઓની તેની સૂચના આપવી ફરજિયાત છે. આ કરવાથી જો મહાત્માઓ અથવા ગુરુ દોષિત ન હોય તો, તેમના વિરુદ્ધ ચાલતા કેસનો ઝડપી નિકાલ કરવા માટે તેઓને ફરજ પાડશે. ગુરુ અથવા મહાત્માઓને, જ્યાં સુધી અદાલત આરોપમુક્ત ન કરે ત્યાં સુધી ચોક્કસપણે તેંમના અનુયાયીઓને દુઃખ થશે. ભક્તોના હિતની સુરક્ષા માટે આ પ્રથા ખૂબ જ જરૂરી છે જે 'મહા મંદિર' ની મુખ્ય જવાબદારી છે.

જેમ અગાઉ ઉલ્લેખ કરાયો છે તેમ, 'મહા મંદિર' એ બધા ગુરુઓ અને મહાત્માઓ તેમજ તેમના સ્ટાફ સભ્યોના ભૂતકાળ વિશે જાણકારી મેળવવી જોઈએ. જો કોઈ ગુનેગારોના રેકોર્ડવાળી વ્યક્તિ હોય, તો 'મહા મંદિર' એ તેમને કાયદાની અદાલતમાં લઇ જવા જોઈએ. 'મહા મંદિર' ને પ્રત્યેક આશ્રમના ઇતિહાસની ઊંડાણપૂર્વક જાણકારી મેળવવી જોઈએ, અને શરૂઆત જમીન ફાળવણીથી કરવી જોઈએ. તેને જોવું પડશે કે આશ્રમ દ્વારા જમીનનું કોઈ ગેરકાયદેસર રીતે અતિક્રમણ નથી થયું. ઘણા ગુરુઓ અને મહાત્માઓ પાસે તેમના પ્રતિબદ્ધ ભક્તોના રૂપમાં જબરદસ્ત સ્નાયુ શક્તિ હોય છે અને તેઓ નજીકની જમીનનું અતિક્રમણ કરે છે. રાજકારણીઓ અને સંબંધિત અધિકારીઓ ક્યારેક ગુરુ અથવા મહાત્માઓ સાથેના સારા સંબંધોના કારણે જમીનના આ અતિક્રમણનો વિરોધ કરતા નથી. 'મહા મંદિર' એ આ સંદર્ભમાં કોઈ દયા બતાવવી જોઈએ નહીં. હકીકતમાં આશ્રમના પડોશમાં રહેલા લોકોની ફરિયાદો સાંભળવા માટે તેને પદ્ધતિ વિકસાવવી જોઈએ.

'મહા મંદિર' ને આશ્રમના આચરણ માટેના નિયમો અને નિયમનો બનાવવા પડશે.

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે હિન્દુ સમુદાયની માંગ હોય છે કે તેમના રોજિંદા જીવનમાં ચમત્કારો થાય અને તે માંગના કારણે તેઓ ગુરુ અથવા મહાત્માઓ સાથે નિકટતા સાધે છે. તેઓ એ છાપ હેઠળ છે કે ગુરુ અથવા મહાત્માઓ કોઈક ચમત્કાર કરશે અને તેમને તેમના દુ:ખમાંથી રાહત આપશે અથવા તેમના વ્યવસાયમાં અથવા વધુ સારું જીવન જીવવામાં મદદ કરશે. ભક્તો જેવા ગુરુ શોધી રહ્યા છે, તેવી છાપ પેદા કરવામાં ઘણા મહાત્માઓ સફળ થયા છે.

રાજકારણીઓ અને ધનિક વ્યવસાયી માણસ આવા ગુરુના અનુયાયીઓમાં જોડાય છે. અનુયાયીઓમાં વૃદ્ધિ થાય છે અને ગુરુ પાન ઇન્ડિયા અપીલ પ્રાપ્ત કરે છે. તે અન્ય શહેરોમાં વધુ આશ્રમ માટે જમીન માટે અરજી કરે છે અને રાજકારણીઓ સાથેના તેમના સંપર્કોના કારણે તેમને જમીન ફાળવવામાં આવે છે. સફળતા વધુ સફળતા લાવે છે. રસપ્રદ વસ્તુ એ છે કે ભલે ગુરુ દ્વારા કોઈ ભક્તને છેતરવામાં આવે તો પણ તે અન્ય લોકોને એ ડરથી કહેતો નથી કે સમાજ તેને મૂર્ખ ગણશે. કેટલાક કિસ્સાઓમાં ગુરુ અથવા મહાત્મા એટલા શક્તિશાળી બની જાય છે કે જો કોઈ ભક્ત તેના વિશે ફરિયાદ કરે તો તે તેને ભયંકર પરિણામો ભોગવવાની ધમકી આપે છે. તે સમય સુધીમાં ગુરુ અથવા મહાત્માનું, તેના આદેશોને અનુસરવા માટે તૈયાર હોય તેવા લાભાર્થીઓનું નજીકનું સર્કલ બની ગયું હોય છે. કેટલાક ભક્તો જેઓ ભોગ બન્યા છે તેઓએ ભૂતકાળમાં કેટલાક ગુરુઓ સામે ફરિયાદ નોંધાવવાની હિંમત કરી છે. ન્યાયમાં વિલંબ થયો છે, પરંતુ કેટલાક ગુરુને દોષી ઠેરવવામાં આવ્યા છે.

હવે 'મહા મંદિર' ની ભૂમિકા આવે છે. અત્યાર સુધી હિન્દુ ધર્મમાં કોઈ સર્વોચ્ચ સત્તા ન હતી. 'મહા મંદિર' એ ગુરુઓ અથવા મહાત્માઓને સેવા આપનાર તરીકે ગણવા જોઈએ. ભક્તોને ગ્રાહકો તરીકે ગણવા જોઈએ. 'મહા મંદિર' એ કોઈ પણ હિન્દુ ધાર્મિક સ્થળની મુલાકાત લેનારા બધા ભક્તોની રક્ષા કરવી જોઈએ, પછી ભલે તે મંદિર અથવા આશ્રમ હોઈ શકે છે. અગાઉ સૂચિત

કર્યું તેમ 'મહા મંદિર' એ દરેક ગુરુ અથવા મહાત્માઓ અને તેમની અને તેમના અનુયાયીઓની સેવા કરતા સ્ટાફના ભૂતકાળ વિશે જાણકારી મેળવવી જોઈએ . 'મહા મંદિર' ની ભૂમિકા ત્યાં પૂરી થતી નથી. આશ્રમની પ્રત્યેક પ્રવૃત્તિ પર તેને સતત દેખરેખ રાખવી પડશે.

હિન્દુઓ સહિતના તમામ ભારતીયોની એક મોટી નબળાઈ તે છે કે તેઓ લોકોની વાતોથી પ્રભાવિત થઇ જાય છે. તેઓ કોઈ વ્યક્તિને તેના કરેલા કાર્યો પર નહીં પરંતુ તેની વાતો પર રેટ કરે છે. જો કોઈ વ્યક્તિ સારી વક્તા છે, તો જનતાના જીવનમાં તેની સફળતાની શક્યતા બીજા કોઈ કરતાં વધુ છે. રાજકારણીઓ તેમજ ગુરુઓ, મહાત્માઓ અને ઠગના કિસ્સામાં તે સાચું છે. કોઈ આશ્ચર્ય નથી, ઘણા લોકો ભારતીયોની આ પ્રકારની નબળાઈનો લાભ લે છે.

જ્યારે હિન્દુ ધર્મના સર્વોચ્ચ સત્તા તરીકે 'મહા મંદિર' હશે, ત્યારે ગુરુ અથવા મહાત્મા અથવા મંદિરના પૂજારી તરીકે દાખલ થયેલા ખોટા લોકોને સફળતા મળશે નહીં. અત્યાર સુધી ઘણા ગુરુ, મહાત્મા અને પૂજારીઓએ સંત, બાબા, ગુરુ, મહા ગુરુ, સદગુરુ અને વગેરે જેવા શિર્ષકોની ઘોષણા પોતે જ કરી છે. 'મહા મંદિર' માટે આવશ્યક છે કે સંત, બાબા, ગુરુ, વગેરે જેવા કોઇ પણ શીર્ષકની પાત્રતા માટે અમુક માપદંડો નક્કી કરે. જ્યારે કોઈ વ્યક્તિને બાબા, ગુરુ, વગેરેનું શિર્ષક આપવામાં આવે ત્યારે 'મહા મંદિર' એ જાહેર કરવું જોઈએ. ‘મહા મંદિર’ એ બધા હિન્દુઓને શિક્ષિત કરવું આવશ્યક છે કે જ્યાં સુધી સર્વોચ્ચ સત્તા દ્વારા કોઈ શીર્ષક આપવામાં આવે નહીં ત્યાં સુધી તેઓ ધાર્મિક રીતે કોઈની પણ પરોણાગત ન કરે. આ પ્રકારની પ્રથાની માંગ પહેલેથી જનતા દ્વારા કરવામાં આવી છે પરંતુ લોકો સર્વોચ્ચ હિન્દુ સત્તાની ગેરહાજરીથી અસહાય છે.

આશ્રમના કામ પર પાછા આવીએ તો, કદાચ જો ગણવામાં આવે તો, ભારતભરના આશ્રમો મંદિરોની કુલ જમીન કરતાં વધુ જમીન ધરાવે છે. આશ્રમના ફેલાવાની બાબતમાં મહા મંદિરને ઊંડાણપૂર્વક જવું પડશે. મોટા ભાગનાં કિસ્સામાં જમીન રાજ્ય સરકાર દ્વારા મફત અથવા ખૂબ જ નજીવા ભાડાની રકમ પર ફાળવવામાં આવે છે. 'મહા મંદિર' સત્તાવાળાઓએ આકારણી કરવી જ પડશે કે ચોક્કસ આશ્રમને તેની પાસે રહેલી જમીનમાંથી કેટલી જમીનની જરૂર છે. કોઈ પણ આશ્રમનો મુખ્ય ઉદ્દેશ ઉપદેશોના રૂપમાં ગુરુ અથવા મહાત્માની વિચારસરણી ફેલાવવાનો હોઈ શકે છે. એક ગુરુને હજાર લોકોથી વધુ પ્રેક્ષકો માટે સભાગૃહની જરૂર નથી. હાલમાં ઘણા આશ્રમમાં મુખ્ય ગુરુની સેવા કરતા ભક્તો તેમજ કર્મચારીઓ માટે આવાસની સુવિધાઓ છે. હિન્દુ ધર્મના સર્વોચ્ચ સત્તાની ગેરહાજરીને લીધે સમગ્ર ભારતમાં મોટાભાગના આશ્રમો સમૃદ્ધ થયા છે. 'મહા મંદિર' એ એવા આશ્રમોને કોઈ દયા બતાવવી જોઇએ નહીં, જે જરૂર વગર સ્થપાયા છે. 'મહા મંદિર' ટોટો અથવા ભાગમાં આશ્રમ પાસેથી ફાળવેલ જમીન ફરીથી મેળવવા માટે રાજ્ય સરકારને ભલામણ કરી શકે છે.

જ્યારે 'મહા મંદિર' સ્થપાશે, પછી જો મંદિર નિર્માણની કોઈ વિનંતી હશે તો રાજ્ય સરકારની ફરજ રહેશે કે તે 'મહા મંદિર' પાસેથી ભલામણ લે. કદાચ સમાજને હવે આશ્રમની જરૂર નથી, પરંતુ નવી વિકાસશીલ આવાસ સોસાયટી અથવા વસાહતોમાં મંદિરોની જરૂર છે. 'મહા મંદિર' ને એ ધ્યાનમાં લેવું પડશે કે મંદિરના પડોશમાં રહેતા લોકોને તેનાથી પરેશાની થતી નથી. ત્યાં પૂરતી પાર્કિંગની જગ્યા હોવી જોઈએ.

ધ્વનિ પ્રદૂષણ એ તાજેતરનો મુદ્દો છે જે પડોશમાં રહેતા લોકો માટે મુશ્કેલી ઉભી કરે છે. ભારતમાં લોકો એકબીજા સાથે વધારે અવાજ કરવાની સ્પર્ધા કરે છે એ બતાવા માટે કે બીજા કરતાં તેઓ ભગવાનના વધારે સારા ભક્તો છે. રાજકારણીઓ ભાગ્યેજ આ બાબતને ગંભીરતાથી લે છે અને પોલીસ કર્મચારીઓ ધાર્મિક પ્રવૃત્તિને લીધે કોઈની સામે પગલાં લેવા માટે અસહાય બને છે. આ અવાજ મંદિર અથવા મસ્જિદ અથવા કોઈપણ પૂજા સ્થળનો હોઈ શકે છે.

ધ્વનિ પ્રદૂષણની બાબતમાં 'મહા મંદિર' જબરજસ્ત રીતે ઉપયોગી થશે. મોટાભાગના

કિસ્સાઓમાં ભક્તો પરંપરાની દલીલ આગળ કરે છે. ઇલેક્ટ્રોનિક સાઉન્ડ સિસ્ટમની શોધ માત્ર આઠ દાયકા પહેલા કરવામાં આવી હતી, તે ૧૯૩૦ પહેલા અસ્તિત્વમાં નહોતી. ત્યાં સુધી લોકો કોઈપણ સાઉન્ડ સિસ્ટમ વિના એજ ઉત્સાહથી દેવની પૂજા કરતા હતા. મંદિરો અથવા આશ્રમના સ્થળના આધારે 'મહા મંદિર'એ અવાજ પ્રદૂષણના નીચા સ્તરને અમલમાં મૂકવું જોઈએ. 'મહા મંદિર' એ કોઈપણ ધાર્મિક કાર્યક્રમના કિસ્સામાં પોલીસ વિભાગને ધ્વનિ પ્રદૂષણ અંગે માર્ગદર્શિકા પણ આપવી જોઈએ. પોલીસ વિભાગએ સૂચનાઓનું પાલન કરવું જ જોઇએ.

'મહા મંદિર' એ ધ્વનિ પ્રદૂષણના વિષય પર લોકોને શિક્ષિત કરવું જોઈએ. મંદિર દ્વારા અથવા ધાર્મિક કાર્યમાં થતા અવાજોથી મંદિરના પાડોશમાં રહેતા વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમાં ખલેલ પહોંચે છે. મંદિરોના પાડોશમાં એવા દર્દીઓ હોય છે જેઓ ઉચ્ચ દ્વેષી અવાજને સહન કરી શકતા નથી. ક્યારેક મંદિરના પાડોશમાં હોસ્પિટલો હોય છે અથવા કોઈ ચોક્કસ સ્થળે ચાલુ તહેવારનો કાર્યક્રમ હોય છે. હાલમાં પોલીસ વિભાગ ધાર્મિક લોકો સામે અસહાય છે અને મોટેભાગે લાઉડ સ્પીકર વગાડવાનો વિરોધ કરતા નથી. 'મહા મંદિર' ને એ જોવું પડશે કે સ્પીકર્સ પર બિનજરૂરી ઉચ્ચ અવાજમાં ધાર્મિક ભક્તિ ગીતો ન વગાડાય.

મુસ્લિમ સમુદાયે તેમના મસ્જિદમાંથી દિવસમાં ઘણીવાર જાહેર ભાષણ પ્રણાલી પરથી અઝાન આપવાની પરંપરા બનાવી છે. જાહેર ભાષણ પ્રણાલીની શોધ થઇ એ પહેલાંથી મસ્જિદમાંથી દિવસમાં ઘણી વાર અઝાન આપવાની પ્રથા ચાલી રહી છે. ઔદ્યોગિક ક્રાંતિના આગમન અને વીજળીની શોધ પહેલાં, અહીં અને ત્યાં તેમજ કોઈ પણ પ્રકારની મશીનો ચાલતી ન હતી તેમજ ઇલેક્ટ્રોનિક સાઉન્ડ સિસ્ટમ વગાડતી ન હતી. વાતાવરણમાં થોડા અવાજો થતા અને આમ, હંમેશાં ખૂબ શાંતિ રહેતી. અઝાન કોઈ સાઉન્ડ સિસ્ટમ વિના અંતર સુધી પહોંચી શકે નહીં. આશરે ૭૦ વર્ષ પહેલાં ૧૯૪૦ની આસપાસ સાઉન્ડ સિસ્ટમનો ઉપયોગ શરૂ થયો. હવે ધ્વનિ પ્રદૂષણ વિશે જાગૃતિ વધી રહી છે તેથી બધા ધાર્મિક સત્તાવાળાઓ ભલે હિન્દુ હોય અથવા મુસ્લિમ તેમને નવા નિયમોનું પાલન કરવું પડશે.

મુસ્લિમો દ્વારા સાઉન્ડ સિસ્ટમનો ઉપયોગ કરવાનો વિરોધ કરતા પહેલા હિન્દુઓએ પણ અવાજો કરવાનું બંધ કરવું જોઈએ. આ સંદર્ભમાં 'મહા મંદિર' ને યોગ્ય પગલાં લેવાની જરૂર છે.

વાનર અને રખડતાં કૂતરાં- મહા મંદિર માટે એક મુશ્કેલ કાર્ય

છેલ્લી ગણતરી વખતે, ભારતમાં ૫૦ મિલિયન વાનરો હતા. એ પછી વસ્તી વધી હશે.

વાનરો સમગ્ર ભારતના શહેરી વિસ્તારોમાં રહેલા સ્થાનિક લોકો માટે એક મોટો ઉપદ્રવ બની રહ્યા છે, ખાસ કરીને સમગ્ર ઉત્તર ભારતમાં અને ઉત્તર ભારતની નજીકના રાજ્યોમાં. કોઈપણ વ્યક્તિ જે દિલ્હીમાં પાંચ મિનિટનો સમય વિતાવે છે, તેને કદાચ નિકોટિનની દુકાનના પ્રવેશદ્વાર ઉપર વાનર લટકતું જોવા મળશે, જે તેનું માથું પોતાના ગુદામાં નાંખવાનો કરવાનો પ્રયાસ કરતું હોય છે. તે પ્રવાસીઓ માટે એક મનોરંજક દ્રશ્ય છે.

ભારતમાં ૫૦ મિલિયન વાનરોની વસતી છે જે યુનાઇટેડ કિંગડમની સમગ્ર વસ્તી જેટલી છે. દિવસે ને દિવસે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે. આ વાનરો લોકોનો ખોરાક ચોરી કરે છે અને સ્થાનિકો પર હુમલો કરે છે. તેઓ રોગો ફેલાવે છે અને ઘરોમાં વસવાટ કરે છે. એવા અહેવાલ હતા કે શિમલા શહેરમાં માત્ર એક મહિનામાં જ ૪૦૦ વાનરના બચકાં નોંધાયા હતા. ઉત્તર ભારતીય શહેરોમાં લોકો સામાન્ય રીતે શેરીઓમાંથી પસાર થતી વખતે સાવચેતી રાખે છે કે તેમને કોઈ વાનર ભટકાય ન જાય અને તેમનો થેલો ન ખેંચે અથવા કોઈક વાર તેમના ચશ્મા ખેંચી ન લે. ભારતના રાષ્ટ્રપતિને તાજેતરમાં સલાહ આપવામાં આવી હતી કે તેઓ વિશિષ્ટ સ્થળની મુલાકાત લેતા સમયે ચશ્મા ન પેહરે જેથી વાનર તે ખેંચે નહીં.

વર્ષ ૨૦૦૭ દરમિયાન, વાનરોએ દિલ્હીના નાયબ મેયરને ઝરૂખામાંથી ધક્કો મારીને મૃત્યુના દર્શન કરાવી દીધા હતા અને એવા અહેવાલો છે કે વાનરોએ ચિત્તોડગઢ કિલ્લાની ઈંટને નુકસાન પહોંચાડ્યું હતું. રહસ્યમય સંજોગોમાં ગૃહમંત્રાલયની ૧૧,૦૦૦ સત્તાવાર ફાઇલો ગુમ થવા માટે પણ વાનરો જ ગુનેગાર હોવાની શંકા છે.

વાનર ૧૯૭૨ના વન્યજીવન સુરક્ષા કાયદા હેઠળ સુરક્ષિત છે. તેમને પકડવું, શિકાર અથવા મારવું એ આ કાયદાનું ઉલ્લંઘન છે જેમાં ગુનેગારને ન્યાયિક સુનાવણીમાં દંડ, જેલ અથવા બંને થઈ શકે છે. હિન્દુ ધર્મ દ્વારા ભગવાન હનુમાનના સંબંધમાં તેઓને પવિત્ર માનવામાં આવે છે, જે વાનરો પર સંપૂર્ણ નિયંત્રણ કરવા દેતું નથી. "તેઓ ભારતીય દેવની વાર્તાઓના એક સુપર હીરો છે, અને લોકો વાનરોને ખવડાવીને તેમને શ્રદ્ધાંજલિ આપે છે." વ્રિન્દાવન, ઉત્તરપ્રદેશના તીર્થ સ્થળમાં વિસ્તરણ દરમિયાન, ૧૯૭૭માં, ઉદાહરણ તરીકે, ૬૦૦ વાનરોને નજીકના વનમાં ખસેડવામાં આવ્યા હતા, જે માત્ર એક અઠવાડિયામાં જ પહેલાં કરતાં વધુ હિંસક બનીને, ભટકતા પાછાં આવી ગયા.

૨૦૦૭ના હાઈ કોર્ટના આદેશે એ ફરજિયાત બનાવ્યું કે બાંસ, ચણા અને કેળાંના છોડની રોપણી થી ઉપજેલા ફળ જે વાનરો પોતે એકત્રિત કરી શકે એના કરતાં માણસો જ અભ્યારણ્યમાં વાનરોને ખોરાક આપશે. વર્ષ ૨૦૧૩ દરમિયાન, ભારતીય સરકારે આસોલ ભટ્ટી વન્યજીવન અભ્યારણ્યમાં ૧૬૦૦૦ વાનરોને ખવડાવવા માટે રૂ.૩૦ મિલિયન થી વધુનો ખર્ચ કરેલો. સામાન્ય રીતે સરકાર દ્વારા સરેરાશ વાનરો પર ખર્ચવામાં આવેલી રકમ માનવ વસ્તી પર ખર્ચવામાં આવેલી રકમ કરતા વધુ છે. એવો અહેવાલ છે કે સરકારનું વન વિભાગ પોતાનું મોટા ભાગનું રોકડ વાનરોને ખવડાવવા પાછળ ખર્ચ કરે છે.

બરાક ઓબામાની તાજેતરની મુલાકાત દરમિયાન, તેમના રસ્તામાંથી વાનરો ને ગલોલ અને સાવરણીથી હટાવવા માટે માણસો ને નિયુક્ત કરવામાં આવ્યા હતા. ગયા વર્ષે, એવા સમાચાર વિશ્વમાં ફેલાયા હતા કે વાનરોની રહેશુસ પ્રજાતિના ટોળાંને હટાવવા માટે માણસોને મોટા વાનરનો પોશાક પહેરવા અને લંગુરની જેમ ચિલાવવા માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

એકવાર મહા મંદિરના રચાયા પછી તેની સામે વાનરોના સ્વરૂપમાં એક મોટી સમસ્યા છે. ગૌ સુરક્ષા માટે દર વર્ષે ૧.૩૫ લાખ કરોડનો ખર્ચ થઈ શકે છે પરંતુ તેની વ્યવસ્થા કોઈ પણ રીતે કરી શકાય છે, પરંતુ ભારતમાં વાનરની સમસ્યાનો ઉકેલ શોધવું મહા મંદિર માટે સહેલું નથી.

મહા મંદિરને કોઈ ઉકેલ શોધવા માટે તમામ હિન્દુ સંગઠનો તેમજ વન્યજીવન કલ્યાણ જૂથો સાથે આ બાબતે ચર્ચા કરવી પડશે. મહા મંદિરને વાનરની સમસ્યાઓનો સામનો કરતા અન્ય દેશોની પ્રથાનો પણ અભ્યાસ કરવો જોઈએ. ભગવાન હનુમાન સાથે વાનરના જોડાણને લીધે ભારતમાં સમસ્યા સંપૂર્ણપણે અલગ છે. ધાર્મિક હિન્દુઓ ગાયોને તેમની માતાની જેમ પૂજે છે અને વાનરો તેમના પ્રિય ભગવાન હનુમાનથી મળતાં આવે છે, જેથી તેઓ વાનરોને થતા કોઈ પણ નુકસાનને સહન નહીં કરે.

રખડતાં કૂતરાંઓની સમસ્યા: છેલ્લા ત્રીસ વર્ષથી ભારત આતંકવાદી પ્રવૃત્તિઓ માટે પાકિસ્તાનને દોષી ઠેરવે છે, પરંતુ આ જ સમયગાળા દરમિયાન ભારતમાં આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકો કરતાં વધુ લોકો રખડતાં કૂતરાંઓ દ્વારા માર્યા ગયા છે.

આજે ભારતમાં રખડતાં કૂતરાંઓની વસ્તી અંદાજિત ૩૦ મિલિયનની આસપાસ હશે. કેટલાક અંદાજ મુજબ દર વર્ષે ૨૦,૦૦૦ થી વધુ લોકો હડકવાથી મૃત્યુ પામે છે. થોડા વર્ષો પહેલા ગ્લોબલ એલાયન્સ ફોર રેબીઝ કોન્ટ્રોલે અહેવાલ આપ્યો હતો કે હડકવાથી થતા માનવ મૃત્યુનો ૩૫% હિસ્સો ભારત આપે છે જે અન્ય દેશ કરતા વધુ છે. આમાંના મોટાભાગના મૃત્યુનો દોષ રસ્તાઓ પર રખડતાં કૂતરાંઓ પર કરવામાં આવે છે. થોડા સમય પહેલાં કેરલાની હાઈ કોર્ટે સરકાર ને એક માણસને રૂ.૪૦,૦૦૦ ચૂકવવાનો આદેશ આપ્યો હતો કે જેની પત્નીનું કૂતરાંના કરડવાથી થયેલ હડકવામાં મૃત્યુ થયું હતું. કેરલા રાજ્ય એ એહવાલ આપ્યો હતો કે વર્ષ ૨૦૧૫ દરમિયાન ૩,૫૦,૦૦૦ થી વધુ રખડતાં કૂતરાંઓ ૧૧,૦૦૦ થી વધુ લોકોને કરડવા માટે જવાદાર હતા જેનાથી તેમને હડકવા થયો હતો.

આરોગ્ય અધિકારીઓએ અહેવાલ આપ્યો છે કે કાશ્મીરમાં ૨૦૦૮ થી ૨૦૧૨ ના સમયગાળા દરમિયાન ૫૦,૦૦૦ થી વધુ સ્થાનિક લોકોને જંગલી રખડતાં કૂતરાંઓએ કરડી લીધા હતા. તે સમયગાળા દરમિયાન એક ડઝન લોકો હડકવાથી મૃત્યુ પામ્યા હતા. સમગ્ર ભારતના અન્ય રાજ્યોએ પણ સમાન પ્રકારની રીતની જાણ કરી છે. રખડતાં કૂતરાંઓની સમસ્યાએ જોખમી સ્તરે પહોંચી ગઈ છે.

માનવ-પ્રાણી સંઘર્ષ વધી રહ્યો છે. પ્રાણી અધિકારોના જૂથો કહે છે કે ભ્રષ્ટ નગરપાલિકાઓ અને ક્રોધી નાગરિકો રખડતાં કૂતરાંની વસ્તીને અંકુશમાં રાખવા તેમને ઝેર આપવું, ક્લબિંગ, મારવું, તેમના ઉપર ગોળીબાર કરવો અને ઇલેક્ટ્રોક્યુટીંગ કરી રહ્યા છે. કેટલાક સમય પહેલા કેરલા અને પાડોશી તમિલનાડુ રાજ્યોમાં વધતી જતી રખડતાં કૂતરાંની સમસ્યા માટે કડક પગલાં લીધા હતા: ગામ પરિષદોએ કૂતરાંઓને મારવાનો આદેશ આપ્યો હતો; સ્થાનિક લોકો દ્વારા નિયુક્ત કરાયેલ કૂતરાં પકડનારાઓએ કૂતરાંઓમાં પોટેશિયમ સાયનાઇડ ઇન્જેક્ટ કર્યું હતું. ૨૦૧૨ માં, કૂતરાં કરડવાના કિસ્સાઓની વધતી સંખ્યા જોઈ- પંજાબના એક અધ્યક્ષએ તહેલકો મચાવ્યો હતો જ્યારે તેણે સૂચવ્યું હતું કે કૂતરાંઓને ચીન અને ભારતના ઉત્તર-પૂર્વમાં મોકલી દેવા જોઈએ- જ્યાં કોઈકવાર કૂતરાંઓ ને ખાવામાં આવે છે. સંસદ સમિતિ વાસ્તવમાં દિલ્હીમાં જ્યાં સાંસદો રહે છે તેવા વિસ્તારોમાં "કૂતરાંઓના સંચાલન માટે વિગતવાર અભ્યાસ કરી રહી છે".

૨૦૦૧થી ભારતમાં કૂતરાંને મારવું એ ગેરકાનૂની છે. તો પણ વર્ષ ૨૦૦૮ દરમિયાન મુંબઈ હાઇકોર્ટે મ્યુનિસિપલ સત્તાવાળાઓને કૂતરાંઓ જે ઉપદ્રવ મચાવતા હતા તેમને મારી નાખવાની મંજૂરી આપી હતી. સુપ્રીમ કોર્ટે પાછળથી આદેશ ને રદ કર્યો હતો. ત્યારથી કોર્ટના આદેશ મુજબ, રખડતાં કૂતરાંઓને પકડવાનું બંધ કરવામાં આવ્યું છે, અને તેના બદલે કોર્ટે કૂતરાંઓના વંધ્યીકરણ કાર્યક્રમો માટે આદેશ આપ્યો છે.

વિશ્વભરમાં રખડતાં કૂતરાંઓની સંખ્યા ૨૦૦ થી ૬૦૦ મિલિયન વચ્ચે હોવાનો અંદાજ છે. એકલા યુરોપમાં ૧૦૦ મિલિયન રખડતાં કૂતરાંઓ હોવાનો અંદાજ છે. એટલાન્ટા હ્યુમેન

સોસાયટી દ્વારા કરવામાં આવેલા અભ્યાસ અનુસાર, બેઘર લોકો કરતા ઓછામાં ઓછા પાંચ ગણા વધુ બેઘર પ્રાણીઓ છે.

જ્યારે કેટલાક રખડતાં કૂતરાંઓ મનુષ્યોને કરડે છે, ત્યારે તેઓ તે લોકોને હડકવાનો ચેપ લગાડે છે, આ એક વાયરલ રોગ છે જેમાં મગજમાં સોજો થાય છે. દર વર્ષે, ૧૫ મિલિયનથી વધુ લોકોને કરડ્યા પછીની રેબીઝ રસીકરણથી સારવાર આપવામાં આવે છે, જ્યારે ૫૫,૦૦૦ લોકો હડકવાથી મૃત્યુ પામે છે. એશિયા અને આફ્રિકામાં ૯૫% હડકવાના કિસ્સાઓ જોવા મળે છે, અને મનુષ્યોમાં ૯૯% હડકવાનું પ્રેષણ કૂતરાંઓને કારણે થાય છે.

આ પરિસ્થિતિ ખાસ કરીને ભારતમાં વધુ સ્પષ્ટ રીતે જોવા મળે છે. ૩૦ મિલિયન રખડતાં કૂતરાંની વસ્તી એટલે દેશના ૪૨ લોકો દીઠ એક રખડતું કૂતરું. કેટલાક અંદાજો મુજબ ભારતમાં અન્ય કોઈ દેશ કરતાં વધુ રખડતાં કૂતરાંઓ છે.

એકલા દિલ્હીમાં ૨,૬૦,૦૦૦ થી ૪,૦૦,૦૦૦ રખડતાં કૂતરાંઓ છે. સરકારી હૉસ્પિટલના રેકોર્ડ મુજબ, જાન્યુઆરી અને ઑક્ટોબર ૨૦૧૫ની વચ્ચે દિલ્હીમાં ૭૭,૨૯૪ કૂતરાં કરડવાના કિસ્સા નોંધાયા હતા. એટલે દર ૬ મિનિટે એક બચકું.

ભારતમાં અંદાજે ૨૦,૦૦૦ લોકો દર વર્ષે હડકવાના ચેપથી મૃત્યુ પામે છે, જે વિશ્વવ્યાપી હડકવાના મૃત્યુમાં ૩૬% આપે છે. વાર્ષિક રીતે અન્ય કોઈ દેશમાં હડકવાથી વધારે મૃત્યુ થતા નથી.

ભારતમાં રખડતાં કૂતરાંઓ પાછળના કારણો એટલા સામાન્ય છે કે -

ભારતનાં શહેરોની સામાન્ય લાક્ષણિકતા જે રખડતાં કૂતરાંઓની વસતીને પ્રોત્સાહન આપે છે - ખુલ્લો કચરો. રખડતાં કૂતરાં સ્કેવેન્જર છે, તેથી ખોરાકના સ્ત્રોત તરીકે તેઓ શેરીના કચરા પર આધાર રાખે છે. એવા દેશોમાં જ્યાં કચરાને કચરા પેટીમાં રાખવામાં આવે છે અને નિયમિતપણે સાફ કરવામાં આવે છે, ત્યાં રખડતા કૂતરાં શેરીઓમાં ટકી શકતા નથી.

ઘણા દેશોમાં વસ્તી વૃદ્ધિને ધીમી કરવા માટે રખડતાં કૂતરાંઓ ને વંધ્યત્વ અને ક્લીબ બનાવે છે. ઘણાં અન્ય દેશોમાં એનિમલ કંટ્રોલ, ધ હ્યુમન સોસાયટી, એસપીસીએ, ખાનગી આશ્રયસ્થાનો અને બચાવ સંસ્થાઓ જેવી સંસ્થાઓ છે. તાજેતરમાં, ભારતની કેટલાક એનજીઓ રખડતાં કૂતરાંઓમાં જન્મ નિયંત્રણમાં ફાળો આપવા આગળ આવ્યા છે.

ભારતમાં રખડતાં કૂતરાંઓની સમસ્યા સંબંધિત કાર્ય મહા મંદિર માટે કઠિન છે. રખડતાં કૂતરાંઓ ને ન તો મારી શકાય છે કે ન તો ચીન અથવા ઉત્તર પૂર્વ ભારતમાં મોકલી શકાય છે. મહા મંદિરને સમસ્યા હલ કરવા માટે ઉત્પ્રેરકની ભૂમિકા ભજવવી પડશે. સમસ્યાને હલ કરવા માટે સરકાર અને ભારતીય વસ્તી પર તેને જીતવું પડશે. તેને નિરીક્ષણ કરવું પડશે કે સરકાર વંધ્યીકરણ કાર્યક્રમો પર સારી રીતે કામ કરે છે. તેને ભારતીય જનતાને શિક્ષિત કરવું પડશે કે તેઓ શેરી કૂતરાંઓને ખવડાવવે નહીં. તે ક્રૂર લાગે છે, પરંતુ તે એકમાત્ર ઉપાય છે. તેને ભારતીય જનતાને એ માટે પણ શિક્ષિત કરવા કરવું કે શેરીઓમાં કચરો ખુલ્લો રાખે નહીં. તે શેરીઓમાં કૂતરાંઓના હયાતીને ઓછું કરશે.

વિદેશમાં વસતાં હિન્દુઓ

વર્ષ ૨૦૨૧માં જ્યારે વસ્તી ગણતરી થશે ત્યારે ભારતની કુલ વસતી ૧૩૮-૧૪૦ કરોડની આસપાસ પહોંચી શકે છે. ત્યાં સુધીમાં હિન્દુ વસ્તી ૧.૧ અબજ ને પાર ગઈ હશે.

વિદેશમાં હિન્દુઓની વસ્તી આજે ૧૧ મિલિયનથી વધુ છે. સ્થળાંતર કરનાર હિન્દુઓની સૌથી ઊંચી ઘનતા અમેરિકા, યુનાઇટેડ કિંગડમ, કેનેડા, ન્યુઝીલેન્ડ, યુનાઇટેડ આરબ એમિરેટ, સાઉદી અરેબિયા અને આફ્રિકન દેશો જેવા દેશોમાં છે, નેપાળ, પાકિસ્તાન, બાંગ્લાદેશ, મોરિશિયસ, ફીજી, ઇન્ડોનેશિયા, કેરેબિયન અને ઘણા આફ્રિકન દેશોમાં લાખો વર્ષોથી હિન્દુઓ વતની તરીકે રહે છે, અને તેઓ સંબંધિત અર્થતંત્રોમાં સારું યોગદાન આપી રહ્યા છે.

મુસ્લિમો સહિત ભારતીયો સ્થળાંતર કરનાર તરીકે વિદેશમાં રહેતા લોકોમાં સૌથી વધારે હોવાનું માનવામાં આવે છે. ચાઇનીઝ સ્થળાંતર કરનારા કરતાં બધા દેશોમાં વસતાં કુલ ભારતીયોની સંખ્યા વધુ છે.

વિદેશમાં વસતાં હિન્દુઓએ હિન્દુ દેવતાઓની પૂજા કરવા હજારો મંદિરોનું નિર્માણ કરીને સારી કામગીરી કરી છે અને પોતાની નવી પસંદ કરેલી ભૂમિમાં એક ખાસ ઓળખ બનાવી છે. ઑસ્ટ્રેલિયા, કેનેડા, નેધરલેન્ડ્ઝ, ન્યુઝીલેન્ડ, યુનાઇટેડ કિંગડમ અને અમેરિકામાં ઘણાં બધા હિન્દુ મંદિરો છે. તેમાંના કેટલાક તેમના સુઘડ અને આકર્ષક બનાવટ માટે પ્રસિદ્ધ છે, તેમજ દરરોજ હજારો ભક્તોને આકર્ષે છે. પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, ફીજી, મોરિશિયસ, ઇન્ડોનેશિયા, થાઇલેન્ડ જેવા દેશોમાં જ્યાં હિન્દુ પરિવારો પેઢીઓથી રહી રહ્યા છે ત્યાં હજારો મંદિરો હોવા જ જોઈએ.

હિન્દુ ધર્મના સ્વામિનારાયણ સંપ્રદાયે વિશ્વભરમાં મંદિરોની રચના કરવાની કલામાં નિપુણતા મેળવી છે. અમેરિકા, યુનાઇટેડ કિંગડમ, કેનેડા અને કેટલાક અન્ય વિકસિત દેશોમાં કેટલાક સ્વામિનારાયણ મંદિરો પ્રવાસી સર્કિટ્સનો ભાગ છે. તાજેતરના વિકાસમાં, બેર, ડેલાવેર યુએસમાં, ૫૦ વર્ષીય ચર્ચને સ્વામિનારાયણ હિન્દુ મંદિરમાં રૂપાંતરિત કરવામાં આવ્યું છે. આ વૈશ્વિક સ્તરે પાંચમું ચર્ચ છે જેને મણિનગર, અમદાવાદ સ્થિત સ્વામિનારાયણ ગડી સંસ્થાન દ્વારા સ્વામિનારાયણ મંદિરમાં રૂપાંતરિત કરવામાં આવ્યું છે.

સંપ્રદાયએ ડેલાવેર સિવાય, અમેરિકાના કેલિફોર્નિયા અને કેન્ટુકીમાં પણ ચર્ચો ને મંદિરમાં રૂપાંતરિત કરેલ છે. એ જ રીતે, યુ.કે.માં લંડન અને માન્ચેસ્ટર નજીક બોલ્ટનના બે ચર્ચોને મંદિરોમાં રૂપાંતરિત કરવામાં આવેલ છે. આ સંપ્રદાયે અમેરિકા, યુ.કે. અને કેનેડામાં કેટલીક અન્ય સંપત્તિઓ પણ હસ્તગત કરી છે.

આ મંદિરો વિકસિત દેશોમાં રહેતા હિન્દુઓને વિદેશી સંસ્કૃતિમાં ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાને જીવંત રાખવામાં મદદ કરે છે. મંદિરો પસંદગી અને પૂર્વગ્રહ વગર બધા માટે ખુલ્લા છે. ધાર્મિક હેતુઓને પરિપૂર્ણ કરવા સિવાય, મંદિરોનો ઉપયોગ કલા, નાટક અને હસ્તકલા સહિત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે થાય છે.

મહા મંદિરને ભારતની બહારના તમામ હિન્દુ મંદિરોની દેખરેખ રાખવા અને સંચાલિત કરવા માટે એક અલગ વિભાગ બનાવવો પડશે. વિદેશમાં હિન્દુ મંદિરોની આવક એટલી ઊંચી ન પણ હોય. મહા મંદિર વિદેશમાં હિન્દુ મંદિરો પાસેથી આવક મેળવવાની અપેક્ષા રાખી શકતું નથી. તેનાથી વિપરીત વિદેશી હિન્દુઓ નવા હિન્દુ મંદિરો બનાવવા માટે મહા મંદિરમાંથી

નાણાકીય સહાય મેળવવા માટે વિનંતી કરી શકે છે. મહા મંદિર અમુક ચોક્કસ કિસ્સાઓમાં વિનંતી સ્વીકારી શકે છે પરંતુ તે જ સમયે તેને જોવું પડશે કે જ્યાં હિન્દુ વસતી એટલી વધારે નથી ત્યાં મોટા પ્રમાણમાં નિર્માણ કરીને વિશાળ મંદિરો બનાવવામાં આવ્યાં નથી. મહા મંદિર હિન્દુઓને વિનંતી કરી શકે છે કે તેઓ તેમના દાનને સીધા જ ગૌ સુરક્ષા ભંડોળમાં આપે.

ભારતીયો, વિદેશમાં રહેતા હોવા છતાં, તેમના ધર્મને ધ્યાનમાં લીધા વિના, ભારતીય વિદેશી નાણાંની સરકારી તિજોરી માટે મોટી રકમના રેમિટન્સનો સ્ત્રોત છે, જે ચીની સરકાર દ્વારા પ્રાપ્ત થતા રેમિટન્સ કરતાં પણ વધારે છે. મહા મંદિર વિદેશના તમામ હિન્દુઓને ઉદારતાથી અને ભારતમાં ગૌ સુરક્ષા માટે અલગથી દાન આપવા વિનંતી કરી શકે છે.

એકવાર મહા મંદિર ની રચના પછી, વિદેશમાં વસતાં તમામ હિન્દુઓ માટે તીર્થ સ્થળ બનશે.

કહેવાતા આધ્યાત્મિક ગુરુ અને મહાત્માઓ- મહા મંદિર માટે એક પડકાર

તાજેતરમાં થોડા વર્ષો દરમિયાન કેટલાક હિન્દુ આધ્યાત્મિક ગુરુઓ અને મહાત્માઓ મીડિયા અને સાથે જ સમગ્ર સમાજમાં ચર્ચાના વિષય રહ્યા છે.

 સ્વતંત્રતા પહેલા, હિન્દુ સમાજમાં ખૂબ ઓછા ગુરુઓ જાણીતા હતા. આ કદાચ તે સમય દરમિયાન ઇલેક્ટ્રોનિક મીડિયાના પ્રસારના અભાવને કારણે હોઈ શકે છે અને ભારતીય જનતામાં સાક્ષરતા અભાવને કારણે પણ પ્રિન્ટ મીડિયાની મર્યાદિત પહોંચ હતી. સ્વાતંત્ર્ય પછી, આધ્યાત્મિક ગુરુઓ અને મહાત્માઓ સમગ્ર ભારતમાં મુખ્યત્વે રાજકીય વર્ગના રક્ષણને કારણે જાણીતા થયા છે. જમીનએ ભારતમાં રાજ્યનો વિષય છે અને રાજ્ય સરકારો દ્વારા જમીનની મફત ફાળવણી અને ચોક્કસ રાજકારણીઓના પ્રભાવને લીધે જ ગુરુઓ અને મહાત્માઓ સમૃદ્ધિ મેળવી શકે છે.

ભારતમાં પરિસ્થિતિ હવે એવા સ્તર પર પહોંચી ગઈ છે કે જો ગુરુઓ અને મહાત્માઓને ફાળવવામાં આવેલી કુલ જમીન ગણવામાં આવે; તો તે ભારતમાં તમામ હિન્દુ મંદિરો દ્વારા અધિકૃત કુલ જમીન કરતાં વધુ હોઈ શકે. આ એક ચિંતાજનક બાબત છે. જો કોઈ વ્યક્તિ કલ્પના કરે કે જો સમગ્ર ભારતમાં કથિત ગુરુઓ અને મહાત્માઓ ન હોય તો, તેની સામાજિક જીવન પર કેવી અસર થશે. તો કોઈ જવાબ આપશે કે અસર નિલંબિત હોત. 'મહા મંદિર' ને આ બાબતમાં ધ્યાન આપવું પડશે. એવું હોઈ શકે છે કે, કેટલાક આધ્યાત્મિક ગુરુઓએ કેટલાક ભક્તોની જીંદગીમાં હકારાત્મક અસર કરી હોઈ શકે છે, પરંતુ પછી ઘણા ગુરુઓ અને મહાત્માઓએ કેટલાક ભક્તોના જીવનને બગાડ્યું પણ હોઈ શકે છે. ફક્ત થોડા જ ઉદાહરણો સામે આવ્યા છે જેમાં આધ્યાત્મિક મહાત્માઓએ તેમના ભક્તોની અંધશ્રદ્ધાનો ગેરલાભ લીધો હોઈ. આવા સેંકડો કિસ્સાઓ હોઈ શકે છે.

તમામ હિન્દુ ભક્તોના હિતને સુરક્ષિત રાખવું એ 'મહા મંદિર' ની મુખ્ય ફરજ બનશે. તે એ ધ્યાનમાં રાખશે કે કોઈપણ કથિત આધ્યાત્મિક ગુરુઓ અથવા મહાત્માઓ કોઈપણ ભક્તને છેતરતા નથી અથવા ગેરમાર્ગે દોરતા નથી.

તોફાની મહાત્મા દ્વારા ભક્તોને છેતરવાનો અધતન ઉદાહરણ છે ડેરા સચા સૌદા ના પ્રમુખ, ગુરમીત રામ રાહિમ. તેને બે બળાત્કારના કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યો છે અને હવે તે જેલમાં છે. કોઈને પણ આશ્ચર્ય થશે કે તેને કેવી રીતે એટલી લોકપ્રિયતા અને અનુયાયી મેળવ્યા હશે. તેનો ડેરો છસો એકરથી વધુ વિસ્તારમાં ફેલાયો છે, જે આજના ખ્રિસ્તી વેટિકનની જમીનના વિસ્તાર કરતાં વધુ છે. હરિયાણા અને પંજાબ અને અન્યત્ર પણ તેના ઘણા બધા ડેરા આશ્રમો છે.

ભારતના કોઈપણ શહેર અથવા નગરમાં ગમે ત્યાં થઇ રહેલા કોઈ પણ સિવિલ બાંધકામ સ્થાનિક નાગરિક અધિકારીઓનું ધ્યાન આકર્ષિત કરશે. નાગરિક સત્તાવાળાઓએ આ બાબતને સુનિશ્ચિત કરવાની હોઈ છે કે, શું યોજનાઓ તેમના સંબંધિત વિભાગો દ્વારા પસાર કરવામાં આવી છે કે નહીં. ડેરા ગુરુની ધરપકડ પછી રાજ્ય સત્તાવાળાઓ દ્વારા કરાયેલા નિરીક્ષણ અને શોધ દરમિયાન ખબર પડી હતી કે, કોઈ પરવાનગી લેવામાં આવી નહોતી. કોઈને પણ આશ્ચર્ય થશે કે આવી વ્યક્તિ આટલી બધી જમીન કેવી રીતે મેળવી શકે છે.

રાજકારણીઓ, જેમણે ગુરુને ઊંચાઈ સુધી પહોંચવામાં મદદ કરી છે, તેઓ ભારપૂર્વક કહી રહ્યા છે કે જનતા જ આંખો બંધ કરીને આવા ગુરુને અનુસરે છે. રાજ્ય પાસે એવી કોઈ

પદ્ધતિ નથી એ જોવા માટે કે, કેવી રીતે ગુરુ અથવા મહાત્માઓ જનતાની આંખમાં ઝડપથી પ્રસિદ્ધિ પામી રહ્યા છે. તેનાથી વિપરીત આવા લોકોને રાજકારણીઓ દ્વારા રક્ષણ મળે છે. ભારતીય માનસિકતા એ છે કે જ્યારે પણ ઢોંગી ગુરુની નકારાત્મક વસ્તુઓ વિશે ખબર પડે, ત્યારે ભક્તો ફક્ત ભાગી નથી જતા, પણ તે હકીકતથી શરમ પણ અનુભવે છે કે તેઓ આવા વ્યક્તિના ભક્તો હતા.

ઘણા ગુરુઓ અને મહાત્માઓ છે જે તેમના કૃત્યો અને અનુયાયી માટે જાણીતા બન્યા છે. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૭ના ડીએનએ અખબારએ કેટલાક ભૂતકાળ અને વર્તમાનના મહાત્મા પુરુષો અને સ્ત્રીઓ વિશે કેટલીક રસપ્રદ હકીકતો પ્રકાશિત કરી હતી.

સ્વ. ઇન્દિરા ગાંધીના યોગ ગુરુ ધીરંદ્ર બ્રહ્મચારી દિલ્હી અને જમ્મુ કાશ્મીરમાં આશ્રમ ચાલવતા હતા. કટોકટી પછી તે રાજકીય રીતે પ્રભાવશાળી બન્યા. બ્રહ્મચારીના આશ્રમની ઓડિટ રિપોર્ટની માગણી કર્યા પછી કે.એલ. શ્રીમલીએ શિક્ષણ પ્રધાન તરીકેની નોકરી ગુમાવી હતી. બ્રહ્મચારી, બિહારના વતની , ૧૯૮૦ના દાયકામાં ઈન્દિરા અને જમ્મુ અને કાશ્મીરના તે સમયના મુખ્યમંત્રી શેખ અબ્દુલ્લા વચ્ચે વિવાદના સ્રોત હતા. જમ્મુ અને કાશ્મીર સરકારે બ્રહ્મચારીની બંદૂકની ફેક્ટરી સામે અનેક કેસ દાખલ કર્યા હતા. ૧૯૮૪માં ઈન્દિરાના અવસાન બાદ તેમની પડતી શરુ થઈ હતી.

બ્રહ્મચારીના મૃત્યુથી ચંદ્રસ્વામી રાજકારણીઓના માર્ગદર્શક તરીકે ઉભરી આવ્યા. તેઓ ભૂતપૂર્વ વડાપ્રધાન નરસિંહ રાવ સાથેની નિકટતા માટે જાણીતા બન્યા હતા, અને રાજ્યના વડાઓ પર પ્રભાવ પાડતા હતા. નટવર સિંહ યાદ કરે છે કે જ્યારે તેઓ ૧૯૭૫માં લંડનમાં ડેપ્યુટી હાઈ કમિશનર હતા ત્યારે કેબિનેટ મંત્રી ઇચ્છતા હતા કે તેઓ માર્ગરિટ થેચર અને ચંદ્રસ્વામી વચ્ચે મીટિંગ ગોઠવે. ખૂબ જ પજવણી કર્યા પછી, બંનેને તેમના નિવાસસ્થાનમાં આમંત્રણ આપવા માટે એક પાર્ટીની વ્યવસ્થા કરવા તેઓ સંમત થયા. પરંતુ ચંદ્રસ્વામીનું પતન અચાનક થયું. ૧૯૯૬માં, લંડન સ્થિત ધંધો કરનાર વ્યક્તિને છેતરવા બદલ તેમને તેમને જેલ થઈ હતી. ગયા વર્ષે, તેમનું અસ્પષ્ટ મૃત્યુ થયું.

નિર્મલજીત સિંહ નરુલા ઉર્ફે નિર્મલ બાબા ઝારખંડના એક વ્યાપારી તરીકે સફળ થયા ન હતા. તેમણે ટીવી ચેનલો દ્વારા પ્રસારિત કરેલા તેમના દરબારો અને મેળાવડાઓથી પ્રખ્યાતિ મેળવી હતી. આવા કાર્યક્રમોમાં, તેઓ લોકોની સમસ્યાઓ માટે વિચિત્ર ઉકેલ આપતા હતા. તેમણે દગાખોરી પ્રવૃત્તિઓ કરવાના આક્ષેપોનો સામનો કરવો પડ્યો. ફેબ્રુઆરી ૨૦૧૪માં તેમની ઉપર રૂ. ૩.૫ કરોડની સેવા કરચોરીનો આરોપ લગાવવામાં આવ્યો હતો. તેમના ટીવી કાર્યક્રમો અંધશ્રદ્ધા ફેલાવે છે એ આક્ષેપો ની તાપસ કરવાનો અને જો આરોપો સાચા સાબિત થાય તો સંબંધિત ચેનલો વિરુદ્ધ પગલાં લેવા એવો નિર્દેશ અલ્હાબાદ હાઇકોર્ટે માહિતી અને પ્રસારણ મંત્રાલયને મે મહિનામાં આપ્યો હતો.

૨૦૧૪માં જ્યારે હરિયાણાના હિસારમાં બે અઠવાડિયાના સ્ટેન્ડ-ઑફ પછી પોલીસે સંત રામપાલની ધરપકડ કરી ત્યારે હિંસા ફેલાયી હતી અને છ લોકો માર્યા ગયા. રામપાલ હરિયાણાના સિંચાઇ વિભાગમાં જુનિયર એન્જિનિયર તરીકે કામ કરતા હતા. ૧૯૯૬માં, તેમણે રાજીનામું આપ્યું અને ત્રણ વર્ષ પછી સતલોક આશ્રમ સ્થાપ્યું. ટૂંક સમયમાં, તેમના ઘણા અનુયાયીઓ થઈ ગયા અને તેમણે સમગ્ર હરિયાણામાં આશ્રમો ખોલ્યા. તેઓ વૈભવી કારનો કાફલો ધરાવે છે, અને હરિયાણાના બરવાલામાં આશ્રમમાં રહે છે, જે ૧૨ એકરમાં ફેલાયેલો છે.

સ્વયંને 'મહાત્મા સ્ત્રી' તરીકે ઓળખાવતી સુખવિંદર કૌર ઉર્ફે રાધે માને લાલ રંગ ગમે છે, અને એક નાનું ટ્રિશુલ રાખે છે. ૨૦૧૫માં, મુંબઇ પોલીસે દહેજ માટે પજવણીના કથિત કેસમાં તેણી વિરુદ્ધ એક ફરિયાદ જાહેર કરી હતી, અને તેના સામે લૂકઆઉટ નોટિસ જારી કરી હતી. ડોલી બિન્દ્રા, એક અભિનેત્રીએ પણ તેની સામે ફોજદારી કેસ દાખલ કર્યો હતો. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે ૫ સપ્ટેમ્બરના રોજ તેણી સામેની ફરિયાદ માટે કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહેવા બદલ કપૂરથલા એસએસપી સામે નોટિસ જારી કરી હતી. ફાગવાડા સ્થિત સુરિન્દર મિત્તલે ધાર્મિક લાગણીઓને દુઃખ

પહોંચાડવા માટે તેણી સામે પગલાં લેવા બદલ ફરિયાદ દાખલ કરી હતી.

આસારામ બાપુ ભારતના સૌથી વિવાદાસ્પદ સ્વ-ઘોષિત મહાત્મા છે. તેમની વિરુદ્ધ જોધપુર આશ્રમમાં ૧૬ વર્ષની છોકરીની માતા બહાર રાહ જોઈ રહી હતી તેમ છતાં તેણી સાથે જાતીય દુર્વ્યવહાર કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ૨૦૧૩થી તે બળાત્કારના આરોપો માટે જેલમાં છે. તેની વિરુદ્ધ હત્યા અને જમીનના કબજાના આરોપો પણ છે. બે છોકરાઓના રહસ્યમય મૃત્યુ માટે પણ આસારામ અને તેમના પુત્રની તપાસ કરવામાં આવી હતી જેમાં ૨૦૦૮માં આશ્રમ નજીક સાબરમતી નદીના કાંઠે બંનેના મૃત શરીર મળી આવેલ. આસારામ બાપુ ટ્રસ્ટનો રૂ .૩૫૦ કરોડનો ટર્નઓવર છે. તે દેશમાં અને વિદેશમાં ૩૫૦ આશ્રમ ધરાવે છે. તે ૧૭,૦૦૦ બાલ સંસ્કાર કેન્દ્રો પણ ધરાવે છે.

સાધુઓનું સર્વોચ્ચ સંઘ, અખિલ ભારતીય આખર પરિષદે તાજેતરમાં ૧૪ "ઢોંગી બાબાઓ" ની યાદી જાહેર કરી હતી અને કાયદો લાવીને "સંપ્રદાયને ભ્રમણશીલ કરતા નેતાઓ" પર કડક પગલાં લેવાની માંગ કરી હતી. આ યાદીમાં આસારામ બાપુ (અસુમલ સિરુમલાની), સુખબીંદર કૌર (રાધે મા), સચિદાનંદ ગિરી (સચિન દત્તા), ડેરા સચા સૌદાના ગુરમીત સિંહ, ઓમ બાબા, (વિવેકાનંદ ઝા), નિર્મલ બાબા (નિર્મલજીત સિંહ), ઈચ્છધારી ભીમાનંદ (શિવમુર્તિ દ્વિવેદી), સ્વામી અસિમાનાદ, ઓમ નમઃ શિવાય બાબા, નારાયણ સાંઈ, રામપાલ, આચાર્ય કુષ્મુની, બ્રહસ્પતિ ગીરી અને માલખન સિંહ ના નામો શામેલ છે. પરિષદના અધ્યક્ષ સ્વામી નરેન્દ્ર ગિરીએ જણાવ્યું હતું કે, "અમે સામાન્ય લોકોને આવા ઢોંગી લોકોથી સાવચેત રહેવાની વિનંતી કરીએ છીએ જેઓ કોઈ પ્રણાલી સાથે સંબંધિત નથી અને તેમના શંકાસ્પદ કૃત્યો દ્વારા, સાધુઓ અને સંન્યાસીઓ માટે અપયશ લાવે છે."

પ્રસ્તાવિત સર્વોચ્ચ હિન્દુ ધાર્મિક સંઘ 'મહા મંદિર' બધા હિન્દુ ભક્તો માટે મોટો વરદાન બનશે. ડેરા સચા સૌદાના પ્રમુખ ગુરમીત રામ રહીમ સિંહની ધરપકડની ઘટના પછી જાહેર જનતાની માંગ છે કે પોતાને આધ્યાત્મિક ગુરુ અને મહાત્માઓ ને સંત, બાબા, ગુરુ, મહા ગુરુ, બાપુ સ્વામી, સાધવી અને ગુરુ માતા વગેરેના શિર્ષકો આપવા માટે સત્તા હોવી જોઈએ. જેમ આ પુસ્તકમાં અન્ય જગ્યાએ ચર્ચા કરવામાં આવી છે, તેમ 'મહા મંદિર' એ ભક્તોને ગુરુ દ્વારા અપાતી સેવા અથવા ઉપદેશને ઉપભોક્તાઓ તરીકે અને મહાત્મા - સેવા પ્રદાતાની જેમ વર્તવું જોઈએ.

'મહા મંદિર' ને કોઈ ચોક્કસ પદ્ધતિ વિકસાવવી જોઇએ જેથી કોઈ ઢોંગી બાબા દાખલ ન થાય. કોઈ પણ વ્યક્તિ, જે બાબા અથવા ગુરુ વગેરેના શીર્ષક સાથે પોતે આધ્યાત્મિક વ્યક્તિ હોવાનો દાવો કરે છે, તેને પહેલા 'મહા મંદિર' નો સંપર્ક કરવો જોઇએ. 'મહા મંદિર' માં કોઈ વ્યક્તિ આધ્યાત્મિક શિક્ષક છે કે નહીં તેનો નિર્ણય લેવા માટે ચોક્કસ માપદંડ હોવા જોઈએ. 'મહા મંદિર' દ્વારા નક્કી કરવામાં આવેલા માપદંડમાં જે વ્યક્તિ પાસ થાય ફક્ત તેને જ આધ્યાત્મિકતા શીખવવાની પરવાનગી આપવી જોઈએ. 'મહા મંદિર' તેમની ક્ષમતાઓ અને જ્ઞાન પર આધારીત શિક્ષકોની વિવિધ શ્રેણી માટે અમુક શીર્ષક અનામત રાખી શકે છે. જો આધ્યાત્મિક શિક્ષક દ્વારા વિનંતી કરવામાં આવે તો 'મહા મંદિર' શીર્ષકને અપગ્રેડ કરશે.

'મહા મંદિર' એ રાજ્ય સરકારો દ્વારા કોઈ પણ આધ્યાત્મિક શિક્ષકને તેની પૂર્વ પરવાનગી વિના જમીનની નવી ફાળવણી કરતા રોકવું જોઈએ. હાલના આધ્યાત્મિક શિક્ષકોને ફાળવવામાં આવેલી જમીન જરૂરિયાત કરતા વધારે છે. 'મહા મંદિર' એ તપાસ કરવી જોઈએ અને વધારાની જમીન સરકારને સોંપવી જોઈએ અથવા નવા મંદિર અથવા ગૌના આશ્રયસ્થાનોના નિર્માણ માટે અથવા તેના દ્વારા યોગ્ય માનવામાં આવેલી કેટલીક ધાર્મિક પ્રવૃત્તિઓ માટે તેના હસ્તગત કરવી જોઈએ.

આધ્યાત્મિકતા હિન્દુ ધર્મનો મુખ્ય વિષય છે અને તેનાથી સંબંધિત કોઈપણ પ્રવૃત્તિ 'મહા મંદિર' દ્વારા સંચાલિત થવી આવશ્યક છે. 'મહા મંદિર' ને તે જોવાનું છે અને નિયમિતપણે

નિરીક્ષણ રાખવાનું છે કે આધ્યાત્મિક શિક્ષકો વૈભવી જીવન ન જીવે. આધ્યાત્મિકતાના અધ્યયન દ્વારા થતી આવક સામાન્ય હિન્દુ લોકો પર વાપરવી પડશે અને કોઈ શિક્ષકને પોતાની પાસે રાખવાનો અધિકાર નહીં હોઈ. એકવાર 'મહા મંદિર' આધ્યાત્મિક અધ્યયનનું સંપૂર્ણપણે નિરીક્ષણ કરશે, પછી ઢોંગી ગુરુઓ આધ્યાત્મિકતાના ક્ષેત્રમાં પ્રવેશવાની હિંમત કરશે નહીં.

"યોગ" નું અધ્યાપન પણ આધ્યાત્મિકતાની શ્રેણીમાં આવે છે અને તે હિન્દુ ધર્મનો એકાધિકાર છે. 'યોગ' ગુરુ અન્ય આધ્યાત્મિક શિક્ષકોના સમકક્ષ હોવા જોઈએ. 'યોગ' નો અભ્યાસ અનુભવી 'યોગ' શિક્ષકના દેખરેખ હેઠળ જ કરવું જોઈએ. 'યોગ' શિક્ષકોને આવું શરૂ કરતા પહેલા 'મહા મંદિર' પાસેથી આવશ્યક પરવાનગી લેવી પડશે. 'યોગ' શિક્ષકો ઘરમાંથી અથવા કોઈ પણ સંસ્થા, શાળા અથવા કૉલેજ અથવા કોઈ આશ્રમમાં ખાનગી રીતે 'યોગ' શીખવી શકે છે - પણ તેની પાસે 'મહા મંદિર' ની પરવાનગી હોવી જોઈએ. એવા અહેવાલ છે કે 'યોગ', જો ખોટી રીતે કરવામાં આવે તો શરીરને નુકસાન કરી શકે છે. 'મહા મંદિર' એ લોકોને 'યોગ' વિષય પર માર્ગદર્શન અને શિક્ષિત કરવું જોઇએ કે તેઓએ 'મહા મંદિર' દ્વારા પ્રમાણિત શિક્ષકો પાસેથી જ શીખવું જોઇએ. કહેવાની જરૂર નથી કે 'યોગ' શિક્ષકો ને આધ્યાત્મિક શિક્ષકોની જેમ વિશાળ આવકને પોતાની પાસે રાખવાની મંજૂરી આપવી જોઈએ નહીં.

ગૌ સુરક્ષા સંબંધિત પ્રકરણમાં ચર્ચા કર્યા પ્રમાણે, 'મહા મંદિર' ને લગભગ ૧,૮૦,૦૦૦,૦૦ ગૌને આશ્રય અને ખોરાક માટે દર વર્ષે આશરે એક લાખ કરોડ રૂપિયાની જરૂર છે. આધ્યાત્મિકતા, યોગ, આયુર્વેદ, જ્યોતિષવિધા અને વાસ્તુ શાસ્ત્ર નામક હિન્દુ ધર્મની તમામ શાખાઓએ ગૌ સુરક્ષા પરના ખર્ચને પહોંચી વળવા 'મહા મંદિર' ના કિટ્ટીમાં ફાળો આપવો પડશે.

છેલ્લા બે-ત્રણ દાયકાઓથી કેટલાક આધ્યાત્મિક ગુરુઓ ખૂબ જાણીતા થયા છે અને આધ્યાત્મિકતા તેમજ યોગના ઉપદેશો માટે સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ થયા છે. તેમાંના કેટલાકએ તો આયુર્વેદમાં પણ પ્રવેશ કર્યો છે. 'મહા મંદિર' એક નવી ઓળખ હોવાના કારણે આ આધ્યાત્મિક ગુરુઓ, જેઓ તેમના સ્થાને ખૂબ ઊંચા છે, પોતાને તેમની સામે નાનું સમજી શકે છે. 'મહા મંદિર' ને પોતાની ફરજો સારી રીતે નિભાવવી પડશે.

'મહા મંદિર' એ નિયમિતપણે બધા આશ્રમની આવકમાંથી ચોક્કસ રકમ એકત્રિત કરવી જોઈએ.

ગરીબોના બેંક ખાતામાં ડાયરેક્ટ કેશ સબસિડી

અગાઉના પ્રકરણમાં ચર્ચા કરાઈ હતી તેમ, મહા મંદિર- હિન્દુ ધર્મની સર્વોચ્ચ વહીવટી મંડળની રચના પાછળનું મુખ્ય હેતુ છે સંપૂર્ણપણે હિન્દુ ધર્મમાંથી જાતિ વ્યવસ્થાને નાબૂદ કરવું.

આજે જેમ કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓ ઉપરાંત અમુક પછાત જાતિઓ શિક્ષણ, સરકારી નોકરીઓ અને રાજકીય મતક્ષેત્રોમાં અનામતનો લાભ ભોગવે છે. એકવાર મહા મંદિર દ્વારા જાતિ પ્રથાને નાબૂદ કરવામાં આવે તો, બધા લાભો જશે. એકવાર કોઈ જાતિ પ્રથા ન હોય તો, કોઈને પણ જાતિના આધારે કોઈપણ લાભ મળવાનો કોઈ પ્રશ્ન નથી, પરંતુ અગાઉ ચર્ચા કરી એ મુજબ તે એક પ્રકારની અરાજકતા ઊભી કરે તેવી સંભાવના છે.

અનામતના લાભો હાલમાં દલિતો, અનુસૂચિત જનજાતિ અને કેટલાક પછાત જાતિઓના ગરીબ કુટુંબોની મદદ કરવા માટે રચાયેલ છે. આ સમુદાયોના લોકો તેમનું જીવન એ ભ્રમણાથી પસાર કરે છે કે એક દિવસ તેમના પરિવારના એક વ્યક્તિને અનામતનો લાભ મળશે. હકીકત તો એ છે કે વીસ ટકામાંથી એકને અથવા ૫% ને જ કહેવાતા અનામતના

લાભો મેળવવામાં સફળતા મળે છે. તેઓ પોતાનું આત્મસન્માન ગુમાવીને આ લાભો પ્રાપ્ત કરે છે, જે તેમને નીચલી હિન્દુ જાતિના લોકો તરીકે નું સંબોધન અપાવે છે.

જયારે નીચલી જાતિના હિન્દુ સ્તરના ૨૦ લોકોમાંથી માત્ર એક જ વ્યક્તિએ અનામતના લાભમાં કાપ મૂક્યો છે, ત્યાં ગરીબના બેંક ખાતામાં ડાયરેક્ટ કેશ સબસિડીનો લાભ જાતિ અને ધર્મને ધ્યાનમાં લીધા વિના તમામ લોકોને મળશે. ઉચ્ચ હિન્દુ જાતિના ગરીબો માટે સરકારી નોકરીઓમાં અનામત માટે પહેલેથી જ માંગ ચાલી રહી છે.

ચાલો ગરીબના બેંક ખાતાઓમાં ડાયરેક્ટ કેશ ટ્રાન્સફરને સમજીએ. દાયકાઓથી મોટાભાગના વિકાસશીલ દેશોમાં આ પ્રથા ચાલી રહી છે. તે સરકારો દ્વારા લેવામાં આવેલ "રોબિન હૂડ" અભિગમ સિવાય બીજું કાંઈ નથી. સરકારો સમૃદ્ધ લોકો પાસેથી કરના સ્વરૂપમાં આવક એકત્ર કરે છે અને તેનો એક ભાગ ગરીબ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરે છે. આ ડાયરેક્ટ કેશ ટ્રાન્સફર સ્કીમ અનિચ્છનીય લોકો પાસે નાણાં જતાં અટકાવે છે. અત્યારે ભારત સરકાર ઓછા કે ખૂબ ઓછી કિંમતે અનાજના વિતરણ અને સામાન્ય વપરાશની અન્ય વસ્તુઓની સબસિડી પર કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. મોટાભાગના ગરીબ પરિવારોની નબળી ખરીદ શક્તિ હોવાથી વસ્તુઓની સારી ટકાવારી અયોગ્ય જૂથો તરફ જતી રહે છે.

વડાપ્રધાન શ્રી. મોદી દ્વારા શરૂ કરવામાં આવેલા ગરીબ પરિવારોના નામ પર ભારતમાં કરોડો જેટલા ધન ખાતાઓ છે, તેથી "ડાયરેક્ટ કેશ સબ્સિડી ટ્રાંસ્ફર સ્કીમ" ને લાગુ કરવામાં વધુ સમય લાગશે નહીં.

સ્કીમ કેવી રીતે કાર્ય કરે છે**?** જો પાંચ વ્યક્તિનો પરિવાર દર મહિને વીસ કિલો ઘઉંનો ઉપયોગ કરે છે અને તેમને ઓપન માર્કેટમાંથી ખરીદવા પર પ્રતિ કિલો માટે રૂ.૧૫ વધુ ચૂકવવા પડે છે, તો તેઓ ડાયરેક્ટ સબસિડીના ભાગ રૂપે તેમના બેંક ખાતામાં દર મહિને રૂ. ૩૦૦/- મેળવવાના હકદાર છે. તેવી જ રીતે જ્યારે કોઈ રાશનની દુકાનો નહીં હોય ત્યારે ઘણી બધી વસ્તુઓ મોંઘી થશે. સબસિડી પાછી ખેંચી લેવામાં આવે તો ગેસ સિલિન્ડર વધારે મોંઘુ થશે. એક ગરીબ પરિવાર દર મહિને રકમની તફાવત મેળવવા પાત્ર છે.

એકવાર ડાયરેક્ટ કેશ સબ્સિડી ટ્રાંસ્ફર સ્કીમ લાગુ થઈ ગયા પછી, કોઈ પણ રાશન દુકાનો અથવા ભારતના ખાદ્ય નિગમના ગોદામ નહીં હોય. ત્યારબાદ ભારત સરકારને ખેડૂતો પાસેથી લઘુત્તમ ટેકાના ભાવ પર અનાજ ખરીદવાની જરૂર નહીં રહે. ખેડૂતો ઊંચી કિંમતે સીધા બજારમાં જ તેમના ઉત્પાદનો વેચશે અને સરકાર વેચાણની કિંમતનો તફાવત ગ્રાહકોને ડાયરેક્ટ કેશ ટ્રાન્સફર રૂપે ચૂકવશે.

ડાયરેક્ટ કેશ ટ્રાન્સફર ગરીબ પરિવારો દ્વારા તેમની આરોગ્ય સંભાળ તેમજ તેમના વીમા પ્રિમીયમ દ્વારા ખર્ચવામાં આવતા નાણાંમાં મદદ કરશે. હાલમાં ભારતમાં ૧૫ કરોડ જેટલા પરિવારો છે, જે ગરીબ, ખૂબ ગરીબ અને નીચલા મધ્યમ વર્ગના હોવાનું માનવામાં આવે છે. ભારતનો જીડીપી હવે ૧૫૦ લાખ કરોડથી વધુ છે અને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા લેવામાં આવતો કરવેરા ૨૫ લાખ કરોડથી વધુ છે.

એવું કોઈ કારણ નથી કે ભારતીય સરકાર અનાજ અને સામાન્ય વપરાશના અન્ય ઉત્પાદનોના સબસિડીયુક્ત વિતરણના બદલામાં ડાયરેક્ટ કેશ ટ્રાન્સફર સ્કીમ માટે તેની આવકનું ૧૫% વાપરી ન શકે.

અગાઉ ચર્ચા કર્યા પ્રમાણે, જાતિ પ્રથાને નાબૂદ કરવાથી દેશમાં દલિતોના નેતૃત્વને પડકાર મળી શકે છે. તેઓ દાવો કરી શકે છે કે સ્વતંત્રતાના ૭૦ વર્ષ દરમિયાન સામાન્ય રીતે દલિતો ગરીબીમાંથી બહાર આવ્યા નથી અને અનામતના લાભોના સ્વરૂપમાં વધુ લાભ

આપવાની જરૂર છે. તેમની માંગણીનો એક ઉકેલ એ છે કે દલિત પરિવારોને તેમના બેંક ખાતાઓમાં ૫૦% વધુ રકમ ચૂકવવી જોઈએ, જે તેમને ભૂતકાળમાં અપાયેલી વેદના માટે વળતર હશે.

૧૫ કરોડ પરિવારને ચૂકવવામાં આવતી વાર્ષિક રૂ. ૨૦,૦૦૦ ની કુલ રકમ રૂ. ૩ લાખ કરોડની છે. ભારતમાં ૭.૫ કરોડથી વધુ દલિત પરિવારો નહીં હોય, અને રૂ.૭૫ લાખ કરોડની વધારાની રકમ પૂરતી હશે. તો પણ સંપૂર્ણ ડાયરેક્ટ કેશ ટ્રાન્સફર રૂ. ૩.૭૫ લાખ કરોડ સુધી પહોંચશે, જે સરકારના કુલ આવકનું લગભગ ૧૫% છે.

જાતિ પ્રથા નિર્મૂળ થઈ જશે. દેશના તમામ રાજકીય પક્ષો દ્વારા નક્કી કરવામાં આવેલા ચોક્કસ સમયગાળા માટે માત્ર અગાઉના દલિતો ને જ અન્ય ગરીબ કુટુંબો કરતાં ૫૦% વધુ રકમ ચૂકવવામાં આવશે.

તમાકુ, દારૂ અને નશીલા પદાર્થો નું સેવન - મહા મંદિર માટે એક પડકાર

ઇસ્લામ ધર્મ તેના અનુયાયીઓને કોઈપણ પ્રકારના દારૂનું સેવન કરવાથી રોકે છે, તેવી જ રીતે શીખ ધર્મ તેના અનુયાયીઓને કોઈપણ સ્વરૂપમાં તમાકુનું સેવન કરવાથી રોકે છે.

આજના ભારતની સ્થિતિ જોઈએ તો, દારૂનું સેવન એ સ્તરે પહોંચી ગયું છે કે ગરીબ પરિવારોની સ્ત્રીઓ માટે ટકી રહેવું મુશ્કેલ છે. દેશી દારૂના તીવ્ર સેવનના કારણે પતિની નોકરી છૂટી જાય છે અને તે દારૂ ખરીદવા માટે તેની પત્નીને પૈસા આપવા માટે આગ્રહ કરે છે. કેટલીક વખત તે દારૂ પીવાની લયમાં તેની પત્ની અને બાળકોને પણ માર મારે છે. ગરીબ પરિવારોની સ્ત્રીઓ ક્યારેક દારુડિયા પતિને કારણે પરિવારનું ભરણપોષણ કરતી હોય છે. ઘણી વખત સ્ત્રીઓને દારુડિયા પતિને કારણે વેશ્યાગીરીમાં જવું પડે છે.

સિગારેટ અને સિગારના રૂપમાં તમાકુનું ધુમ્રપાન સમગ્ર વિશ્વમાં એક સદી કરતાં વધુ સમયથી મોટી ચિંતાનું કારણ બની ગયું છે. સદીઓથી બીડી અને હુક્કા તમાકુ ધૂમ્રપાનના ભારતીય સ્વરૂપ તરીકે લોકપ્રિય છે. તે જાણીને ઘણું આશ્ચર્ય થાય છે કે શીખ ધર્મ, જે વિશ્વ ધર્મોમાં ઉમેરવામાં આવનાર છેલ્લો છે, તેણે તેના અનુયાયીઓને તમાકુના કોઈપણ પ્રકારનું સેવન કરવાથી રોકે છે, જોકે તે તેના અનુયાયીઓને દારૂ પીવાથી પ્રતિબંધિત કરતું નથી. સમગ્ર વિશ્વમાં તાજેતરમાં જ શોધાયું છે કે તમાકુના સેવનથી માનવ શરીરમાં કેન્સર થાય છે. તમાકુના ઉપયોગને પ્રતિબંધિત કરીને, શીખ ધર્મએ તેના અનુયાયીઓને ચોક્કસપણે ઉત્તમ સેવા આપી છે.

સમગ્ર વિશ્વમાં જાગરૂકતા વધી રહી છે કે દારૂની ટકાવારી તેના ચલોની નીચે લાવવી જોઈએ. ઓછી માત્રામાં દારૂ ધરાવતા પીણાં પર કર ઓછો છે. તે જોવું આનંદદાયક છે કે ઇસ્લામ ધર્મ તેના અનુયાયીઓને દારૂવાળા પીણાંનું સેવન કરવાની પરવાનગી આપતું નથી.

હિન્દુ ધર્મ, કોઈપણ સર્વોચ્ચ સત્તાની ગેરહાજરીમાં કોઈપણ સ્વરૂપમાં માંસના ઓછા વપરાશ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. હજુ પણ હિન્દુઓની સારી એવી ટકાવારી માછલી અને અન્ય પ્રકારનો દરિયાઈ ખોરાક ખાય છે. એવા અન્ય હિન્દુઓ છે જે માંસ ખાય છે. પછી એવા પણ દલિતો છે જે ગૌ માંસનો ઉપયોગ કરે છે. હિન્દુની એવી કોઈ નિશ્ચિત ઓળખ નથી કે તે માંસાહારી ખોરાક કે દારૂ અથવા તમાકુ અથવા નશીલા પદાર્થો નો ઉપયોગ કરશે નહીં.

મહાત્મા ગાંધીને તેમના કાયદાકીય અભ્યાસ માટે લંડન જતા પહેલા તેમના સ્થાનિક હિન્દુ વૈષ્ણવ સમુદાય દ્વારા શપથ લેવાની ફરજ પાડી હતી, કે તેઓ દારૂ અને માંસાહારી ભોજનનું સેવન કરશે નહીં જે પશ્ચિમી સમાજોમાં નિયમિત પ્રથા છે. આ ઘટના બધા હિન્દુઓમાં જાણીતી છે. દારૂના સેવન પર પ્રતિબંધ એ હિન્દુ માન્યતા નથી, પણ તે જ સમયે અડધાથી વધુ હિન્દુઓ એક અથવા બીજા સ્વરૂપમાં માંસાહારી ભોજન ખાય છે, જો કે એવા

પણ કેટલાક હિન્દુઓ છે કે જેઓ ડુંગળી અને લસણનો ઉપયોગ કરતા નથી.

ઘણા હિન્દુ પરિવારમાં માંસાહારી ખોરાક અથવા દારૂનું સેવન નિષિદ્ધ છે પરંતુ તમાકુના સેવન પર કોઈ રોક નથી. હિન્દુઓ અને મુસ્લિમોને ધ્યાનમાં લીધા વિના, બધા ભારતીય પરિવારોમાં પાન ચાવવાની પરંપરા છે. એક સદી અગાઉ તમામ ભારતીયોમાં પાન ચાવવાની આદતથી તમાકુનું ચાવવું લોકપ્રિય થયું હતું. ભારતની સ્વતંત્રતા પછી ગુટખા અને પાન મસાલા એ તાજેતરની ઘટના છે. લોકો ગુટખાનો ઉપયોગ કરે છે, જેથી તેઓ પાન ખાધા વિના તમાકુ ચાવી શકે. તમાકુનો આ પ્રકારમાં કરવા આવતું સેવન વિશ્વના અન્ય ભાગોમાં લોકપ્રિય નથી અને તે ભારતીય સમાજમાં કેન્સરનું મુખ્ય કારણ બની ગયું છે. સરકાર તેના વિશે જાગરૂકતા લાવવાનો પ્રયત્ન કરી રહી છે પરંતુ તેમાં થોડી જ સફળતા પ્રાપ્ત કરી છે.

અત્યાર સુધી, કોઈ સર્વોચ્ચ હિન્દુ સત્તા નહોતી. દારૂ, તમાકુ અને નશીલા પદાર્થોના સેવનથી દૂર રહેવા માટે તમામ હિન્દુઓને શિક્ષિત અને માર્ગદર્શન આપવામાં 'મહા મંદિર' મુખ્ય ભૂમિકા ભજવી શકે છે. માંસાહારી ખોરાકના ઉપભોગથી માનવ શરીરને નુકસાન પહોંચતું નથી તેથી 'મહા મંદિર' ને તેના ઉપભોગ પર રોક લગાવવાની જરૂર નથી.

શિખ સમુદાયની જેમ 'મહા મંદિર' ચોક્કસપણે તમામ હિન્દુઓને કોઈપણ સ્વરૂપમાં તમાકુનું સેવન ન કરવા માટે કહી શકે છે. તમાકુના ઉત્પાદનોના વેચાણ પર પ્રતિબંધ મૂકવાની જરૂર નથી, પરંતુ 'મહા મંદિર' ચોક્કસ હિન્દુ સમુદાયને સલાહ આપી શકે છે કે તેઓ સિગારેટ અને બીડીનો ઉપયોગ ન કરે અથવા પાન સાથે કે ગુટખા તરીકે કોઈપણ સ્વરૂપમાં તમાકુ ન ચાવે. આ પ્રકારની પહેલ હિન્દુ સમુદાયને ખૂબ મોટી રીતે મદદ કરશે, જો કે આ સલાહને ન અનસુરવા બદલ કોઈને પણ દંડ આપવામાં નહીં આવે.

જૂની ટેવ એટલી સરળતાથી જતી નથી. મહા મંદિરને બધા હિન્દુઓને સતત સૂચના, માર્ગદર્શન અને શિક્ષિત કરવું પડશે કે તેઓ કોઈપણ સ્વરૂપમાં તમાકુનું સેવન ન કરે. 'મહા મંદિર' પાસે શિખ સમુદાયનું ઉદાહરણ છે. હિન્દુ ધર્મના સ્વામિનારાયણ સંપ્રદાય પણ તેમના અનુયાયીઓને કોઈપણ સ્વરૂપમાં તમાકુનું સેવન કરવાની પરવાનગી આપતા નથી. તેવું કોઈ કારણ નથી કે સમય જતા 'મહા મંદિર' તેના પ્રયત્નોમાં સફળ ન થાય. કોઈપણ સ્વરૂપમાં તમાકુના સેવનને પ્રોત્સાહન આપતી કોઈપણ પ્રકારની જાહેરાતોને મંજૂરી ન આપવા માટે તે ભારતીય સરકારને પણ દબાણ કરી શકે છે. હાલમાં સિગારેટની જાહેરાત પ્રતિબંધિત છે પરંતુ ફિલ્મ કલાકારો દ્વારા પાન મસાલાને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. સરકારે આવા પ્રોત્સાહનને બંધ કરવું જોઈએ. ભારત સરકાર ગ્રામીણ વસ્તી દ્વારા થતા બીડીના સેવન તરફ ઉદાર છે અને સિગારેટની જેમ ઊંચા કર લાદતી નથી. 'મહા મંદિર' એ ધ્યાન રાખવું પડશે કે બીડીના સેવન પર પણ સરકાર ઉચ્ચ કર લાદે. બીડી માનવ શરીરને સિગારેટ કરતા પણ વધારે નુકસાન કરી શકે છે.

ગુટખા અને પાન મસાલાના સ્વરૂપમાં તમાકુની ચાવણીએ છેલ્લાં ૩ થી ૪ દાયકાથી ભારતીય યુવાન વસ્તીને પોતાના વ્યસની બનાવી દીધા છે. લોકો તમાકુ ચાવશે અને જાહેરમાં થૂંકશે અને બધી જગ્યા પર ગંદગી ફેલાવશે. 'મહા મંદિર' ને તેના હેઠળના તમામ હિન્દુઓને તમાકુનું સેવન ન કરવા માટે શિક્ષિત કરવા જ જોઇએ.

દારૂ પર પાછા આવીએ, તો ગુજરાત રાજ્યે ૧૯૬૦માં તેની સ્થાપના પછી દારૂના વેચાણ અને સેવન પર પ્રતિબંધ મૂક્યો છે. જોકે, દારૂ પર પ્રતિબંધ છે, તો પણ તેનું સેવન કરવા ઇચ્છતા લોકોને દારૂ મળી રહે છે. તેથી દારૂના વેચાણ અને સેવન પર પ્રતિબંધ મુકવો એ સમસ્યાનો જવાબ નથી. 'મહા મંદિર' એ તમામ હિન્દુઓ પર નૈતિક બંધન લાદવું જોઈએ કે

તેઓ કોઈપણ સમયે કોઈપણ સ્વરૂપમાં દારૂનું સેવન કરશે નહીં. ભારત એક ઉષ્ણકટિબંધીય દેશ છે, એટલે દારૂ લોકો માટે જરૂરી નથી. દેશના ગરીબો દ્વારા દારૂના સેવન પાછળનો મુખ્ય ગુનેગાર દેશભરમાં ખૂણા-ખૂણા પર ઓછી કીંમતમાં મળતી દારૂ છે. 'મહા મંદિર' એ ભારત સરકાર પર દબાણ કરવું પડશે એ જોવા માટે કે દેશી દારૂ ક્યાંય બને નહીં અને વહેંચવામાં ન આવે. તે ગરીબ પરિવારોની સ્ત્રીઓને ખૂબ મદદ કરશે. આ સંદર્ભે 'મહા મંદિર' પાસે દેશી દારૂના વિતરણની દેખરેખ રાખવા માટે તેનું પોતાનું વિભાગ હોવું જોઈએ.

માત્ર થોડા સમય પહેલા સુપ્રીમ કોર્ટે ટ્રક ડ્રાઇવરો દારૂનું સેવન ન કરે તે માટે હાઇવેના વિસ્તારોમાં દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો હતો. પરંતુ પર્યટન પર પણ આ નિર્ણયની પ્રતિકૂળ અસર પડી હતી અને દારૂની દુકાનોએ પોતાનો વ્યવસાય કરવા માટે જાતે જ માર્ગો શોધી લીધા છે. દેશી દારૂના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ જ ટ્રક ડ્રાઇવરોને દારૂનું સેવન કરતા રોકશે. 'મહા મંદિર' ને એ પણ જોવું પડશે કે વિદેશી દારૂ પર દારૂની માત્રા અનુસાર કર લેવામાં આવે. જેટલી વધારે દારૂની ટકાવારી, એટલો વધારે કર. દારૂની બોટલ માત્ર પસંદ કરાયેલ વૈભવી હોટલ અને રેસ્ટોરન્ટ્સના કાઉન્ટર્સ પર જ ઉપલબ્ધ હોવી જોઈએ. 'મહા મંદિર' સરકારને એ પણ પ્રસ્તાવિત કરી શકે છે કે જે વ્યકિત આવકવેરા ચુકવણીના પુરાવાની રજૂઆત કરે છે માત્ર તેવાજ આવકવેરા કરદાતાઓને દારૂ વેચવું જોઈએ. આ પ્રથા ગરીબ લોકોને કોઈપણ સ્રોત પાસેથી દારૂની ખરીદી કરવાથી અટકાવશે.

નશીલા પદાર્થોનું સેવન એ તાજેતરની ઘટના છે. મુખ્ય ગ્રાહકો યુવાન છોકરાઓ અને છોકરીઓ છે. સારી નીતિથી ચોક્કસપણે નશીલા પદાર્થના સેવન અને ફેલાવાને ઘટાડી શકાય છે. સમગ્ર ભારતમાં કોઈની પાસે નશીલા પદાર્થ હોવું એ દંડનીય છે, તેથી નશીલા પદાર્થ પર કાયદાઓને મજબૂત કરવાનો કોઈ પ્રશ્ન નથી. જરૂરી છે માત્ર સારી નીતિ ઘડવાની.

આ પુસ્તકનો એક સંપૂર્ણ પ્રકરણ 'મહા મંદિર' ના સર્વોચ્ચ વડા દ્વારા અપાતા સાપ્તાહિક ઉપદેશ અથવા આધ્યાત્મિક વાર્તાલાપ પર સમર્પિત છે. શ્રી. મોદી, ભારતના પ્રધાનમંત્રી મહિનામાં એક વખત 'મન કી બાત' કાર્યક્રમથી ભારતીય જનતા સાથે વાત કરે છે, પરંતુ સર્વોચ્ચ હિન્દુ સત્તા દ્વારા સાપ્તાહિક વાર્તાલાપની એવી તો શું અસર કરી શકે છે તમામ હિન્દુ વસતી પર, જે પ્રધાન મંત્રીનું 'મન કી બાત' નથી કરી શકતું. ઘણા કથિત બાબા, સ્વામી અને મહાત્મા હિન્દુ વસ્તીને નૈતિકતા પર ભાષણો આપે છે પરંતુ તેની અસર થતી નથી. 'મહા મંદિર' નું અસ્તિત્વ ચોક્કસપણે તમામ હિન્દુઓના જીવન પર મોટા પ્રમાણમાં અસર કરશે અને આપણે તમાકુ, દારૂ અને નશીલા પદાર્થના વપરાશને ઘટાડવાની આશા કરીએ છે.

નદીઓનું પ્રદૂષણ - મહા મંદિર માટે એક પડકાર

ગૌને પવિત્ર ગણવામાં આવે છે, અને તેવી જ રીતે સદીઓથી નદીઓ પણ હિન્દુઓ દ્વારા પવિત્ર ગણવામાં આવે છે. જૂના સમયમાં બધા નગરો અથવા ગામો નદીના કાંઠે અથવા સરોવર અથવા દરિયાઇ કાંઠે સ્થાપિત થતા હતા. માનવ વસ્તીના વસવાટ માટે તે આવશ્યક હતું કે લોકો જ્યાં રહે છે ત્યાંથી પાણીનો સ્રોત દૂર ન હોવો જોઈએ. તબીબી વિજ્ઞાનના વિકાસના અભાવને લીધે, તે સમયમાં વસ્તીનો વિકાસ ઘણો નીચો હતો અને કેટલીક વખત નકારાત્મક પણ હતો.

નદીઓ, જે મીઠા પાણીનો મુખ્ય સ્રોત છે તેને બધા હિન્દુઓ દ્વારા માતાની જેમ માનવામાં આવતી હતી. તે સમયે ઉદ્યોગો અસ્તિત્વમાં નહોતા અને નદીના પ્રદુષણના મુખ્ય સ્રોતો કપડાં ધોવા અને ધાર્મિક સામગ્રી અથવા ક્રિયાત્મક સામગ્રીનું વિસર્જન હતા. અગ્નિદાહ અપાયેલ મૃત શરીરની રાખ પણ નદીના પાણીના પ્રદૂષણમાં ભૂમિકા ભજવે છે. ખાસ કરીને ઉત્તર ભારતમાં, લોકો નદીઓમાં સંપૂર્ણ માનવ અવશેષોનું નિમજ્જન પણ કરતા હતા. ગંગા અને યમુના જેવી નદીઓના હિમાલયથી ઉદ્ભવતા પાણીનો વિશાળ પ્રવાહ આવા માનવ મૃતદેહને સમાવી શકતી હતી.

આધુનિક સમયમાં વસ્તુઓ મોટા પાયે બદલાઈ ગઈ છે. ભારત ૧.૩ અબજ માણસોની વસતી ધરાવતો દેશ છે, જે થોડી સદીઓ અગાઉ ૧૦ થી ૧૫ લાખની વસતી કરતા આશરે સો ગણી છે. જૂના સમયમાં લોકોએ ક્યારેય વિચાર્યું કે ધ્યાનમાં નહીં લીધું હોય કે તેઓ કપડા ધોવા, ધાર્મિક અને ક્રિયાત્મક સામગ્રીનું વિસર્જન કરીને મીઠા પાણીના સ્ત્રોતને દૂષિત કરી રહ્યા છે.

ભારતમાં ૧.૩ અબજની વસ્તી સાથે, એ સમય આવી ગયો છે કે લોકો નદીના પાણીના પ્રદૂષણના વિષયની ગંભીરતાને સમજે. દાયકાઓથી, ગંગા અને યમુનાની સફાઈ પર કરોડો રૂપિયા વેડફાયા છે, પરંતુ તેના બહુ ઓછા પરિણામો મળ્યા છે. પૂજાની સામગ્રી અને મૂર્તિઓને નદીના પાણીમાં વિસર્જન ન કરવાની આવશ્યકતાનું પાલન ન કરવાની લોકોની અનિચ્છાને કારણે આવું થાય છે. તેઓએ નદીઓના કાંઠે કપડાં ધોવાનું ટાળવું જોઈએ.

ઔદ્યોગિક કચરા દ્વારા થતું પ્રદૂષણ એ એક સદીથી જ ઉદભવતી એક નવી ઘટના છે. કેન્દ્રીય સરકારો તેમજ રાજ્ય સરકારો વારંવાર જળ પ્રદૂષણ રોકવા માટે કડક નિયમોનો અમલ કરવાનો પ્રયત્ન કરે છે પરંતુ ઈચ્છીત સફળતા મળતી નથી. ઉદ્યોગો પાસે અદાલતમાં સરકાર સાથે લડીને કોઈ પણ કાર્યવાહી અટકાવવા માટે સંપર્કો હોય છે. ભ્રષ્ટાચાર એ સરકારના અધિકારીઓ દ્વારા આ મોરચાની કાર્યવાહીને અટકાવવાનો બીજો રસ્તો છે. તેનું પરિણામ એ છે કે ઉદ્યોગો દ્વારા જળ પ્રદૂષણ પૂરજોશમાં થઈ રહ્યું છે.

'મહા મંદિર' નદીઓ તેમજ ભારતના તમામ જળ સ્ત્રોતના પ્રદૂષણને અટકાવવા અથવા ઘટાડવામાં મોટી ભૂમિકા ભજવી શકે છે. ભલે, જળ પ્રદૂષણ 'મહા મંદિર' નો વિષય ન હોઈ પરંતુ તે ઉદ્યોગોને શિક્ષિત કરી શકે છે અને ઔદ્યોગિક પ્રદૂષકો સામે સખત પગલાં લેવા માટે સરકારની મશીનરીને વિનંતી કરી શકે છે.

'મહા મંદિર' ચોક્કસપણે એવું કરી શકે છે કે તે બધા હિન્દુઓને શિક્ષિત કરે કે, તેઓ મૂર્તિઓ અથવા પૂજા સામગ્રીને પાણીમાં નાખીને પાણીને દૂષિત ન કરે. સરકાર તેના ભાગરૂપે પાણીના સ્રોતમાં પૂજા સામગ્રી ન ફેંકવા માટે લોકોને શિક્ષિત કરવાનો પ્રયાસ કરી રહી છે પરંતુ પરિણામો ખૂબ જ ધીમા છે. 'મહા મંદિર' માટે મૂર્તિઓનું પાણીમાં વિસર્જન એ ચિંતાનું મુખ્ય

કારણ છે. પશ્ચિમ બંગાળમાં દુર્ગા પૂજાના તહેવાર પછી તમામ કદની દુર્ગાની મૂર્તિઓ પાણીમાં વિસર્જિત કરવામાં છે. મહારાષ્ટ્ર અને કેટલાક નજીકના રાજ્યોમાં, ગણેશ તહેવારના પૂરા થયા પછી ગણેશની મૂર્તિઓ પાણીમાં વિસર્જિત કરવામાં આવે છે. નવું ઉભરતું વલણ જોવા મળી રહ્યું છે કે હવે રાજસ્થાન અને ગુજરાતમાં દસ દિવસના તહેવાર પછી દશા માની મૂર્તિઓને પાણીમાં પણ વિસર્જિત કરવામાં આવે છે.

હિન્દુઓને ગુજરાતના ઉદાહરણથી શીખવાની જરૂર છે. દર વર્ષે પશ્ચિમ બંગાળમાં આવતા દુર્ગા પૂજા તહેવારના જ સમયગાળા દરમિયાન ગુજરાતમાં દેવી દુર્ગાની ભક્તિમાં નવરાત્રી તહેવાર મોટાપાયે ઉજવાય છે. ગુજરાતના લોકો પંડાલમાં ફક્ત દેવી દુર્ગાની છબીને જ રાખે છે અને તેની આગળ અથવા તેની આસપાસ ગરબા કરે છે. નવરાત્રી તહેવાર પછી ગુજરાતીઓ દેવી દુર્ગાની ફ્રેમવાળી છબીનું પાણીમાં વિસર્જન કરતા નથી. તેવું કોઈ કારણ નથી કે મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળના લોકો દેવી દુર્ગા અથવા ગણેશની મૂર્તિઓના બદલે ચિત્ર અથવા છબીવાળી ફ્રેમ્સનો ઉપયોગ કરીને ગુજરાત સંસ્કૃતિનું અનુસરણ ન કરી શકે.

'મહા મંદિર' ને પશ્ચિમ બંગાળના દુર્ગાના ભક્તો તેમજ મહારાષ્ટ્ર અને આસપાસના રાજ્યોના ગણેશના ભક્તો તરફથી પ્રતિકાર મળી શકે છે. લોકો મૂર્તિઓનું પાણીમાં વિસર્જનની જૂની પરંપરાઓની દલીલ કરશે. 'મહા મંદિર' એ લોકોને શિક્ષિત કરવાનું છે કે સમય બદલાઈ ગયો છે અને પહેલાથી જ અપૂરતા પાણીના સ્રોતોને મૂર્તિઓના વિસર્જન દ્વારા પ્રદુષિત કરી શકાય નહીં. જૂની પરંપરાઓનો આગ્રહ અથવા હિમાયત કરતા હોય તેવા લોકો ને 'મહા મંદિર' કહી શકે છે કે જો તેઓને જૂની પરંપરાનું પાલન કરવું હોય તો વીજળી અને આધુનિક ગેજેટ્સનો ઉપયોગ કરવાનું બંધ કરી દો. લોકોએ સમય સાથે બદલાવું પડે છે અને આધુનિક સમયમાં પાણીના સ્રોત અત્યંત મહત્વના છે. લોકોને જૂની પરંપરાઓના નામ પર પાણીને દૂષિત કરવાની મંજૂરી આપી શકાય નહીં.

તેમાં થોડો સમય લાગી શકે છે, પરંતુ 'મહા મંદિર' મૂર્તિઓ તેમજ પૂજા સામગ્રીને પાણીમાં વિસર્જિત ન કરવા માટે લોકોને સમજાવવામાં ચોક્કસપણે સફળ થશે. હાલમાં ભારતમાં કોઈ સર્વોચ્ચ હિન્દુ સત્તા નથી અને લોકશાહી રીતે ચૂંટાયેલી સરકાર લોકોને મૂર્તિઓ પાણીમાં વિસર્જિત ન કરવાની સલાહ આપવાની હિંમત કરી શકે નહીં. કેટલાક મોટા શહેરોમાં સ્થાનિક સરકાર મૂર્તિઓના વિસર્જન માટે મુખ્ય પાણીના સ્રોતો પાસે અલગ તળાવો બનાવે છે પરંતુ તેમાં આંશિક સફળતા જ મળે છે. સામાન્ય રીતે શહેરના પાણીના સ્ત્રોત મોટા હોય છે અને વિશાળ વિસ્તારમાં ફેલાયલા હોય છે. લોકો તેમની સુવિધા અનુસાર પાણીમાં ગમે ત્યાં મૂર્તિઓને વિસર્જિત કરે છે. ઘણા ભક્તો વિસર્જન હેતુ માટે ઊંડા પાણીમાં જવાનો પ્રયત્ન કરે છે અને પોતાનો જીવ ગુમાવે છે.

સરકાર સતત ગંગાની સફાઈ વિશે વાત કરે છે પરંતુ ભાગ્યે જ સફળ થાય છે. વારાણસી બધા હિન્દુઓમાં 'મોક્ષ' માટે જાણીતું છે, જો તે શહેરમાં કોઈનું મૃત્યુ થાય તો. 'મોક્ષ' મળે તે હેતુથી લોકો તેમના નજીક અને પ્રિય લોકોના મૃતદેહોને ગંગા નદીના કાંઠે અંતિમવિધિ માટે દૂર-દૂરથી વારાણસીમાં લાવે છે. કેટલાક લોકો મૃત શરીરની અંતિમવિધિ કરતા નથી અને તેને ગંગાના પાણીમાં નાંખી દે છે. ચૂંટાયેલી સરકાર આ મુદ્દા પર કંઇ કરી શકતી નથી પરંતુ 'મહા મંદિર' કરી શકે છે.

હિન્દુ ધર્મના સર્વોચ્ચ સત્તા તરીકે 'મહા મંદિર' ચોક્કસપણે હિન્દુઓને ગંગાના પાણીને દૂષિત ન કરવાની સૂચના આપી શકે છે. તેઓ લોકોને સમજાવી શકે છે કે સમય બદલાઈ ગયો છે. તેઓ સરકારની કાયદા અમલીકરણ એજન્સીઓની મદદ પણ લઈ શકે છે. મત ગુમાવવાના ડરથી રાજકારણીઓ આમ કરી શકતા નથી.

કુંભ મેળા, હિન્દુ ધર્મનો મહાન કર્મકાંડ દર બાર વર્ષે સંગમ, અલ્હાબાદમાં યોજાય છે.

લાખો હિન્દુઓ ગંગા, યમુના અને સરસ્વતીના પવિત્ર પાણીમાં સ્નાન કરે છે - જેને અલ્હાબાદમાં સંગમ કહે છે. આ કુંભ મેળા હિન્દુ ધર્મની સદીઓ જૂની પરંપરા છે. ત્રણ અનુગામી અર્ધ કુંભ મેળા ઉત્તરાંચલના હરિદ્વાર, મહારાષ્ટ્રના નાસિક અને મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં બે કુંભ મેળા વચ્ચે ત્રણ વર્ષના તફાવત સાથે યોજવામાં આવે છે.

'મહા મંદિર' ને ઊંડાણપૂર્વક નિરીક્ષણ કરવું પડશે કે, આ 'કુંભ મેળા' ને વર્તમાન સ્વરૂપમાં ચાલુ રાખવાની છૂટ આપવી જોઈએ કે નહીં. ઉત્તરાંચલ, યુ.પી., મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશની સરકારો તમામ ચાર કુંભ મેળાઓની સફળતા માટે વિસ્તૃત વ્યવસ્થા કરે છે અને સફળતાનો દર પ્રશંસાપાત્ર છે. તેમને સંબંધિત નદી નજીક કુંભ સ્થળ પર લાખો લોકોની નાહવા અને રેહવાની વ્યવસ્થા કરે છે. યાત્રાળુઓ માટે તાજું પાણી પૂરું પાડવામાં તેઓ ખૂબ કાળજી લે છે. દર વખતે સરકારે કરેલી બધી ગોઠવણોની પ્રશંસા તીર્થયાત્રીઓ દ્વારા કરવામાં આવે છે. અલ્હાબાદમાં છેલ્લા કુંભ મેળા દરમિયાન, નાની નાસભાગ થઇ હતી અને થોડા લોકોએ તેમનો જીવ ગુમાવ્યો હતો. જ્યારે લાખો લોકોનો આવો વિશાળ મેળાવડો થાય ત્યારે કદાચ આવું થવું અનિવાર્ય છે. લોકોએ નાસભાગને બહાલી તરીકે લીધું હતું.

અત્યાર સુધી 'મહા મંદિર' સર્વોચ્ચ હિન્દુ સત્તા સ્થપાયી નહોતી. કોઈ શંકા નથી, કુંભ સદીઓ જૂની હિન્દુ પરંપરા છે, પરંતુ જૂના સમયની સરખામણીમાં ભક્તોની સંખ્યામાં મોટો તફાવત છે. ટ્રેનો ફક્ત ૨૦મી સદીથી કુંભ સ્થળો સુધી જાય છે. તે પહેલાં માત્ર થોડા હિન્દુઓ જ કુંભ મેળાઓમાં હાજરી આપી શકતા હતા. ટ્રેન દ્વારા કનેક્ટિવિટી સાથે, ૨૦મી સદીના પ્રારંભથી ભારતની વસ્તીમાં વૃદ્ધિ થઇ છે અને લગભગ એક સદી પહેલાની તુલનામાં લોકો સમૃદ્ધ પણ થયા છે.

તમામ ચાર કુંભ સ્થળે વધુને વધુ યાત્રાળુઓને આકર્ષિત કરવા માટે રાજ્ય સરકારો દ્વારા થતા પ્રમોશન પાછળનો ઉદ્દેશ્યનો અભ્યાસ 'મહા મંદિર' એ કરવો જ જોઇએ. 'મહા મંદિર' એ અભ્યાસ કરવો જ જોઇએ કે યાત્રાળુઓ જે પાણીમાં પવિત્ર ડૂબકી લેતા હોય તે ખરેખર સ્વચ્છ છે કે નહીં અને લાખો લોકોના સ્નાન દ્વારા સંબંધિત નદીઓના પાણીમાં કેટલું પ્રદૂષણ થાય છે.

સમય બદલાઈ ગયો છે. 'મહા મંદિર' શ્રદ્ધાળુઓને શ્રદ્ધાના નામ પર નદીના પાણીને દૂષિત કરવાની પરવાનગી આપી ન શકે. ભક્તો અથવા યાત્રાળુઓની ઊંડી તપાસ કરવાથી તે જાહેર થશે કે તેમાંના લગભગ ત્રણ-ચોથા ભાગના લોકો બહુ ગરીબ, ગરીબ અને ગરીબ મધ્યમ વર્ગના છે. આ લોકો મર્યાદિત આર્થિક સંસાધનો પર જીવે છે. 'મહા મંદિર' ને ફરીથી તપાસ કરવી જોઈએ કે આ લોકોને કુંભ મેળામાં હાજરી આપવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ કે નહીં, કારણ કે તેઓ તેમના બાળકોની શિક્ષણ અને આરોગ્ય સંભાળ પર તેમના આર્થિક સંસાધનોનો વધુ સારો ઉપયોગ કરી શકે છે. રાજ્ય સરકાર દ્વારા કુંભમાં વધુને વધુ યાત્રાળુઓને આકર્ષવાના પ્રયાસો રેલવે પર બોજ વધારે છે અને રાજ્ય પરિવહન વ્યવસ્થાઓ પર પણ ભારે અસર થાય છે. સામાન્ય લોકો જે મેળામાં હાજરી આપતા નથી તેઓને તેમના રોજિંદા હેતુઓ માટે મુસાફરી કરવામાં મુશ્કેલી થાય છે. તે ઉદ્ધત લાગી શકે છે, પરંતુ 'મહા મંદિર' કુંભ મેળાઓના સમયગાળા દરમિયાન ભાવ વધારવા માટે રેલવે અને પરિવહન સત્તાવાળાઓને ભલામણ કરવા માટે વિચારી શકે છે. તે તેના પરના બોજને ઘટાડે છે અને તેઓ તેમના કાર્યને વધુ અસરકારક રીતે કરવા સમર્થ થશે.

કેટલાક ધર્માદા સંસ્થાઓ ભક્તોને મફત ભોજન આપતા હોય તો 'મહા મંદિર' એ તે પણ બંધ કરાવી દેવું જોઈએ. સમગ્ર ભારતમાંથી સાધુઓ, બાવાઓ અને ભિખારીઓ પણ કુંભ મેળાઓ જયારે યોજાય ત્યારે તે જગ્યા સુધી પહોંચવાનો પ્રયાસ કરે છે. રેલવે

સત્તાવાળાઓ ક્યારેક અસહાય બની જાય છે અને તેમને મફત મુસાફરી કરવાની છૂટ આપે છે. હિન્દુ સમુદાય કુંભ મેળામાં કરવામાં આવેલ ગરીબને દાન સારા કાર્યો તરીકે ગણે છે; સાધુઓ, બાવાઓ અને ભિખારીઓની ભીડ આ હિન્દુ યાત્રાળુઓ પાસેથી દાન એકત્રિત કરવા માટેની હોય છે. 'મહા મંદિર' હિન્દુ યાત્રાળુઓને કુંભ મેળાઓની જગ્યાએ કોઈપણ દાન ન કરવા માટે વિનંતી કરી શકે છે. તેઓ તેમને સમજાવી શકે છે કે આ પ્રથા કુંભમાં ફક્ત બિનજરૂરી ભીડ જ નથી લાવતી, પણ અસામાજિક તત્વો પણ લાવે છે. ધનિક હિન્દુઓ પાસે દાન કરવાના હેતુ માટેના અન્ય ઘણા રસ્તા છે. આર્થિક રીતે સામાન્ય હિન્દુઓને કોઈ દાન કરવાની જરૂર નથી અને તેમના બાળકોના શિક્ષણ અને આરોગ્ય સંભાળ પર નાણાં ખર્ચવાની જરૂર છે.

કુંભ મેળાઓનું મુખ્ય આકર્ષણ નાગા બાવાઓ અને અન્ય બાવાઓનું વિવિધ જૂથોનું સ્નાન છે. હવે હિન્દુ ધર્મના સર્વોચ્ચ સત્તા તરીકે 'મહા મંદિર' છે, તો હવે એ સમય આવી ગયો છે કે કુંભ મેળામાં હાજર બધા સાધુ અને બાવાઓનું સત્ય જનતા ને ખબર પડે અને સમગ્ર દેશમાં પણ ફેલાય.

'મહા મંદિર' એ બધા સાધુઓ અને બાવાઓની પ્રવૃત્તિઓનું ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો જોઈએ. જનતાને ખબર હોવી જોઈએ કે સામાન્ય રીતે આ લોકો ક્યાં રહે છે અને તેઓ કેવી રીતે તેમની આજીવિકાનું સંચાલન કરે છે. લોકોને એ પણ ખબર હોવી જોઈએ કે આ લોકો આવા જૂથોમાં કેવી રીતે જોડાય છે. 'મહા મંદિર' એ સુનિશ્ચિત કરવું જોઇએ કે સાધુઓ અને બાવાઓની સંખ્યા વધારવામાં માનવનો વેપાર તો સામેલ નથી ને. અન્ય પ્રકરણમાં ઉલ્લેખ કરાયો છે તેમ 'મહા મંદિર' ને એ પણ તપાસ કરવી જોઈએ કે સાધુઓ અને બાવાઓની કોઈ ગુનાહિત પૂર્વભૂમિકા નથી.

હિન્દુ ધર્મના ધાર્મિક સિદ્ધાંતોને લીધે જળ પ્રદૂષણના વિષય પર પાછા આવીએ તો, 'મહા મંદિર' એ બધા હિન્દુઓને શિક્ષિત અને માર્ગદર્શન આપવું જોઈએ અને ઘણી વખત સલાહકારોને નિયુક્ત કરવા જોઈએ. હાલના સમયમાં મનુષ્યના અસ્તિત્વ માટે પાણીનો સ્રોત અત્યંત મહત્વનો છે અને લોકોને ધર્મના નામથી તેમને દૂષિત કરવાની મંજૂરી આપી શકાય નહીં.

યાત્રાધામ પ્રવાસન - મહા મંદિર માટે એક પડકાર

અગાઉ બીજા પ્રકરણમાં ચર્ચા કરી હતી, તેમ હિન્દુ ધર્મના ઘણા અનુયાયીઓ ભગવાનની ઉપાસનાને આનંદ અને રમૂજમાં લે છે. અન્ય ધર્મો સાથે એવું નથી. ભગવાનની ઉપાસનાથી આનંદ મેળવવાની હિન્દુઓની માનસિકતાનો ગેરલાભ ઢોંગી ગુરુઓ અને મહાત્માઓ ઉઠાવે છે.

દર વર્ષે હજારો સમૃદ્ધ ભારતીયો તેમના સંબંધીઓ અને મિત્રો સાથે હરિદ્વાર અને અન્ય સ્થળોએ મુસાફરી કરે છે. તેઓ ભાગવત સપ્તાહ નામની ધાર્મિક વિધિ કરે છે જે સાત દિવસ ચાલે છે અને લાખો રૂપિયાનો ખર્ચ કરે છે. યજમાન તેના મહેમાનો તેમજ ભાગવત સપ્તાહની પ્રદર્શન ટીમ માટે આરામદાયક રોકાણની વ્યવસ્થા કરે છે. સમગ્ર કાર્યક્રમ પાછળ યજમાનનો મુખ્ય હેતુ પોતાનો સામાજિક પ્રભાવ વધારવાનો છે. આ હિન્દુ સમાજનું નવું આશ્ચર્ય છે. અત્યાર સુધી, સમૃદ્ધ હિન્દુઓ સમાજમાં તેમનો પ્રભાવ વધારવા માટે તેમના પરિવારના લગ્ન પ્રસંગનો ઉપયોગ કરી રહ્યા હતા.

કેટલાક હિન્દુ મંદિરોમાં મંદિરના છતની ટોચ પર ધ્વજ (ધજા) લાગવાની પરંપરા છે. ઘણાં ધનવાન હિન્દુઓ તેમના નામમાં ચોક્કસ મંદિર પર ધ્વજ લગાવવામાં ગર્વ અનુભવે છે. તેઓ તેમના સંબંધીઓ અને મિત્રોને મંદિરના સ્થળે તેમની સાથે જવા માટે આમંત્રિત કરે છે. તેઓ આ પ્રસંગે ખુશીથી ખર્ચ કરે છે. તેઓ તેમના બધા મહેમાનો માટે સારા ભોજન સાથે આરામદાયક રોકાણની વ્યવસ્થા કરે છે. ફરી એકવાર તે ધર્મના નામે ધનનું પ્રદર્શન છે.

'પદયાત્રા' એ હિન્દુ ધર્મની સદીઓ જૂની પરંપરા છે. જૂના સમયમાં, જાહેર પરિવહન વ્યવસ્થા નહોતી અને લોકો પગ દ્વારા ચાલીને ધાર્મિક સ્થળોની મુલાકાત લેતા હતા. તેઓ જૂથોમાં મુસાફરી કરતા હતા. તાજેતરના સમયમાં 'પદયાત્રા' એ અંશે સંગઠિત થઇ ગયું છે કે તીર્થયાત્રાના સ્થળોની મુલાકાત લેવું એ ભાગ લેનારાઓ માટે મોજ થઈ ગઈ છે. વ્યવસાયિક લાભ માટે અથવા ગરીબને યાત્રાળુ સ્થળોની મુલાકાતે લઇ જવાના નામના આધારે ચોક્કસ મુસાફરી એજન્સી દ્વારા 'પદયાત્રા' ગોઠવવામાં આવે છે. લોકો વીસ,પચાસ અને સેંકડોના જૂથોમાં હાઇવે પર પગ દ્વારા ચાલીને જાય છે. તેમનું રસ્તા માટે ભોજન તેમજ રાત્રિમાં રેહવાની વ્યવસ્થા 'પદયાત્રા' આયોજકો દ્વારા ગોઠવવામાં આવે છે. આ ઘેલછા સમગ્ર દેશમાં, ખાસ કરીને ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં વધુ ઝડપથી વિકસી રહી છે.

'પદયાત્રા' ના કિસ્સામાં 'મહા મંદિર' ની ભૂમિકા એ હશે કે તે ભાગ લેનારા લોકો તેમજ આયોજકોને એ હકીકતથી અવગત કરાવશે કે આધુનિક દુનિયામાં હાઇવે પર 'પદયાત્રા' ને મંજૂરી નથી. રાહદારી અને વાહન ડ્રાઇવરોના હિતોને સુરક્ષિત કરવું તે કોઈપણ સરકારની મુખ્ય ફરજ છે. તેથી, તે આવશ્યક છે કે કોઈપણ જાતિ અથવા ધર્મના લોકો રાજ્ય હાઇવે અથવા રાષ્ટ્રીય હાઇવે પર કોઈ પદયાત્રા' ન કરે. સામાન્ય વાહનોના ટ્રાફિકને ધીમું કરવાની સાથે-સાથે ઘાતક અકસ્માતની શક્યતા પણ છે. એક ઝડપી અને અવરોધિત ટ્રાફિક અવરજવર એ આધુનિક સમયની આવશ્યકતા છે અને તેને અવરોધિત કરવાની કોઈ પણ વ્યક્તિને પરવાનગી નથી. માનવ જીવન એ વિશ્વભરમાં ખૂબ મહત્વનું છે, પરંતુ ભારતમાં લોકો જીવનને મૂલ્યવાન ગણતા નથી અને સમગ્ર દેશમાં હાઇવે પર ચાલીને જતાં ઘણાં લોકો મરે છે એ એહવાલ છતાં, સરકારે હાઇવે પર 'પદ યાત્રા' પર પ્રતિબંધ મૂક્યો નથી.

ચૂંટાયેલી સરકાર લોકોની શ્રદ્ધા અને ધર્મોને પ્રાધાન્ય આપે છે અને તેમની સલામતીને અવગણે છે પરંતુ હવેથી જ્યારે હિન્દુ ધર્મની સર્વોચ્ચ સત્તા અસ્તિત્વમાં આવશે, ત્યારે લોકોની સુરક્ષા તેમજ હાઇવે પર ઝડપી ગતિશીલ ટ્રાફિકને અવગણવાનું કોઈ કારણ નથી. જેમ બીજા

પ્રકરણમાં ચર્ચા કરવામાં આવી છે તેમ, ચોમાસાના સમયગાળામાં હાઇવે પર 'કવાડિયા' ની અવરજવર સામાન્ય 'પદયાત્રા' કરતાં વધુ સમસ્યાઓનું કારણ બને છે અને દર વર્ષે અનેક અકસ્માત થાય છે. કેટલીકવાર, ‘કાવડિયા’ વાહનો ને બાળે છે અને નિયમિત ટ્રાફિકની અવરજવર ને પ્રતિબંધિત કરે છે. 'મહા મંદિર' ને ‘કાવડિયા’ ને તેમની યાત્રા કરવાથી બંધ કરી દેવા જોઇએ.

ભગવાન કૃષ્ણના કેટલાક ભક્તો શહેરી વિસ્તારોમાં વહેલી સવારમાં 'પ્રભાત ફેરી' નીકાળે છે. અનુયાયીઓ દ્વારા લાઉડસ્પીકર્સનો ઉપયોગ કર્યા વગર ગાવું તે ઉપાસનાનો સાચો રસ્તો છે. આવી પ્રથાને 'મહા મંદિર' દ્વારા પ્રોત્સાહિત કરવાની જરૂર છે કારણ કે તેનાથી કોઈ ધ્વનિ પ્રદૂષણ થતું નથી; તેનાથી વિપરીત તે શ્રોતાઓના કાન માટે સુખદાયક છે.

હિન્દુ ધર્મમાં, વિવિધ પ્રસંગો પર જાતિઓ અથવા નાત દ્વારા અનેક પ્રકારની ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે. ધાર્મિક વિધિ અથવા કાર્યક્રમના અંતે લોકો સરઘસ નીકાળે છે અને આખા શહેરમાં ફેરવે છે. જૂના દિવસોમાં સરઘસ નીકાળી શકાતું હતું કારણ કે તે સમયમાં જીવન ધીમું હતું, પરંતુ આધુનિક સમયમાં તેને મંજૂરી આપી શકાતી નથી. 'મહા મંદિર' એ લોકોને શિક્ષિત કરવું પડશે કે તેઓએ શહેરના રસ્તાઓ પર સરઘસ નીકાળવાની ઈચ્છાને નિયંત્રિત કરવી જોઈએ.

ભારતમાં લોકો ક્યારેક દેવની ભક્તિ અને ઉપાસનાને રમૂજમાં લે છે. આ કરવા માટે યાત્રા જ એકમાત્ર રસ્તો નથી, અન્ય રસ્તા પણ છે. જેમ જેમ સમય પસાર થાય છે, તેમ વધુને વધુ લોકો પહેલા કરતાં આર્થિક રીતે સદ્ધર થતા જાય છે. સ્વતંત્રતા પછી ઘણાં બધાં લોકો હિન્દુ તહેવારોમાં ભાગ લેતા થયા છે. જો ૧૯૪૭માં કુલ પાત્રીસ કરોડની કુલ વસ્તીમાંથી સાત કરોડ લોકો તહેવારોમાં ભાગ લઈ શકે, તો હવે એકસો ને ત્રીસ કરોડની વસ્તીમાંથી સિત્તેર કરોડ લોકો ભાગ લઈ શકે છે. સમૃદ્ધિ એ દેશ માટે એક સારી વસ્તુ છે, પરંતુ 'મહા મંદિર' એ ભારતના લોકોને જણાવવું જોઈએ કે સમૃદ્ધિ સાથે જવાબદારી પણ આવે છે.

હવે તો એ અંશે વસ્તુઓ થવાની ચાલુ થઈ છે કે ગણેશ પંડલોમાં નાટકો અથવા જાદુના કાર્યક્રમો થાય છે, તેવું જ પશ્ચિમ બંગાળમાં દુર્ગા પંડલોમાં થાય છે. દર વર્ષે નવરાત્રીના તહેવાર દરમિયાન ગુજરાતમાં ગરબા કરવામાં આવે છે. છેલ્લાં બે દાયકાથી 'ડિસ્કો ગરબા' નામનું નવું વલણ ચાલુ થયું છે જે યુવાન છોકરાઓ અને છોકરીઓના મનોરંજન માટે ફિલ્મના ગીતો પર વધુ આધારિત છે. એ જ રીતે મુંબઇમાં 'દહીં-હાંડી' તહેવાર હવે જોખમને આકર્ષિત કરી રહ્યું છે અને ઘણા પ્રતિભાગીઓ દર વર્ષે ઘાયલ થાય છે અને કેટલાક મૃત્યુ પામે છે. 'મહા મંદિર' ને હિન્દુ ભક્તોને દેવની ઉપાસનાથી આનંદ ન મેળવવા માટે શિક્ષિત કરવું જોઈએ જે બાબત અન્ય તમામ ધર્મોમાં છે.

દિવાળી અને કેટલાક અન્ય હિન્દુ તહેવારો પરિવારોના પુનઃમિલાપ માટે છે, પરિવાર ના અન્ય સભ્યોને મળવાનો આનંદ આ તહેવારો સાથે સંકળાયેલ છે. 'મહા મંદિર' ને આવા તહેવારોને પ્રોત્સાહિત કરવું જોઈએ પરંતુ સાથે જ દિવાળીના સમયગાળા દરમિયાન ઘોંઘાટવાળા ફટાકડાના ઉપયોગ પર રોક લગાવી જોઈએ. કોઈનો આનંદ બીજાઓ માટે દુઃખનું કારણ ન બનવું જોઈએ. એ જ રીતે 'મહા મંદિર' એ અગાશીમાંથી ઉડાડવામાં આવતી પતંગ પર રોક લગાવી જોઈએ અને ચાઇનીઝ તુક્કલની ઉડાન પર પ્રતિબંધ મૂકવો જોઈએ.
અંશતઃ સામાન્ય માણસની માનસિકતા બાલિશ છે અને સામાન્ય માણસના હિત માટે શું સારું અને ખરાબ છે એ જાણીને 'મહા મંદિર' એ હેતાળ રીતે વર્તવું જોઈએ.

ખરાબ શિક્ષણ વ્યવસ્થા - મહા મંદિર માટે એક પડકાર

વાચકો એ હકીકત વિશે જાગૃત હશે કે ખ્રિસ્તી મિશનરીઓએ સામાન્ય લોકોના શિક્ષણ પર ભાર મૂકીને સમગ્ર વિશ્વમાં ખ્રિસ્તના સંદેશાનો ફેલાવો કર્યો. તેઓએ આ સદીઓ પહેલા કર્યું હતું.

કમનસીબે, હિન્દુ જાતિ પ્રથા ફક્ત બ્રાહ્મણોને જ હિન્દુ સમાજને શીખવવાની છૂટ આપે છે. જૂના સમયમાં બ્રાહ્મણો ને જો દલિતો અથવા તે સમયે કહેવાતા અસ્પૃશ્ય ને શીખવવું પડતું તો તેઓ પોતાને અપમાનિત થયેલ માનતા હતા, પરંતુ ભારતમાં હાલની ખરાબ શિક્ષણ વ્યવસ્થા સાથે તેનો કોઈ સંબંધ નથી.

JOIN TELEGRAM CHANNEL @EBOOKSIND સ્વતંત્રતા પહેલા, બ્રિટિશરોએ ભારતીય શિક્ષણ વ્યવસ્થાને એ રીતે ડિઝાઇન કરી હતી; કે તે બ્રિટીશ અધિકારીઓ માટે વિશાળ રીતે કારકુની સ્ટાફનું ઉત્પાદન કરી શકે. બ્રિટિશરો ભારતમાં પ્રવેશ્યા તે સમયે યુરોપ અને અમેરિકામાં ઔધોગિક ક્રાંતિ થઈ ગઈ હતી, પરંતુ બ્રિટિશરોને માત્ર ઈંગ્લૅન્ડમાં ઉત્પન્ન થયેલ માલનો નિકાસ ભારતમાં કરવામાં રસ હતો. તેથી, તેઓ એવી શૈક્ષણિક વ્યવસ્થા લાગુ કરી જેનાથી ભારતમાં કુશળ કામદારો ઉત્પન્ન ન થાય. તો પણ ભારતમાં શિક્ષણની ગુણવત્તા સંપૂર્ણપણે શિસ્તબદ્ધ હતી.

બ્રિટીશથી ભારતને સ્વતંત્રતા મળ્યા પછી, વિવિધ કેન્દ્રીય સરકારો તેમજ રાજ્ય સરકારો વારંવાર શિક્ષણ વ્યવસ્થામાં ફેરફાર કરી રહી છે. પરિણામે વિધાર્થીઓની માત્ર થોડી ટકાવારી જ ભારતીય યુનિવર્સિટીઓમાંથી સ્નાતક થાય છે. પોસ્ટ ગ્રેજ્યુએટસ તેમજ એન્જિનિયર્સ માટે પણ આવું જ છે. સ્વતંત્રતા પછીના પ્રારંભિક વર્ષોમાં વડાપ્રધાન નહેરુએ સમગ્ર ભારતમાં આઇઆઇટી અને ઘણી પ્રાથમિક શિક્ષણ સંસ્થાઓના નિર્માણની પહેલ કરી હતી. તેઓએ તેમને ભારતના નવા મંદિરો તરીકે ઓળખાવ્યા હતા, પરંતુ વર્તમાન શૈક્ષણિક સંસ્થાઓ માટે આવું કહી શકાય નહીં.

કેન્દ્રની અનુગામી સરકારોએ ખાનગી પ્રવેશકર્તાઓ માટે શિક્ષણમાંથી મળતાં કોઈ લાભ પર રોક લગાવી છે. પરિણામ એ છે કે રાજકારણીઓ અને મોટા જમીન ધારકોએ કોઈ અનુભવ વિના શિક્ષણ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે. તાજેતરમાં કેટલાક જાણીતા ઔધોગિક સંસ્થાઓએ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા માટે ક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે પરંતુ તે માત્ર સમુદ્રમાં એક ટીપાં જેવું છે.

દાયકાઓ પહેલા, ભારતીય ઉધોગો માટે કુશળ કામદારો વિકસાવવા ઔધોગિક તાલીમ સંસ્થાઓ સમગ્ર ભારતમાં શરૂ કરવામાં આવી હતી. શરૂઆતમાં પરિણામો સારા હતા, પરંતુ પાછળથી શિક્ષણની ગુણવત્તા એટલી ઘટી ગઈ કે ભાગ્યે જ આઇટીઆઈના કોઈપણ વિધાર્થીને ઉધોગમાં નોકરી મળતી.

વર્તમાન સરકારે ઔધોગિક તાલીમ સંસ્થાઓને મોટા પ્રમાણમાં પ્રોત્સાહન આપવા માટે મોટી પહેલ કરી છે પરંતુ સારા શિક્ષકોના અભાવને કારણે પરિણામો જોઈએ એવા સારા નથી.

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે, થોડા વર્ષો પહેલા તત્કાલિન ભારતીય સરકારે "શિક્ષણનો અધિકાર અધિનિયમ" લાગુ કરો હતો. સરકારે ધોરણ ૮ સુધીની ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ માટે ફરજિયાત બનાવ્યું છે કે તેઓ તેમની સંખ્યામાંથી ૨૫% ગરીબ કુટુંબોના વિધાર્થીઓ ને પ્રવેશ આપશે. ભારત સરકારે તેના પ્રયાસો માટે ગૌરવ લીધું છે એ હકીકત ને સ્વીકાર્યા વિના કે પ્રથા જે વિશ્વભરમાં ચાલી રહે છે

તેમ ધોરણ ૮ સુધી દરેક વિદ્યાર્થીને મફત શિક્ષણ આપવાની ફરજ દરેક સરકારની છે.

અન્ય દેશો અને ભારત વચ્ચેનો તફાવત એ છે કે તે ફક્ત ભારતમાં જ ખાનગી શાળાઓને ગરીબ લોકો માટે તેમની ૨૫% બેઠકો અનામત રાખવા માટે ફરજ પાડવામાં આવે છે. હકીકત તો એ છે કે સરકાર તેના નાગરિકોને ફરજિયાત અને મફત શિક્ષણ પ્રદાન કરવાની તેની જવાબદારીઓથી છટકી રહી છે. ભારતની સ્વતંત્રતા પછીની સરકારે સમગ્ર ભારતમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે જરૂરી માળખાકીય સુવિધાઓ ફરજિયાત કરી છે, પરંતુ શિક્ષણ આપવા માટે જવાબદાર લોકોએ છેલ્લા થોડાક દાયકાથી આ પદ્ધતિનો એ રીતે નાશ કર્યો છે કે શાળાની ઇમારતો ખરાબ સ્થિતિમાં છે, શૌચાલય ઉપયોગી નથી, કોઈ સાધન ઉપલબ્ધ નથી, શિક્ષકો પેરોલ પર છે પરંતુ ગેરહાજર રહે છે. દાયકાઓથી ગ્રામ્ય વિદ્યાર્થીઓને શાળાઓમાં પ્રવેશ લેવા પ્રોત્સાહિત કરવા માટે મધ્યાહ્ન ભોજન યોજના છે. યોજનાએ તેનો હેતુ અમુક અંશે પૂરો પાડ્યો છે પરંતુ તેને શિક્ષણ પર પણ અસર કરી છે. શિક્ષકોને દરરોજ ભોજનની તૈયારી અને આપવામાં સામેલ થવું ફરજિયાત છે. ખોરાકની ગુણવત્તા વિશે પણ ફરિયાદો છે. કેટલીકવાર, કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓ મધ્યાહ્ન ભોજન ખાધા પછી બીમાર પડી ગયા છે.

અમેરિકામાં, સરકારી શાળાઓ દ્વારા આપવામાં આવતું શિક્ષણ એટલું સારું છે કે કેટલીકવાર સમૃદ્ધ અને પૈસે-ટકે સુખી માતા-પિતા પણ વિચારમાં પડી જાય છે કે, તેઓ તેમના બાળકોને ખાનગી શાળામાં કે પછી સરકારી શાળામાં દાખલ કરે. થોડા વર્ષો પહેલા, નવી દિલ્હી સરકારે બડાઈ મારી હતી તેને અમેરિકાના મોડલની નકલ કરી છે, પરંતુ અત્યાર સુધી ઇચ્છિત પરિણામો મળ્યા નથી, પણ તેથી એવું કોઈ કારણ નથી કે ભારતીય સરકાર ખાનગી શાળાઓ પર ભાર મૂક્યા વિના તેના બધા વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી ન શકે. અહીં 'મહા મંદિર' ને તૈયાર ભૂમિકા ભજવવાની છે.

સમગ્ર ભારતમાં, લગભગ ૨ થી ૩ લાખ વસ્તી ધરાવતા લગભગ તમામ શહેરોમાં, ખ્રિસ્તી મિશનરીઓ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમજ કેટલીક કોલેજો પણ ચલાવી રહ્યા છે. તેઓ ખાનગી શાળાઓની વર્ગમાં આવે છે અને તેમના દ્વારા આપવામાં આવતું શિક્ષણ સારી ગુણવત્તાનું છે. તેઓ અંગ્રેજી માધ્યમ તેમજ સ્થાનિક ભાષાના માધ્યમમાં શીખવે છે.

'મહા મંદિર' ને માત્ર આ જ કરવાનું છે કે તે ભારતીય સરકાર દ્વારા ચલાવવામાં આવતી બધી શાળાઓનું નિયંત્રણ લઇ લેશે. 'મહા મંદિર' દ્વારા મેળવેલી મોટા ભાગની નાણાંની આવક ગૌ સુરક્ષા પર ખર્ચવામાં આવશે, જેથી 'મહા મંદિર' પાસે શિક્ષણ પર ખર્ચ કરવા માટે કોઈ ભંડોળ રહેશે નહીં, પરંતુ 'મહા મંદિર' સમગ્ર વ્યવસ્થામાં દરિયાઇ પરિવર્તન લાવવા માટે મદદ કરી શકે છે. વર્તમાનમાં ભારતીય સરકાર શિક્ષક યુનિયનોને કારણે લાચાર છે અને તેના બોજનો ભાગ ખાનગી શાળાઓ પર નાંખી દીધો છે.

આજે ૬૦ થી વધુ વય જૂથમાં ૧૧૦ મિલિયન વડીલો છે. તેમાંના લગભગ ત્રીજા ભાગના શહેરી વિસ્તારોમાં રહે છે અને ગ્રામીણ વિસ્તારોમાં પણ શિક્ષિત વડીલો છે. 'મહા મંદિર' સરકારી શાળાઓને વધુ સારી રીતે સંચાલિત કરવામાં શિક્ષિત વડીલોનો સારો ઉપયોગ કરી શકે છે. તે વડીલોને મોટી રીતે લાભ કરશે કારણ કે રાષ્ટ્રનું નિર્માણ કરવામાં તેમની ખૂબ જ રચનાત્મક ભૂમિકા હશે અને તે તેમનો સમય પસાર કરવામાં પણ મદદ કરશે.

હાલના સરકારી વ્યવસ્થાપક મંડળ દ્વારા થતા સમાન રકમના ખર્ચમાં જ 'મહા મંદિર' આજે લગભગ બમણા પરિણામો પ્રાપ્ત કરી શકે છે, જોકે તે અન્ય જીડીપીના ગુણોત્તરમાં અન્ય પ્રગતિશીલ દેશો દ્વારા ખર્ચવામાં આવતા ભંડોળ કરતાં ઓછું છે. મહા મંદિરને એ જોવાનું છે કે શિક્ષકો તેમના કાર્યો સારી રીતે કરી રહ્યા છે અને તેઓ ગેરહાજર નથી રહેતા.

દરેક શાળામાં પૂરતા વર્ગખંડ છે. વિદ્યાર્થીઓ ને મધ્યાહ્ન ભોજન આપવા માટે અલગ સ્ટાફ છે અને ભોજનની ગુણવત્તા પણ સારી છે. શાળાના લેબમાં પૂરતા સાધનો છે. છોકરાઓ અને છોકરીઓ બંને માટે ના શૌચાલય ચોવીસે કલાક મળતાં પાણી સાથે ચાલુ સ્થિતિમાં છે. શાળાઓની ઇમારતો સાથે બાહ્ય વિસ્તારોને સારી રીતે જાળવવામાં આવે છે.

અગ્રતામાં, શિક્ષકોનું જ્ઞાન અને કુશળતા અત્યંત મહત્વની છે. 'મહા મંદિર' ને એક પદ્ધતિ ગોઠવવી પડશે, જેના દ્વારા દરેક શિક્ષકની શિક્ષણ કુશળતા સંપૂર્ણપણે ચકાસવામાં આવશે અને જેથી કરીને તેઓ તેમના વિદ્યાર્થીઓને સારી ગુણવત્તાવાળું શિક્ષણ આપી શકે. એવું બની શકે છે કે મોટાભાગના શિક્ષકોને તેમના જ્ઞાન અને કુશળતાને તાજું કરવાની જરૂર પડશે. 'મહા મંદિર' એ શિક્ષકોને તેમની શિક્ષણ કૌશલ્યને અપડેટ કરવા માટે વધારાના કલાકો ગાળવા માટે દબાણ કરવું પડશે. વિદ્યાર્થીઓમાં પણ આ જ વાત લાગુ થશે. હાલમાં ઘણા કિસ્સાઓમાં, ૭મા ધોરણના વિદ્યાર્થીનું જ્ઞાન બીજા ધોરણના વિદ્યાર્થીના સમકક્ષ છે.

તે 'મહા મંદિર' માટે આ વિશાળ કાર્ય બનશે જેમાં તે જે-તે વર્ગમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને સમકક્ષ કરશે. આ કાર્ય સરળ બનશે નહીં. ઘણા કિસ્સાઓમાં કેટલાક વિદ્યાર્થીઓને જો તેઓ પાસે જે જ્ઞાન હોવું જોઈએ તે મેળવી શકતા નથી તો તેઓને ઉચ્ચ વર્ગમાં જવાની મંજૂરી આપવામાં આવશે નહીં. શિક્ષકો ને પોતાના જ્ઞાનને અપડેટ કરવા માટે અઠવાડિયામાં બે વાર બે કલાક સમર્પિત કરવા જોઈએ અને વિદ્યાર્થીઓના શિક્ષણને અપડેટ કરવા માટે અઠવાડિયાના બાકીના દિવસોમાં થોડા કલાકો સમર્પિત કરવા જોઈએ.

જૂના સમયમાં, હિન્દુ ગામોમાં ચંદ્ર મહિના દરમિયાન માત્ર બે રજાઓ આપવામાં આવતી હતી - એક અમાવસ્યા પર અને એક પ્રકાશમાન ચંદ્રના ૧૧માં દિવસે. તે ક્રૂર લાગે છે, પરંતુ હાલના સંજોગોમાં ક્યારેક શિક્ષકો અને વિદ્યાર્થીઓ બંનેએ ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં થતી ખોટી ઘટનાઓને સુધારવા માટે વધારાનો સમય આપવો જોઈએ. આમ કર્યા વિના, ઇચ્છિત પરિણામો પ્રાપ્ત કરી શકાતા નથી.

'મહા મંદિર' માં તમામ સરકારી શાળાઓમાં શિક્ષણની દેખરેખ રાખવા માટે એક અલગ વિભાગ હોવો જોઈએ. તે એ પ્રાપ્ત કરશે, જે સરકારની મશીનરી નથી કરી શકતી. શિક્ષણ વ્યવસ્થાના તમામ સંબંધિત ખેલાડીઓમાં શિસ્તને અમલમાં મૂકવા માટે 'મહા મંદિર' ને ખૂબ જ સખત થવું પડશે.

દુઃખદ વાત એ છે કે 'મહા મંદિર' પાસે ગૌ સુરક્ષાના મુદ્દાને લીધે તેના પોતાના પાસે કોઈ ભંડોળ નહીં હોય. તેને સંપૂર્ણપણે સરકારી ભંડોળ પર નિર્ભર રહેવું પડશે, તો પણ વર્તમાન સરકારી મશીનરી દ્વારા મેળવેલા પરિણામોની તુલનામાં તે સરકાર દ્વારા ખર્ચવામાં આવતા ભંડોળ ઉપર આશરે ૨૦૦% પરિણામો મેળવી શકે છે. ભારતભરમાં ઉપલબ્ધ હાલના ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો અસરકારક રીતે ઉપયોગ કરવા માટે ખાનગી શાળાઓ પર ભાર મૂકવાની જરૂર સરકારને રહેશે નહીં.

ભારતમાં આરોગ્ય સંભાળ - મહા મંદિર માટે એક પડકાર

વર્ષ ૨૦૧૭ દરમિયાન, ચિંતાજનક બાબત હતી કે ઑક્સિજનના પુરવઠાના અભાવ સહિત એક અથવા અન્ય કારણોસર હજારો બાળકોનાં મોત થયા છે. ભારતમાં નબળાં શિક્ષણ ઉપરાંત આરોગ્ય સંભાળ એ એક બીજો ક્ષેત્ર છે, જ્યાં 'મહા મંદિર' સકારાત્મક ભૂમિકા ભજવી શકે છે.

વાચકો આ હકીકતથી પરિચિત હશે કે આધુનિક દવાના વિકાસનો સમાવેશ થાય છે તેવા ઔદ્યોગિક ક્રાંતિના પ્રારંભિક વર્ષોમાં ખ્રિસ્તી ચર્ચએ બીમાર લોકો તેમજ ઇજાગ્રસ્ત

લોકોની સંભાળ રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન પણ ઘાયલ સૈનિકોની સારવારમાં ચર્ચોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. શિક્ષણ અને આરોગ્ય સંભાળ ક્ષેત્રે તેમના સમર્પણથી વિશ્વભરમાં ખ્રિસ્તીઓને તેમનો ધર્મ ફેલાવવામાં મદદ મળી છે. તેવું કોઈ કારણ નથી કે કેમ 'મહા મંદિર' પણ મહત્વની ભૂમિકા ભજવીને સરકારને બંને ક્ષેત્રોના સારા ધોરણોને જાળવવામાં મદદ ન કરી શકે.

ભારત એક લોકશાહી દેશ છે અને સરકારની તેની નીતિઓને અમલમાં મૂકવાની પોતાની મર્યાદાઓ છે. સરકાર શિક્ષકો, ડોક્ટરો, નર્સ અથવા અન્ય સ્ટાફને તેમની ફરજ દરમિયાન દર્શાવેલ બેદરકારી અથવા ગેરહાજરી માટે નૌકરીમાંથી નીકાળી ન શકે. શિક્ષણ અને આરોગ્ય સંભાળના કિસ્સામાં 'મહા મંદિર' ચોક્કસપણે- સરકાર, સ્ટાફ અને સેવા શોધનારાઓ, વિધાર્થીઓ અને દર્દીઓ એમ ત્રણની વચ્ચે બફર તરીકે કાર્ય કરી શકે છે.

આપણે પહેલાં જ શિક્ષણ ક્ષેત્રની સમસ્યાઓ પર ચર્ચા કરી લીધી છે જ્યાં 'મહા મંદિર' ભારતમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

ભારતમાં આરોગ્ય સંભાળ ક્ષેત્રની સમસ્યા એ છે કે હોસ્પિટલો અને પ્રાથમિક સ્વાસ્થ્ય સંભાળ ક્ષેત્ર ખરાબ સ્થિતિમાં છે. તાજેતરમાં કેટલીક રાજ્ય સરકારોએ આરોગ્ય સંભાળ ક્ષેત્રને સુધારવા માટે પગલાં લીધાં છે. તેઓએ ઇમારતોને સુધારી છે અને જરૂરી સાધનો પણ પૂરા પાડા છે, પરંતુ જેમ જૂની ટેવો જલ્દી છુટ્ટી નથી તેમ, કેટલીક વખત ડોક્ટરો ઉપલબ્ધ નથી હોતા, દવાઓની અછત હોય છે અથવા જાળવણી ના અભાવને કારણે સાધન કામ કરતું નથી.

સ્વતંત્રતાના પ્રારંભિક દિવસોમાં, ભારતે રશિયાના સમાજવાદી મોડેલનું અનુસરણ કર્યું. તેણે સમગ્ર ભારતમાં તમામ ક્ષેત્રોમાં કર્મચારી સંગઠનોને સશક્તિકરણ આપ્યું. સમાજવાદી વ્યવસ્થાએ સરકારી કર્મચારીઓને તેમની ફરજો માટે પ્રતિબદ્ધતા વિના તેમની નોકરીમાં સંપૂર્ણ સુરક્ષા આપી. ૧૯૯૦ના દાયકાથી ભારતીય અર્થતંત્ર વૈશ્વિક સ્પર્ધામાં આવી છે પરંતુ ૧૯૫૦ના દાયકામાં સરકારનો તેના કર્મચારીઓ માટે સમાજવાદી અભિગમ હજી પણ એવો જ રહ્યો છે. ભ્રષ્ટાચાર સાથે આ ભારતની આરોગ્ય સંભાળ પ્રણાલી ની નબળી ગુણવત્તાનું મૂળ કારણ છે.

થોડા રાજ્યો સિવાય, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને હોસ્પિટલોની ઇમારતો ખરાબ સ્થિતિમાં છે. આવશ્યક સાધનો અને ઉપકરણોનો પુરવઠો સીમિત છે તેમજ સારી રીતે જાળવવામાં આવતાં નથી. દવાઓનો પણ પુરવઠો સીમિત હોય છે અથવા કેટલીક વાર ઉપયોગમાં લેવાતી દવાઓ જૂની દવાઓ હોય છે અને તેમની ઉપયોગની તારીખ સમાપ્ત થઈ ગઈ હોય છે. ક્યારેક ડોકટરો રજા પર હોય છે અથવા હોસ્પિટલમાં ડોક્ટરોની અછત હોય છે. નર્સ અને અન્ય તબીબી સ્ટાફ સાથે પણ આવું જ છે. કોઈકવાર એક ડોક્ટર કોઈ ચોક્કસ હોસ્પિટલમાં અથવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં એક દિવસમાં સેંકડો દર્દીઓની તપાસ કરે છે. ક્યારેક હોસ્પિટલમાં અસ્વચ્છ અથવા ગંદુ વાતાવરણ હોય છે.

ભારતની ૬૦% વસ્તી ગરીબ વર્ગ અથવા નિમ્ન મધ્યમ આવકની છે. આમાંના કેટલાક લોકો પાસે તબીબી વીમો છે અને તેમને ભારતીય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવેલ આરોગ્ય સંભાળ પર આધાર રાખવો પડે છે. ઘણી વાર આવા લોકો જેને પોષાય નહીં; તેઓને ખાનગી તબીબી પાસે જવું પડે છે અને પોતાની સારવાર માટે પોતાની કમાણીમાંથી ચૂકવણી કરવી પડે છે. ભારત તે રાષ્ટ્ર છે જ્યાં ૮૦% થી વધુ તબીબી ખર્ચ ની ચૂકવણી દર્દીઓ તેમના પોતાના ખિસ્સામાંથી કરે છે. સરકાર દ્વારા ચલાવવામાં આવતી આરોગ્ય સંભાળની નબળી સ્થિતિ તે માટે જવાબદાર છે.

અગાઉના પ્રકરણમાં ચર્ચા મુજબ, એક લાખ કરોડ રૂપિયાનો ગૌ સુરક્ષા પરનો

વધારાનો ખર્ચ, 'મહાન મંદિર' ને શિક્ષણ ક્ષેત્ર અથવા આરોગ્ય ક્ષેત્ર પર ખર્ચ કરવા માટે સ્વતંત્રતા આપતું નથી. 'મહા મંદિર' માત્ર આરોગ્ય સંભાળ પ્રણાલીની મશીનરીને વધુ સારી રીતે ચલાવવા માટે સરકારને સક્રિય રીતે સહાય કરી શકશે જેથી દર્દીઓને ફાયદો થાય.

એકવાર ફરીથી શિક્ષણ સંબંધિત પ્રકરણમાં ઉલ્લેખ કરાયો છે તેમ, 'મહા મંદિર' ૬૦ થી વધુ વય જૂથના નિવૃત્ત વડીલોની મદદ લઈ શકે છે. ભારતમાં અગિયાર કરોડથી વધુ વડીલો છે અને ભારતના આરોગ્ય સંભાળની સ્થિતિ સુધારવામાં 'મહા મંદિર' ની મદદ માટે ઓછામાં ઓછા એક કરોડ વડીલો છે. આમ કરવાથી 'મહા મંદિર' પણ રચનાત્મક રીતે વડીલોને તેમનો સમય પસાર કરવામાં મદદ કરશે. ભારતીય સંસ્કૃતિની સૌથી સુંદર વાત એ છે કે લોકો તેમના રોજિંદા જીવનમાં વડીલોને માન આપે છે. એકવાર જો વડીલ કોઈ ડોક્ટર અથવા નર્સ અથવા બિન-તબીબી સ્ટાફને કંઈક કરવાની વિનંતી કરે છે, તો નકારાત્મક પ્રતિભાવની ખૂબ ઓછી તક હોય છે. વડીલો હોસ્પિટલ ની ઈમારત અથવા આરોગ્ય કેન્દ્રની જાળવણી માટે રાજ્યના જાહેર બાંધકામ વિભાગનો સહકાર મેળવવામાં ખૂબ અસરકારક ભૂમિકા ભજવી શકે છે. હાલમાં જાહેર જનતા વિભાગ અને રાજ્યના આરોગ્ય વિભાગ વચ્ચે કોઈ સંકલન નથી. આરોગ્ય સંભાળ એકમના અધિકારીઓ પાસે સરકારના અન્ય વિભાગોમાંથી આવશ્યક કાર્ય મેળવવામાં તેમની પોતાની મર્યાદાઓ છે.

તાજેતર ગયા વર્ષ દરમિયાન દિલ્હી સરકારે સમગ્ર શહેરમાં મોહલ્લા દવાખાના ચલાવીને સારી પ્રસિદ્ધિ મેળવી છે. અર્થશાસ્ત્રીએ પણ તેની નોંધ લીધી છે. પરંતુ, સફળતા માત્ર તેના પ્રારંભિક તબક્કામાં છે અને કેવળ સમય જ જણાવશે કે મોહલ્લા દવાખાના ભવિષ્યમાં અસરકારક રીતે ચાલે છે કે નહીં.

'મહા મંદિર' પાસે વિશ્વભરમાં અન્ય દેશો દ્વારા ચલાવવામાં આવતી આરોગ્ય સંભાળ પ્રણાલીનું જ્ઞાન છે. રાજ્ય સરકારો પાસે પણ તે છે પરંતુ તેઓ તેમના જ્ઞાનને અસરકારક રીતે અમલમાં મૂકવા સક્ષમ નથી. 'મહા મંદિર' ભારતમાં આરોગ્ય સંભાળ પ્રણાલીની ગુણવત્તા સુધારવા માટે ઉત્પ્રેરકની ભૂમિકા ભજવશે. પણ તે રાજ્ય આરોગ્ય વિભાગના સમાંતર બીજું સત્તા કેન્દ્ર નહીં બને.

'મહા મંદિર' નું કાર્ય કંઈ સરળ નથી. ભારત એક એવો વિશાળ દેશ છે જ્યાં હજારો આરોગ્ય સંભાળ કેન્દ્ર ગ્રામીણ વિસ્તારોમાં છે. સૌથી પહેલું કાર્ય જે 'મહા મંદિર' ને કરવું પડશે કે તમામ આરોગ્ય સંભાળ ક્ષેત્રના કર્મચારીઓને દર્દીઓ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતા શીખાવવું. અત્યાર સુધી સંવેદન શૂન્યતાના કારણે સમગ્ર ભારતમાં નબળી આરોગ્ય સંભાળ પ્રણાલી ઊભી થઈ છે.

સરકારના ભાગ પર, તમામ સરકારી હોસ્પિટલો અને પ્રાથમિક આરોગ્ય સંભાળ કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ ભરવા માટે જરૂરી ડોકટરો, નર્સ અને અન્ય બિન- તબીબી સ્ટાફ પ્રદાન કરવાનું આવશે. જરૂરી ડોકટરો અને સહાયક સ્ટાફ વિના આરોગ્ય સંભાળ પ્રણાલી સુધારી શકાય નહીં. ડોક્ટરો, જેમણે તેમના શિક્ષણ પર લાખો રૂપિયા ખર્ચ્યા છે તેમજ લાંબો સમય ગાળ્યો છે, તેમને ગામોમાં રહેવાનું પસંદ નથી. સરકાર તબીબી વિદ્યાર્થીઓ સાથે એવો કરાર કરે છે કે તે તેમના શિક્ષણ પૂરા થયા પછી તેમને ગ્રામીણ વિસ્તારોમાં કામ કરવા માટે ફરજ પાડી શકે. જો તેઓ કરારની શરતને પૂર્ણ ન કરે તો તેમને નિશ્ચિત રકમ ચૂકવવાની રહેશે. તેમાંના ઘણા રકમ ચૂકવે છે અને ગામોમાં જતા નથી. સરકારે તેના કાર્ય રૂપે, પ્રાધાન્યતા તરીકે શહેરો અને ગામો વચ્ચે સારા રસ્તાઓનું નિર્માણ કરવું જોઇએ. ડોક્ટરો શહેરમાંથી ગામમાં તેમની પોતાની કાર દ્વારા દરરોજ ૫૦ કિલોમીટરના અંતરની મુસાફરી કરવા તૈયાર થશે, પરંતુ એક ડોક્ટર ગામમાં રહેવાનું પસંદ કરશે નહીં.

હાલના સંજોગોમાં કેટલાક ડોકટરો ગામોની હોસ્પિટલો સાથે સંકળાયેલી નોકરીઓ લે છે પરંતુ ઘણી વખત ગેરહાજર રહે છે. તેનાથી દર્દીઓને ભોગવવું પડે છે. ક્યારેક પ્રાથમિક આરોગ્ય સંભાળ કે નાના હોસ્પિટલમાં માત્ર એક જ ડોક્ટર હાજર હોય છે અને તેને દરેક દર્દીની તપાસ કરવી પડે છે. પરિણામ એ આવે છે કે દર્દીઓને યોગ્ય સારવાર મળતી નથી. આરોગ્ય સંભાળ પ્રણાલીના નિરીક્ષણમાં 'મહા મંદિર' ની સંડોવણીથી સમગ્ર ભારતમાં આરોગ્ય સંભાળ શોધનારાઓને અગણિત ફાયદા થશે.

'મહા મંદિર' ને ભારતીય આરોગ્ય સંભાળ પ્રણાલીના સુખાકારી પર કાર્ય કરવા માટે એક અલગ વિભાગ બનાવવો જોઈએ. આરોગ્ય સંભાળ કેન્દ્રોના સત્તાધિકારીઓ તરફથી ફરિયાદો છે કે તેમની પાસે પર્યાપ્ત ડોકટરો, પર્યાપ્ત ટેકો આપતા તબીબી અને બિન-તબીબી સ્ટાફ, પર્યાપ્ત ઔષધ અને દવાઓનો સ્ટોક નથી. તેમને સરકારી સત્તાવાળાઓ દ્વારા નાગરિક સુવિધાઓની જાળવણી વિશે પણ ફરિયાદો છે.

'મહા મંદિર' ના ખાલી દર્દીઓ અથવા સેવા શોધનારાઓ માટે સારી સુવિધાઓ માટે જ કામ કરશે, પણ તે સરકારના આરોગ્ય સંભાળ કેન્દ્રોમાં કામ કરતા કર્મચારીઓના હિતોને પણ ધ્યાનમાં લેશે. 'મહા મંદિર' ને ખૂબ જ સક્રિય રેહવું પડશે. આરોગ્ય સંભાળ સ્ટાફ અથવા કોઈ પણ દર્દીને એવું લાગવું ન જોઈએ કે તેમના માટે 'મહા મંદિર' રૂપે બિનજરૂરી અવરોધ ઊભો થયો છે.

'મહા મંદિર' દ્વારા કરવામાં આવતા પ્રયત્નો સામાન્ય માણસને મોટી રીતે મદદ કરશે. સમય જતાં આપણે ભારતીય આરોગ્ય સંભાળ પ્રણાલી પાસે વધુ સારા પરિણામ આપવાની અપેક્ષા રાખી શકીએ છીએ.

હિન્દુ મંદિરોમાં રખાયેલ સોનું- મહાન સંપત્તિ

ભારતીયો સોના માટે પોતાના પ્રેમ અને આવેગ માટે વિશ્વમાં જાણીતા છે. ગોલ્ડ કાઉન્સિલના અંદાજ પ્રમાણે વર્ષ ૨૦૧૧માં ભારતીય ઘરો અને હિન્દુ મંદિરોમાં રખાયેલ ખાનગી સોનું ૨૨૦૦૦ ટનથી વધુ રૂ.૬૫ લાખ કરોડ જેટલું હોવાનું માનવામાં આવે છે.

ભારતીય જનતા પાસે ખાનગીમાં રાખવામાં આવેલ ૨૨૦૦૦ ટન સોના સામે ભારત સરકાર પાસે માત્ર ૫૫૦ ટન સોનું અનામત છે. જનતાના ૨૨૦૦૦ ટનના સોનામાંથી ૩૦૦૦-૩૫૦૦ ટન સોનું જેનું મૂલ્ય દસ લાખ કરોડ છે તે હિન્દુ મંદિરોમાં આવેલું છે. સુવર્ણ દાગીના, ઇંટ અને સિક્કાના રૂપમાં આ સોનાનું દાન વિવિધ મંદિરોના ભક્તો દ્વારા કરવામાં આવ્યું છે. કેરલાના શ્રી પદ્મનાભ્વાસ્વામી મંદિરમાં થોડા વર્ષો પહેલા ગુપ્ત ભૂમિગત ખીણોમાં આશરે ૨૦ અબજ ડોલરની કિંમતના સોનાનો ખજાનો મળી આવ્યો હતો.

ભારત સરકાર સોનાની ભંડાર યોજના લાવી છે અને કેટલાક મંદિરોએ પોતાનું કેટલુંક સોનું સરકારને આપ્યું છે.

જ્યારે 'મહા મંદિર' બનશે, ત્યારે તેને યુરોપમાં વેટિકન શહેર રાજ્યની જેમ લગભગ ૦.૫ ચોરસ કિલોમીટર જેટલું ફેલાયેલ નાના શહેર જેવા મંદિરો, ઇમારતો અને તમામ સુવિધાઓના બાંધકામ માટે ભંડોળની જરૂર છે.

મહા મંદિરના નિર્માણ માટે કેવી રીતે ભંડોળ ભેગું કરવામાં આવશે? હિન્દુ મંદિરોમાં રહેલું સોનું આ હેતુ માટે મોટું વરદાન બનશે. આખરે 'મહા મંદિર' બધા હિન્દુઓ માટે છે અને એવું કોઈ કારણ નથી, જ્યાં હિન્દુ મંદિરો આ હેતુ માટે તેમની પાસે રહેલા સોનાના ખજાનાનો ઉપયોગ ન કરી શકે. આ ખૂબ જ અન્યાયી બનશે કે આટલાં બધા ટન સોનાનો ઉપયોગ ન કરવામાં આવે અને સામાન્ય હિન્દુઓ પાસેથી ભંડોળ એકત્રિત કરવામાં આવે.

વિવિધ મંદિરના વહીવટી મંડળ અને ટ્રસ્ટીઓએ જાણવું જ જોઇએ કે તેમના દ્વારા રાખવામાં આવેલું સોનું હિન્દુ ભક્તોનું છે. અત્યાર સુધી હિન્દુ ધર્મમાં સર્વોચ્ચ સત્તા તેમજ પ્રમુખ પૂજારી ન હતા. એકવાર 'મહા મંદિર' હિન્દુ ધર્મના સર્વોચ્ચ સત્તા તરીકે સ્થાન પામશે, ત્યારે તમામ હિન્દુ મંદિરો આપમેળે તેના શાસન હેઠળ આવશે.

સોનાની થાપણની સરકારની યોજનાના જવાબમાં, કેટલાક હિન્દુ મંદિરોના ટ્રસ્ટીએ ચોક્કસ મત વ્યક્ત કર્યો હતો કે તેમના દ્વારા રાખવામાં આવેલું સોનું મંદિર અને ભક્તોનું છે અને તે ઓગાળવું જોઈએ નહીં, તે સમયે 'મહા મંદિર' અથવા સર્વોચ્ચ હિન્દુ સત્તાની વાત નહોતી. એકવાર 'મહા મંદિર' ના નિર્માણનો નિર્ણય લેવામાં આવે તે પછી, સરકાર દ્વારા ફાળવવામાં આવેલી જમીન પછી સંયોજક સમિતિ માટે બાંધકામો માટે ભંડોળ ઊભું કરવું આવશ્યક બનશે. મંદિરોમાં રહેલું સોનું બિનઉત્પાદક છે અને તેનો ઉપયોગ કેટલાક ઉમદા હેતુ માટે કરવો જોઈએ. જો સર્વોચ્ચ હિન્દુ સત્તાનો વિચાર ન હોત, તો તેનો ઉપયોગ કેટલાક શૈક્ષણિક સંસ્થાઓ અથવા હોસ્પિટલો બનાવવા માટે થઈ શકે છે.

બધા હિન્દુ ભક્તો, જો તેમના અભિપ્રાય લેવામાં આવે, તો ચોક્કસપણે 'મહા મંદિર' ની સંપત્તિના નિર્માણ માટે મંદિરો પાસે રહેલા સોનાનો ઉપયોગ કરવાની તરફેણ કરશે. આખરે બધા હિન્દુઓ માટે 'મહા મંદિર' બનશે અને તે વિદેશમાંથી લાખો પ્રવાસીઓને આકર્ષશે. 'મહા મંદિર' પરિસરમાં મંદિરોના બાંધકામ માટે આપણી પાસે સ્વામિનારાયણ સંપ્રદાયના ભક્તોની

કુશળતા છે. તેઓ ભારતમાંથી દસ મહાન મંદિરો બાંધવાનો અનુભવ ધરાવે છે.

ભારત સરકાર દ્વારા હિન્દુ ધર્મના સર્વોચ્ચ સત્તાના નિર્માણ માટે સંસદમાં બિલ પસાર કર્યા પછી સંયોજક સમિતિની નિમણૂંક કરવામાં આવશે. ભંડોળ ઊભું કરવાના શ્રેષ્ઠ વિકલ્પો શોધવાનું કામ સંયોજક સમિતિનું રહેશે. મારા અભિપ્રાય મુજબ અગ્રણી હિન્દુ મંદિરો પાસે રહેલ સોનાનો ઉપયોગ કરવો એ શ્રેષ્ઠ વિકલ્પ છે.

આખરે હિન્દુઓ દ્વારા સંચાલિત હિન્દુઓ માટે 'મહા મંદિર' બનશે.

હિન્દુ મૂલ્યોની રચના – મહા મંદિર માટે એક પડકાર

ઘણા યુવાન હિન્દુઓને જાણીને વિસ્મય અને આશ્ચર્ય થાય છે કે હિન્દુ ધર્મ આ ધરતી પરનો સૌથી જુનો ધર્મ છે, જે એક અબજથી વધુ અનુયાયીઓ સાથે આશરે ૫૦૦૦ વર્ષ જુનો હોઈ શકે છે, અને જે સર્વોચ્ચ વહીવટી મંડળ અને સર્વોચ્ચ ધાર્મિક વડા વિના આજ સુધી ટકી રહ્યો છે.

ઉપરની હકીકતએ હિન્દુઓને કોઈ ચોક્કસ મક્કમ પાત્ર વિના માનવ સમાજમાં રહેવામાં મદદ કરી છે. ઘણા એવા હિન્દુઓ છે જે માંસાહારી ભોજન ખાય છે. ઘણા એવા હિન્દુઓ પણ છે જે ડુંગળી કે લસણ પણ ખાતા નથી. હિન્દુ પૂજારી દ્વારા કોઈ પણ હિન્દુને મંદિરોની નિયમિત મુલાકાત લેવા માટે ફરજ પાડવામાં આવતી નથી, કેટલાક હિન્દુઓ વર્ષો સુધી મંદિરની સીડી પણ ચઢતા નથી અને તેમને આમ કરવા માટે પૂછવામાં પણ આવતું નથી. હિન્દુઓ જાતિ અને પેટાજાતિમાં વહેંચાયેલા છે. હિન્દુઓ ઘણા દેવો અને દેવીઓની પૂજા કરે છે. હિન્દુઓ ઘણી ભાષાઓ બોલે છે અને તેમના તહેવારો, પરંપરાઓ સ્થળે-સ્થળે વિભિન્ન હોય છે. હિન્દુઓ ધરતી પરનો સૌથી સહનશીલ સમાજ છે અને તેઓ બીજા ધર્મોનો આદર તે ધર્મના અનુયાયી કરતાં પણ વધારે કરે છે. આ પ્રકારના વિવિધતાનું અંતિમ પરિણામ એ છે કે હિન્દુ ધર્મના અનુયાયીઓ માટે સમયાંતરે કોઈ પણ હિન્દુ મૂલ્યોની રચના કરવામાં આવી નથી.

હવે સર્વોચ્ચ હિન્દુ સંઘ જેને 'મહા મંદિર' તરીકે સૂચવવામાં આવ્યું છે તેના સૂચિત નિર્માણથી હવે કોઈ કારણ નથી કે કેમ હિન્દુ મૂલ્યો ન બનાવી શકાય. ખ્રિસ્તીઓ તેમના પવિત્ર બાઇબલમાં સૂચવેલ દસ કમાન્ડમેન્ટ્સનું પાલન કરે છે. હિન્દુઓ પાસે અનુસરવા માટે કોઈ સામાન્ય ધાર્મિક પુસ્તક નથી, જો કે ઘણા લોકો ગીતાને માર્ગદર્શક પરિબળ તરીકે લે છે પરંતુ તેઓને ગીતામાંથી પણ હિન્દુ મૂલ્યો માટેનો જવાબ નથી મળ્યો. હિન્દુઓ ચાર મુખ્ય વર્ણો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રામાં વહેંચાયેલા છે, ને વધુમાં સ્વચ્છતાના હેતુ અને તમામ સંબંધિત કાર્યો માટે દલિતો શૂદ્રનું અલગ વિભાજન છે.

ભારતના કેટલાક પાડોશી દેશો ભારતીય જાતિ પ્રથાથી પ્રભાવિત થયા છે. પરિણામે પાડોશી દેશોમાં બૌદ્ધધર્મ અને ઇસ્લામના અનુયાયીઓમાં લોકોનો એક ભાગ છે જેમને અછૂત ગણવામાં આવે છે. બૌદ્ધધર્મને અનુસરતા જાપાનમાં પણ અછૂત લોકોનો એક ચોક્કસ વિભાગ છે જે તમામ સ્વચ્છતા રાખવાની નોકરીઓ કરે છે.

‘મહા મંદિર'ના નિર્માણનો મુખ્ય હેતુ હિન્દુ ધર્મમાંથી જાતિ પ્રથાને નાબુદ કરવાનો છે. એકવાર આ થઇ જાય, તો પાડોશી દેશોના અન્ય ધર્મોના અનુયાયીઓ પણ અસ્પૃશ્યતાના ગેરલાભ જાણવા મળશે. ભારત અને પડોશી દેશો સિવાય જાતિ પ્રથા દુનિયામાં કોઈ પણ અન્ય જગ્યાએ જોવા મળતી નથી.

કદાચ, હિન્દુ ધર્મ હજારો જાતિ અને પેટાજાતિમાં વહેંચાયેલો છે તેના લીધે ચોક્કસ મૂલ્યો પ્રાપ્ત કરી શક્યું નથી. એક વાર જાતિ પ્રથા નાબૂદ થઇ જાય, તો વાજબી તકો છે કે હિન્દુ ધર્મ સંબંધિત તમામ બાબતોને સંચાલિત કરનાર સર્વોચ્ચ સત્તા મૂલ્યો બનાવી શકે છે.

સત્યને વળગીને રેહવું, ચોરી ન કરવી, કોઈ વ્યભિચાર ન કરવો એ દુનિયાના બધા ધર્મોનું સામાન્ય શિક્ષણ છે અને એ હિન્દુઓને શીખવવાની જરૂર નથી. 'મહા મંદિર'ને બધા હિન્દુઓ માટે નવા મૂલ્યોની રચના કરવી પડશે જે તેઓ સરળતાથી સમજીને તેનું પાલન કરી શકે. તમાકુનું સેવન ન કરવું એ એક મૂલ્ય હોઈ શકે છે, જે 'મહા મંદિર' હિન્દુ અનુયાયીઓ પર લાદી શકે છે. શીખ ધર્મ તમાકુનું સેવન ન કરવાનું પાલન કરે છે. શીખ ધર્મ એ તમામ વિશ્વ ધર્મોમાં સૌથી છેલ્લો ઉમેરાયો છે અને જો શીખો તમાકુના સેવનથી દૂર રહી શકે છે, તો એવું કોઈ કારણ નથી કે હિન્દુઓ પણ તેનાથી દૂર ન રહી શકે.

"ધ્રુમપાન કરવું એ આરોગ્ય માટે હાનિકારક છે" એનો તમામ સરકાર દ્વારા વ્યાપકપણે પ્રચાર કરવામાં આવે છે પરંતુ શીખ ધર્મ સિવાયના કોઈ પણ ધર્મમાં તમાકુના સેવન પર પ્રતિબંધ નથી. દર વર્ષે ગ્રામીણ ભારત બીડીનો ઉપયોગ સિગારેટ કરતા પણ વધારે કરે છે અને ભારતીય સરકાર બીડીને સ્વદેશી ઉત્પાદન માને છે અને સિગારેટ સમકક્ષ તેનો વિરોધ નથી કરતી.

સમગ્ર વિશ્વમાં તમાકુનું ધૂમ્રપાન કરવું એ એક સામાન્ય બાબત છે, પરંતુ ભારતીયો વિવિધ સ્વરૂપોમાં તમાકુને મૌખિક રૂપે લઇ રહ્યા છે, જે સમય જતાં જોખમી સ્તરો સુધી પહોંચી ગયું છે. ભારતીય સરકાર લોકોને તમાકુનો મૌખિક રૂપે ઉપયોગ ન કરવા માટે શિક્ષિત કરે છે પણ ઈચ્છીત પરિણામો નથી મળ્યા. બધાં હિન્દુઓને તમાકુના બધા સ્વરૂપોથી દુર રહેવા સમજાવવા માટે 'મહા મંદિર' એક મુખ્ય ભૂમિકા ભજવી શકે છે. તો પણ હિન્દુઓને તમાકુના કોઈપણ સ્વરૂપના સેવન પર પ્રતિબંધિત કરવાની જરૂર નથી, નહીં તો તે ફક્ત હિન્દુ સમાજને વધુ ભ્રષ્ટાચાર તરફ દોરી જશે.

હિન્દુ સમાજમાં કેટલાક મૂલ્યોના નિર્માણ માટે, 'મહા મંદિર' ના મુખ્ય પૂજારીને હિન્દુ અનુયાયીઓ સાથે દર અઠવાડિયે વાતચીત કરવી જોઈએ. ઘણા અમેરિકન રાષ્ટ્રપતિઓ આમ કરે છે અને આપણા વડા પ્રધાન શ્રી. નરેન્દ્ર મોદી મહિને એક વખત 'મન કી બાત' પ્રસારણમાં પણ આમ કરે છે. ખ્રિસ્તી ચર્ચો દર રવિવારે ઉપદેશ આપે છે, પરંતુ ઇલેક્ટ્રોનિક મીડિયાની ઉપલબ્ધતાથી મુખ્ય હિન્દુ પૂજારી તેમના હિન્દુ ઉપદેશોને પહોંચાડવા માટે રેડિયો અને ટીવી તેમજ મોબાઇલનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકે છે. મુખ્ય હિન્દુ પૂજારી ચોક્કસપણે તમામ હિન્દુઓને ભારતીય સરકાર કરતાં પણ વધુ તમાકુનું સેવન ન કરવા માટે શિક્ષિત કરી શકે છે. 'મહા મંદિર' નો બીજો રસ્તો છે સ્પષ્ટ દિશાનિર્દેશો આપવું કે કોઈપણ હિન્દુ કોઈ પણ સ્વરૂપમાં તમાકુનું સેવન કરશે નહીં. તે એ પણ આગ્રહ કરી શકે છે કે તમાકુનું સેવન કરવું એ પાપ છે. લાંબા સમય સુધી, મુખ્ય હિન્દુ પૂજારી દ્વારા અપાતા ઉપદેશ ચોક્કસપણે હેતુ પૂરો પડશે.

ગરીબો અને સુખ-સગવડોથી વંચિત હિન્દુઓ દ્વારા દેશી દારૂના સ્વરૂપમાં થતું દારૂનું સેવન એક બીજી મોટી સમસ્યા છે. ઇસ્લામ પોતાના અનુયાયીઓને દારૂનું સેવન કરતા અટકાવે છે. ભારતમાં ગુજરાત રાજ્યમાં પણ પ્રતિબંધ નીતિ છે પરંતુ તે હજી સુધી એટલી સફળ નથી થઇ કે બીજા રાજ્યો એના મોડેલને અનુસરી શકે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં દેશી દારૂ મોટી માત્રામાં ઉપલબ્ધ છે. ગરીબ લોકો આ દારૂના વ્યસની બનીને પોતાની નોકરી ગુમાવે છે પછી દારૂ ખરીદવા પૈસા માટે પોતાની પત્નીઓને મારે છે. કેટલાક કિસ્સાઓમાં ગરીબ વ્યસનીઓ દારૂના પૈસા માટે પોતાની પત્નીઓને વૈશ્યગીરીમાં જબરદસ્તી નાંખી દે છે.

ભારતમાં દેશી દારૂના સેવનને રોકવા માટે 'મહા મંદિર' ચોક્કસપણે ઉત્પ્રેરકની ભૂમિકા ભજવી શકે છે. દેશમાં કોઈપણ જગ્યાએ દેશી દારૂનું ઉત્પાદન થતું નથી એનું નિરીક્ષણ રાખવા માટે તે સરકાર પર દબાણ કરશે. આ ભારતભરમાં જાણીતી હકીકત છે કે દેશી દારૂનાં ઉત્પાદકોને સ્થાનિક પોલીસ વિભાગ સાથે જોડાણ હોય છે. દેશી દારૂની ઉપલબ્ધતા પર નજર રાખવા માટે 'મહા મંદિર' ખાસ વિભાગ બનાવી શકે છે.

મુખ્ય હિન્દુ પૂજારી બધા ગરીબ હિન્દુઓને કોઈ પણ પ્રકારના દારૂથી દુર રહેવા અને પોતાના બાળકોના આરોગ્ય સંભાળ અને શિક્ષણ પર બચાવેલા પૈસાનો ઉપયોગ કરવા માટે શિક્ષિત કરી શકે છે. તમાકુના કિસ્સાની જેમ, 'મહા મંદિર' હિન્દુઓને સ્પષ્ટ માર્ગદર્શિકા આપી શકે છે કે જો તેઓ આવકવેરા કરદાતા ન હોય તો તેઓ દારૂનું સેવન કરી શકશે નહીં. તેનો અર્થ એવો નથી કે 'મહા મંદિર' એ આવકવેરા કરદાતાઓને દારૂના સેવન માટે પ્રોત્સાહન આપવું જોઈએ પણ હિન્દુઓ પર દારૂના સેવન પર સંપૂર્ણ પ્રતિબંધ ન મુકવા માટે આના સિવાય કોઈ બીજો રસ્તો નથી. 'મહા મંદિર' ને અસરકારક રીતે સરકાર સાથે કામ કરવું જોઈએ એ જોવા માટે કે દારૂની ઓછી માત્રાવાળી વધુ ને વધુ દારૂ ઉપલબ્ધ થાય.

પ્રમાણભૂત ગુણવત્તાની દારૂ માત્ર પોષ વિસ્તારોમાં જ ઉપલબ્ધ હોવી જોઈએ અને ફક્ત આવકવેરા કરદાતાને જ વેચવી જોઈએ. ઓછી દારૂની માત્રાવાળી દારૂ પર ઓછો કર લેવો જોઈએ. લાંબા ગાળામાં,'મહા મંદિર' ના પ્રયત્નો દ્વારા દારૂના સેવન પર જરૂર અસર પડશે.

હવે નશીલા પદાર્થ પર આવીએ, 'મહા મંદિર' સ્પષ્ટ વલણ લઇ શકે છે કે કોઈપણ હિન્દુ કોઈપણ સ્વરૂપમાં નશીલા પદાર્થનું સેવન કરશે નહીં. સામાન્ય રીતે સમગ્ર વિશ્વમાં નશીલા પદાર્થ પર પ્રતિબંધ છે પણ હાલમાં જ નશીલા પદાર્થની ઓછી માત્રાવાળા સ્વરૂપોની પરવાનગી મળી છે. 'મહા મંદિર' એ નશીલા પદાર્થ પરની નીતિ રચવાનું કામ સરકાર પર છોડી દેવું જોઈએ પણ નૈતિક રીતે તમામ હિન્દુઓને નશીલા પદાર્થ નું સેવન ન કરવા બાબતે શિક્ષિત કરી શકે છે.

વૈશ્યાગીરી એ દુનિયાનો સૌથી જુનો વ્યવસાય છે અને હજારો વર્ષો પહેલા પણ ભારતમાં અસ્તિત્વ ધરાવતું હતું. 'મહા મંદિર' બધા હિન્દુઓને એનાથી દુર રહેવા માટે શિક્ષિત કરવું જોઈએ પણ એજ સમયએ વૈશ્યગીરીને કાયદેસર બનાવવાનો વિચાર કરવો જોઈએ એવી મહિલાઓ માટે જેને ગરીબી અથવા માનવ વેપારના કારણે જબરદસ્તીથી એમાં જવું પડ્યું હોય.

'મહા મંદિર' ભારતમાં માનવ વેપારને રોકવામાં ખૂબ જ અસરકારક ભૂમિકા ભજવી શકે છે. આવી પ્રવૃત્તિ પર નજર રાખવા માટે તે એક ખાસ વિભાગ બનાવી શકે છે.

ભારતમાં જુગાર રમવું સત્તાવાર નથી પણ હિન્દુઓમાં એનું વ્યસન મર્યાદિત છે. યુધિષ્ઠિરનું પાત્ર જુગાર રમવા માટે હિન્દુઓમાં પ્રસિદ્ધ છે, જે જુગાર રમતી વખતે તેની પત્નીને પણ ગુમાવી દે છે. રમત પ્રવૃત્તિઓ પર સટ્ટાબાજી કરવી ખાસ કરીને ક્રિકેટ પર એ જુગારનું નવું સ્વરૂપ છે જે યુધિષ્ઠિરના સમયમાં અસ્તિત્વમાં નહોતું. ઘણા અધતન દેશોએ રમતો પરની સટ્ટાબાજીને કાયદેસર કરી છે જેથી તેના સંબંધિત ગુપ્ત પ્રવૃત્તિઓને રોકી શકાય. 'મહા મંદિર' તમામ હિન્દુઓને કોઈ પણ પ્રકારના જુગાર અને રમતો પર સટ્ટાબાજીથી દુર રહેવા માટે માર્ગદર્શન આપી શકે છે પરંતુ તે જ સમયે તેને ગંભીરતાથી ધ્યાનમાં લેવું જોઈએ કે શું સટ્ટાબાજીને કાયદેસર બનાવવા માટે તે સરકારને આગ્રહ કરી શકે છે.

'મહા મંદિર' એ નકલી બાબા અને બધી પ્રકારની અંધશ્રદ્ધા પર હિન્દુઓને શિક્ષણ આપવું જોઈએ. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં આજે પણ ઘણા લોકો યોગ્ય તબીબી સારવારને બદલે અંધશ્રદ્ધાનો માર્ગ શોધે છે. 'મહા મંદિર' એ તમામ હિન્દુઓને પોતાના જીવનના તમામ પાસાઓમાં યોગ્ય વૈજ્ઞાનિક રીત નો ઉપયોગ કરવા માટે શિક્ષણ આપવું જોઈએ. મહાભારત અને રામાયણ વિશે બધા હિન્દુઓમાં એક મોટી મૂંઝવણ છે, કે શું તે ઇતિહાસનો ભાગ છે કે માત્ર મહાન મહાકાવ્ય છે. 'મહા મંદિર' ને આ બાબતે તેના વલણને સ્પષ્ટ કરવું જોઇએ. આ બે મહાકાવ્યો વિશેની

હિન્દુઓમાં એટલી ઊંડી શ્રદ્ધા છે કે શિક્ષિત લોકો પણ સ્વીકારતા શરમાય છે કે તેઓ ઇતિહાસનો ભાગ નથી. કેટલાક હિન્દુઓ મહાભારત અને રામાયણનાં ઉદાહરણોનો ઉલ્લેખ કરીને ગૌરવ લે છે કે તે સમયે ભારતમાં વિજ્ઞાન આજ કરતાં પણ વધુ આધુનિક હતું. તાજેતરમાં કેટલીક વિજ્ઞાન મહાસભામાં પણ, કેટલાક ભારતીય વૈજ્ઞાનિકોના પણ આવા જ વિચારો હતાં. 'મહા મંદિર' એ જોવું જોઈએ કે લોકો ઝડપથી આવી પૌરાણિક કથાઓમાંથી બહાર આવે.

હવે ટી.વી પર ઘણા પૌરાણિક કાર્યક્રમો બતાવામાં આવે છે. 'મહા મંદિર' એ દર્શકોને શિક્ષિત કરવું જ જોઇએ કે પૌરાણિક કથાઓ ઇતિહાસનો ભાગ નથી.

હિન્દુ ધર્મ પોતાના દૈનિક જીવનમાં પૌરાણિક કથાઓના લીધે ઘણું સહન કરે છે. એકવાર 'મહા મંદિર' સર્વોચ્ચ હિન્દુ સત્તા તરીકે સ્થાન પામશે, તો દેશભરમાંથી ઢોંગી બાબાઓનો અંત આવશે. તમામ હિન્દુ ભક્તોને વૈજ્ઞાનિક રીતે બધી વસ્તુઓની આકારણી કરવા અને વિશ્વાસના નામે આંધળા બનીને બધી વસ્તુઓ સ્વીકારવી ન જોઈએ એ બાબતે શિક્ષિત કરવા માટે 'મહા મંદિર'ને પ્રયત્ન કરવા જોઈએ. શનિ દેવતા પૌરાણિક માન્યતાઓમાં નવીનતમ ઉમેરો છે. ઘણા શેહરોમાં તેમના મંદિર બની ગયા છે અને ઘણા ટી.વી કાર્યકર્મો પણ આવે છે.

'મહા મંદિર' પાસે તમામ હિન્દુઓને સર્વસંમતિની કલા શીખવવાનું મુખ્ય કાર્ય છે. તમામ હિન્દુઓમાં સદીઓ જૂની નબળાઈ છે કે કોઈપણ વિષય પર સર્વસંમતિ પર પહોંચવું તેમનાં માટે મુશ્કેલ છે. ૧૯૬૦ના દાયકામાં લોકપ્રિય વાક્પ્રચાર હતું કે ભારતીય મગજ બે જાપાની મગજના સમાન છે, પરંતુ પાંચ જાપાનીઝ એકસો ભારતીયોના સમાન છે. તે ભારતીયો વચ્ચે એકરૂપતાનો અભાવ બતાવે છે.

ભારતીયો જાતિ, ધર્મ, ભાષાઓ, રંગ, ખાવાની આદતો અને ભૌગોલિક વિસ્તારો દ્વારા વિભાજિત છે. એક જાતિના લોકો સરકારી નોકરીઓમાં પોતાની જાતિના ઉમેદવારોને સમાવવાનો પ્રયત્ન કરે છે. તેવી જ રીતે એક ચોક્કસ રાજ્યના લોકો તેમના રાજ્યમાંથી ઉમેદવારોને સમાવવાનો પ્રયત્ન કરી શકે છે. આ રમત અંત વગર ચાલ્યા કરે છે અને આખા દેશને સહન કરવું પડે છે. હવે સમય આવી ગયો છે કે ભારતીયોને સર્વસમંતિની કલા શીખવી જોઈએ.

આર્થિક રીતે સફળ દેશોનો ઈતિહાસ બતાવે છે તેઓ સફળ થયા કારણ કે તેઓ સંબંધિત વિષયો પર ચોક્કસ સર્વસંમતિ સુધી પહોંચીને આગળ વધ્યા. જ્યાં સુધી ભારતીયો આ તબક્કે પોતાની જાતને સુધારશે નહીં ત્યાં સુધી પ્રગતિ ધીમી રહેશે અને ઉત્પાદકતા પણ ઓછી રહેશે. ભારતીયોના વર્તણૂકમાંથી આ મુખ્ય દોષને દૂર કરવામાં 'મહા મંદિર' ચોક્કસપણે મુખ્ય ભૂમિકા ભજવી શકે છે. તેઓએ ટીમવર્ક શીખવું પડશે.

કાર્ય સરળ નથી પરંતુ ફક્ત 'મહા મંદિર' જ આમ કરી શકે છે.

ભારતીયોની જૂની નબળાઈ એ છે કે તેઓ યોગ્ય જ્ઞાન વિના બીજા વિશે નિર્ણય આપે છે. હિન્દુ સંસ્કૃતિમાં પરિવારોમાં યુવાનોને વડીલોનું આદર કરવાનું શીખવવામાં આવે છે પરંતુ શું વડીલોને યુવાનો સાથે સક્રિય રહેવવાની જરૂર નથી. બીજા સમાજોમાં આવી સમસ્યા નથી. હિન્દુઓએ અન્ય વ્યક્તિનો આદર કરતાં શીખવું જોઈએ, પછી ભલે તે મોટો અથવા નાનો હોય. આ પ્રકારની માનસિકતા આધુનિક સમયમાં આવશ્યક છે.

જૂના સમયમાં ભારતીય વડીલો સ્ત્રીઓ અને બાળકોને પોતાની સંપત્તિ માનતા હતા. શેહરી વિસ્તારોમાં આર્થિક રીતે સદ્ધર ભારતીયોનું વલણ ઘણું બદલાયું છે પરંતુ ઘણા ભારતીયો જૂની માનસિકતાથી પીડાય છે. પુરુષો વચ્ચેની જૂની માનસિકતાને લીધે સ્ત્રીઓ સામે લૈંગિક હિંસાના ઘણા કિસ્સાઓ છે. જ્યાં સુધી આવા ભારતીયોની માનસિકતા બદલાતી નથી ત્યાં સુધી આવા

વર્તન માટેની અપાતી કડક દંડની કોઈપણ માત્રા સફળ થવાની નથી. 'મહા મંદિર' દર અઠવાડિયે ભારતીય પુરુષોને દરેક સ્ત્રીને માન આપવું જોઈએ એ માટે શિક્ષિત કરી શકે છે. 'મહા મંદિર' દ્વારા સમજાવટની આ પ્રક્રિયાને વર્ષો લાગી શકે છે પરંતુ ચોક્કસપણે લાંબા ગાળે પરિણામ પ્રાપ્ત થશે.

ગરીબ, ખુબ ગરીબ અને નીચલા મધ્યમ વર્ગના માતા-પિતા પોતાના બાળકો સાથે આવી જ રીતે વર્તે છે. આ ઓછુ શિક્ષણ અને આર્થિક પછાતતા ના કારણે વધુ થાય છે. જ્યારે આ પરિવારો સારું શિક્ષણ અને આર્થિક સમૃદ્ધિ પ્રાપ્ત કરશે ત્યારે વસ્તુઓ સુધરશે પરંતુ 'મહા મંદિર' તેની રાહ જોઈ શકે નહીં. તેને આવા પરિવારોને પોતાના બાળકો તરફ પોતાનું વર્તન બદલવા માટે શિક્ષણ આપવું જોઈએ. જેવું આધુનિક સમાજોમાં છે, તેવી રીતે તેઓને પોતાના બાળકો સાથે આદરથી વર્તવું જોઈએ.

જૂના સમયમાં શારીરિક રીતે અથવા ભગવાન દ્વારા આશીર્વાદોના અભાવને લીધે કેટલીક ક્ષતિઓ ધરાવતા લોકોને ધિક્કારવામાં આવતા હતા અને તેને સંસ્કૃતિ દ્વારા મંજૂરી પણ આપવામાં આવી હતી. એક વિધવા ખુશીનાં પ્રસંગે પોતાના પરિવારમાં હાજર રહી શકે નહીં. તેવી જ રીતે હિન્દુ સમાજ એક આંખ, હાથ અથવા પગ અથવા અન્ય ભાગની ખોટવાળા વિકલાંગ વ્યક્તિઓને અપ-શકુન ગણતા હતા. આવા લોકો ધાર્મિક વિધિ ચાલતી હોય ત્યારે હાજર રહી શકે નહીં. હવે વસ્તુઓ બદલાઈ ગઈ છે પરંતુ સંપૂર્ણપણે નહીં અને આ વિષય પર શિક્ષિત કરવા માટે 'મહા મંદિર' પાસે હજી પણ ગુંજાશ છે.

વૃદ્ધ માતાપિતાનું આદર કરવું એ હિન્દુ ધર્મની મુખ્ય માન્યતા છે. નાના થતા પરિવારોને કારણે, અમુક લોકો હવે પોતાના વૃદ્ધ માતાપિતાને જવાબદારી ગણે છે. આ નવી ઘટના ભારતીય લોકોમાં પશ્ચિમી સંસ્કૃતિનું આરોપણ છે, જે સત્ય નથી. પશ્ચિમી સમાજમાં વડીલો વૃદ્ધાશ્રમમાં પોતાની મરજી થી જાય છે. તેઓને તેમના પરિવારના સભ્યો દ્વારા ફરજ પાડવામાં આવતી નથી, જેવું ભારતીય સમાજમાં થાય છે. 'મહા મંદિર' આ વિષય પર ભારતીયોને

શિક્ષિત કરવામાં ખૂબ જ સકારાત્મક ભૂમિકા ભજવી શકે છે.

જ્યોતિષ - શાસ્ત્ર અને વાસ્તુ - શાસ્ત્રએ હિન્દુ ધર્મની શાખાઓ છે. 'મહા મંદિર' એ જ્યોતિષ-શાસ્ત્ર તેમજ વાસ્તુ-શાસ્ત્રના વ્યવસાયીને સેવા આપનાર અને હિન્દુઓને સેવા શોધનારા તરીકે માનવા જોઈએ. તે બન્નેને ખાસ કરીને સેવા શોધનારાઓને અત્યંત સાવચેતીથી કાર્ય કરવા માટે શિક્ષિત કરવું જોઈએ. કદાચ, ‘મહા મંદિર’ પ્રિન્ટ મીડિયા તેમજ ઇલેક્ટ્રોનિક મીડિયામાં જ્યોતિષ અને વાસ્તુ શાસ્ત્રની જાહેરાત પર પ્રતિબંધ લાદવા માટે સરકારને કહી શકે છે.

દરેક મુદ્દા માટે વૈજ્ઞાનિક પાસાંનો અભ્યાસ કરીને તેમાં વિશ્વાસ કરવા માટે 'મહા મંદિર' એ તમામ હિન્દુઓને અનુસરવા અને શિક્ષિત કરવાના પ્રયત્નો કરવો જોઈએ. એક વિશેષ પ્રકારનો વિભાગ હોવો જોઈએ જે એવા શંકાસ્પદ લોકો પર નજર રાખશે કે તેઓ બીજા લોકોની વૈજ્ઞાનિક જ્ઞાનનો અભાવનો લાભ તો નથી લઇ રહ્યા.

‘બાળ લગ્ન’ એ હિન્દુ સમાજની પ્રચલિત એક બિનજરૂરી સમસ્યા છે. પહેલાંના સમયમાં, સ્વતંત્રતા પહેલા છોકરાઓના ૧૮ વર્ષની ઉમર પહેલા અને છોકરીઓના ૧૪ વર્ષ પહેલાં, કોઈવાર તરુણાવસ્થામાં પહોંચતા પહેલાં જ લગ્ન થઇ જતા હતા.

ભારતના લોકશાહીના પ્રારંભિક વર્ષોમાં ભારતીય સરકારે બાળ લગ્નો ને રોકવા માટે નવા

નિયમો બનાયા હતા જેમાં સ્ત્રીઓ ૧૮ વર્ષે અને પુરૂષો ૨૧ વર્ષની ઉંમરે લગ્ન માટે યોગ્ય ગણાશે. સરકારે વસ્તી અંકુશ વિશેની દલીલ આગળ ધરી ન હતી, તેને માત્ર એવી દલીલ કરી હતી કે કોઈ પણ છોકરાઓ અથવા છોકરીઓ આ પ્રકારની ઉંમર પહેલાં બાળકના બોજને સહન કરવા માટે નાણાંકીય અથવા શૈક્ષણિક રીતે તૈયાર નથી. લાખો ભારતીયો ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં આ નિયમનું પાલન થતું નહોતું અને બાળ લગ્નો થતા હતા. જો તેઓએ આ નિયમોનું પાલન કર્યું હોત તો આજે ભારતીય વસ્તી ત્રણ થી પાંચ ટકા ઓછી હોત.

તાજેતરમાં ભારતની માનનીય સુપ્રીમ કોર્ટેએ પરિસ્થિતિમાં આ નિર્ણય સાથે હસ્તક્ષેપ કરવો પડ્યો હતો કે જો ૧૮ વર્ષથી ઓછી વયની છોકરીના લગ્ન થયા અને જો તે ફરિયાદ કરે, તો તેના પતિને તેની સાથે જાતીય સંબંધ બાંધવા માટે કાયદેસર રીતે દંડ કરવામાં આવશે.

અત્યાર સુધી ‘મહા મંદિર’ અસ્તિત્વમાં નહોતું. બાળ લગ્નો પર સ્પષ્ટ વલણ લેવા માટે આ પરિસ્થિતિ પર્યાપ્ત છે. ‘મહા મંદિર’ એ બધા હિન્દુઓને શિક્ષિત અને માર્ગદર્શન આપવું જોઈએ કે બાળ લગ્નો ન કરે જે રાષ્ટ્રના હિતમાં નથી. જો આવા લગ્ન થયા તો સંબંધિત લોકોની ધરપકડ કરાશે અને કાયદા પ્રમાણે દંડ કરવામાં આવશે.

ગ્રામીણ સમાજમાં બધી સ્થાનિક સમસ્યાઓના સંબંધમાં ઝડપી ન્યાય પહોંચાડવા માટે ખપ પંચાયતો અથવા અન્ય સ્વરૂપોમાં કેટલીક પંચાયતોનો વિચાર સદીઓથી ગ્રામ્ય વિસ્તારોમાં ખાસ કરીને ઉત્તર ભારતમાં પ્રચલિત છે. અંગ્રેજો આમાં હસ્તક્ષેપ નહોતા કરતાં અને તેમને તેમની રીતે કામ કરવાની મંજૂરી આપી હતી.

લોકશાહી દેશમાં ન્યાય આપવા માટે આવી પંચાયતને સહન કરી શકાય નહીં. ‘મહા મંદિર’ ને આવી બધી પંચાયતને હટાવા માટે તમામ હિન્દુઓને સ્પષ્ટ માર્ગદર્શિકા આપવી આવશ્યક છે.

ભારતની સ્વતંત્રતા પછીના સમયગાળા દરમિયાન, ભારતીયોએ કાયદાનું પાલન કરનાર ભારતની સ્વતંત્રતા પછીના સમયગાળા દરમિયાન, ભારતીયોએ કાયદાનું પાલન કરનાર નાગરિકોને બદલે કાયદો ભંગ કરનાર નાગરિકોની છાપ વિકસાવી છે. ‘ મહા મંદિર’ ને આ વિશેનું કાર્ય કરવાનું છે. સ્વાતંત્ર્ય પછી ભારતીય સરકાર દ્વારા રચિત અતાર્કિક કાયદાને લીધે ભારતીય નાગરિકમાં આ આદત પડી ગયી છે.

નાગરિકોને શિક્ષણ આપતા પહેલા 'મહા મંદિર' એ ભારતીય સરકારને બુદ્ધિગમ્ય કાયદાઓ બનાવવા અને કર ઓછો રાખવા માટે શિક્ષિણ આપવું જોઈએ જેથી ભારતીય નાગરિકો કાયદાના ભંગ કરનાર ન બને. એકવાર કાયદાઓ તાર્કિક હશે તો નાગરિકોએ કાયદાનું પાલન કરવું જોઈએ.

મહા મંદિરની રચના

તે જાણીતી હકીકત છે તેમજ ઘણા બધા હિન્દુઓ માટે ગૌરવની વાત છે કે હિન્દુ ધર્મ એક સર્વોચ્ચ વહીવટી મંડળ અને મુખ્ય પૂજારી વગર હજારો વર્ષોથી જીવંત રહ્યું છે.

કોઈ શંકા નથી કે હિન્દુ ધર્મ સર્વોચ્ચ વહીવટી મંડળ વિના હજાર વર્ષથી વધુ સમય સુધી જીવી શકે છે, પરંતુ ભારતમાં રાજકારણીઓ દ્વારા પ્રોત્સાહિત જાતિ આધારિત અનામત દ્વારા કરવામાં આવેલી ગડબડને લીધે જરૂરિયાત વધી છે. બ્રિટિશોથી ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થયા પછીના ૭૦ વર્ષ પસાર થયા છે; સમસ્યાના નિરાકરણના કોઈ સંકેતો નથી. રાજકારણીઓ અથવા નીતિ નિર્માતાઓ પર વિશ્વાસ કરી શકાતો નથી, તેથી હિન્દુ ધર્મ સંબંધિત તમામ મુદ્દાઓને સંચાલિત કરવા માટે સર્વોચ્ચ સંઘની રચના કરવાની જરૂર છે. બીજું કારણ એ છે કે હિન્દુ ધર્મના સર્વોચ્ચ વહીવટી મંડળના અભાવમાં, હાલની ભારતીય સરકાર હિન્દુ ધર્મના ઉદ્દેશની હિમાયત કરી રહી છે, જેને પરિણામે ગૌ સંરક્ષકોના ઉત્સાહને લીધે ગૌ સુરક્ષાના કિસ્સામાં કેટલીકવાર અરાજકતા આવે છે.

એકવાર હિન્દુ ધર્મની સૂચિત સર્વોચ્ચ વહીવટી મંડળ બનતા, ન ખાલી હિન્દુ ધર્મમાંથી જાતિ પ્રથાને નાબૂદ કરવામાં સમર્થ હશે, પણ તે ગૌ સુરક્ષાને સંભાળીને ભારત સરકારને હિન્દુ ધર્મ સંબંધિત કેટલીક નાની બાબતોમાં સમય બગાડ્યા વિના મૂલ્યવાન શાસન કરવામાં મદદ કરશે. સર્વોચ્ચ વહીવટી મંડળની રચનામાં સૌથી મોટો અવરોધ છે કોઈ પણ વિષય પર સર્વસંમતિથી સરળતાથી નહીં પહોંચવાની હિન્દુ માનસિકતા.

પ્રિન્ટ મીડિયા તેમજ ઇલેક્ટ્રોનિક મીડિયામાં યોગ્ય ચર્ચા પછી, સરકારે નિર્ણય લેવો પડશે કે તે સર્વોચ્ચ હિન્દુ સત્તાની રચના કરવા માંગે છે. પછી સરકારને સંસદમાં બિલ લાવવું પડશે અને બંને પક્ષોના સભ્યો પાસેથી મંજુરી મેળવવી પડશે. એક વખત બિલ પસાર થઈ જાય પછી, સરકારે એક અગ્રણી ધાર્મિક વ્યક્તિની સાથે સર્વોચ્ચ હિન્દુ સંઘની રચના કરવા માટે એક તદર્થ સમિતિ બનાવવાની રહેશે.

એકવાર તદર્થ સમિતિ રચાય પછી, સરકારને પ્રોજેક્ટ માટે યોગ્ય જમીનની શોધ કરવી પડશે. તેના માટે ઉત્તર પ્રદેશ અને રાજધાની દિલ્હી નજીક લગભગ ૫૦૦ એકર અથવા તેથી વધુ જમીનનો ટુકડો શ્રેષ્ઠ રહેશે. છેવટે સૂચિત હિન્દુ વેટિકન દર વર્ષે લાખો પ્રવાસીઓને આકર્ષશે અને સારું રહેશે કે તે રસ્તા, રેલ અને હવા દ્વારા સહેલાઈથી સુલભ હોય. હરિયાણામાં દેરા ગુરુ રામ-રાહિમ દ્વારા ખાલી કરાયેલી ૬૦૦ એકરની ખાલી જગ્યા બીજી પસંદગી હોઈ શકે છે. જો સરકારને આ હેતુ માટે યોગ્ય લાગે તો તે જમીન હસ્તગત કરવા માટે એક અધિનિયમ રજૂ કરી શકે છે અને તેને તદર્થ સમિતિ સમક્ષ રજૂ કરી શકે છે. થોડા વર્ષો પહેલા મથુરા નજીકના વિશાળ પ્લોટના સંબંધિત એક બનાવ બન્યો હતો જેને કોર્ટના આદેશ દ્વારા ખાલી કરાઈ હતી. તે પ્લોટનો ઉપયોગ આ હેતુ માટે થઇ શકે છે.

બાંધકામ સ્થળ માટે આવશ્યક જમીન પ્રાપ્ત કર્યા પછી, નાણાંનો મુદ્દો આવે છે. અગાઉ એક પ્રકરણમાં ચર્ચા કરાઈ હતી તેમ, તમામ હિન્દુ મંદિરો સૂચિત સર્વોચ્ચ હિન્દુ સત્તા દ્વારા સંચાલિત થશે. એવું અનુમાન કરવામાં આવે છે કે મંદિરો દ્વારા સંયુક્ત રીતે બચાવેલ સોનું ૩૦૦૦ ટનથી વધારે આશરે દસ લાખ કરોડની કિંમતનું છે.

તમામ ઇમારતોનું નિર્માણ તેમજ સર્વોચ્ચ હિન્દુ સત્તા અથવા આપણે તેને 'મહા મંદિર' કહીએ છીએ તેનાથી સંબંધિત તમામ સુવિધાઓની રચના માટે એક લાખ કરોડ રૂપિયાથી વધુ

ખર્ચ નહીં થાય. ભારત સરકાર બધા મંદિરોને 'મહા મંદિર' ની રચના માટે તેમના બચાવેલા સોનામાંથી ૧૦% ભાગ આપવા માટે દબાણ કરી શકે છે, તેથી ભંડોળ એક સમસ્યા નથી. ઘણા મંદિરો દાવો કરી શકે છે કે તેઓ સ્વાયત્ત સંસ્થાઓ છે અને સરકારના અધિનિયમનું પાલન કરશે નહીં. તે સરકાર પર છે કે તેમના પર કેવી રીતે જીત મેળવવી.

ત્યારબાદ હિન્દુ ધર્મના જુદા જુદા ધર્મને પ્રતિબિંબિત કરતાં વિવિધ મંદિરોનું નિર્માણ આવે છે. સ્વામિનારાયણ સંપ્રદાય જે દિલ્હીના અક્ષરધામ મંદિર માટે પ્રસિદ્ધ છે, તે સમગ્ર વિશ્વમાં ઉચ્ચ ગુણવત્તાવાળા મંદિરોની રચનામાં કુશળતા ધરાવે છે. તેઓને બધા મંદિરો તેમજ સંબંધિત સુવિધાઓના બાંધકામના કાર્યને સોંપી શકાય છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સત્તાવાળાઓનો ઉપકાર ન માનવાનું કોઈ કારણ નથી.

આમ, સૂચિત સર્વોચ્ચ હિન્દુ સત્તા 'મહા મંદિર' સાથે સંકળાયેલા મંદિરો બાંધવા માટે જમીન, પૈસા અને કુશળતા દ્વારા કોઈ સમસ્યા ઊભી થવાની નથી. બસ, ભારતીય સરકારે પહેલા આ માટે નિર્ણય લેવાનો છે અને પછી સંસદમાં બિલ પસાર કરવાનું છે. સાથે સાથે સર્વોચ્ચ હિન્દુ સંઘના બંધારણની રચના કરવા માટે સરકાર તેના હેઠળ એક તદર્થ સમિતિ સાથે એક સંયોજકની નિમણૂંક કરી શકે છે. સરકાર સમિતિને ચોક્કસ સમયમર્યાદા કદાચ ત્રણ મહિના અથવા છ મહિના આપી શકે છે.

આ સમયગાળા દરમિયાન જયારે સમિતિ બંધારણની રચના પર તેનું કાર્ય કરે છે, ત્યારે સરકાર જમીનની વ્યવસ્થા કરી શકે છે અને સોનાના રૂપમાં જરૂરી ભંડોળ આપવા માટે મંદિરોને મનાવી શકે છે. 'મહા મંદિર' થી સંબંધિત બાંધકામ ફક્ત પછી જ શરૂ થઈ શકે છે.

એકવાર 'મહા મંદિર' સંબંધિત બંધારણ તૈયાર થઈ જાય, તો તેના પ્રમુખ શાસક સંઘ સાથે ચૂંટાઈ શકે છે. સર્વોચ્ચ હિન્દુ સંઘ સરકાર અથવા કોઈપણ હિન્દુ સંગઠન દ્વારા પ્રસ્તાવિત કોઈપણ સ્થળે કાર્ય કરવાનું શરૂ કરી શકે છે અને સંબંધિત ઇમારતો અને બાંધકામ પૂર્ણ થવાની રાહ જોવાની જરૂર નથી. જો આશ્રમ અથવા હાલમાં કોઈ અન્ય સંસ્થા 'મહા મંદિર' ની પ્રવૃત્તિઓના કાર્યને સમાવવા પૂરતી મોટી છે, તો એક અલગ શહેર અથવા ઇમારત ન પણ બને. તે પૈસા અને સમય બંને બચાવી શકે છે.

સારાંશ

હું મહાત્મા ગાંધીની ભૂમિ, ગુજરાતમાં સાઠ કરતાં વધુ વર્ષોથી રહ્યો છું. મેં પશ્ચિમ ગુજરાતના ભાગ સૌરાષ્ટ્ર અને કચ્છમાં, ઉચ્ચ ડિગ્રીમાં જાતિવાદને જોયો છે. મેં માલ ખરીદવા અથવા સેવાઓ લેતાં પહેલાં વેપારી અથવા સેવા પ્રદાતાની જાતિ વિશે પૂછતા લોકોને જોયો છે. મેં એવા પણ ગ્રાહકોને આનંદ થી જવાબ આપતા જોયા છે કે "ઓહ તમે બનિયા સમુદાયના છો, પછી કોઈ સમસ્યા નથી."

ગુજરાતમાં એક ખૂબ જ હકારાત્મક બાબત જે મેં જોઈ છે કે કહેવાતી ઉચ્ચ જાતિના લોકો પણ દલિતો સાથે આદર થી વર્તે છે. કદાચ, તે મહાત્મા ગાંધીના આદર્શોની અસરને કારણે છે. મેં એ પણ જોયું છે કે ગુજરાતના આર્થિક રીતે સદ્ધર લોકો પણ ગરીબ લોકો સાથે આદર થી વર્તે છે. તે ખૂબ જ આનંદદાયક છે. જાતિવાદના અવરોધ વિના આવું દેશભરમાં કેમ ના થઈ શકે.

હું હિન્દુ ધર્મમાંથી જાતિવાદના દુષ્ટતાને નાબૂદ કરવાનો મજબૂત હિમાયતી રહ્યો છું. ચાલુ ગૌ સુરક્ષા ની ચાલી રહેલી ચળવળથી મને આ પુસ્તક લખવા માટે પ્રોત્સાહન મળ્યું છે

કારણ કે હવે હિન્દુ ધર્મ સંબંધિત બે મુખ્ય મુદ્દાઓ છે.

હિન્દુ ધર્મમાંથી જાતિવાદને નાબૂદ કરવા માટે, મેં સમાજના વિભિન્ન વિભાગોના વિચારો વિશે

જાણવાનો પ્રયાસ કર્યો છે. મોટાભાગના લોકો આ વિચાર સાથે સહમત છે પરંતુ મહાન અનામત વ્યક્ત કરે છે કે તે વર્તમાન સંજોગોમાં પ્રાપ્ત કરવું શક્ય નથી. હું તેમની સાથે સંમત થતો નથી અને કોઈ કારણ નથી કે આ વિચારને અજમાવી શકાય નહીં.

ગૌ સુરક્ષા માટે વાર્ષિક ધોરણે એક કરોડની જરૂરિયાતની અતિશય કિંમત વિશે જાણીને લોકોને આશ્ચર્ય પામતા મેં જોયા છે . આમાં કોઈ શંકા નથી કે ગૌ બધા હિન્દુઓ માટે પવિત્ર પ્રાણી છે.

હિન્દુ ધર્મના સર્વોચ્ચ સંઘની જરૂર અત્યારના સમય માટે છે. જો આવા સંઘની રચના ન થાય, તો ભારતીય જાતિ પ્રથા કેટલો સમય ચાલશે? કદાચ તે ચાલુ જ રહેશે કારણકે ભારતીય રાજકારણીઓ પાસે એવી અપેક્ષા ન રાખી શકાય કે તેઓ જાતિ પ્રથાને નાબૂદ કરવાની દિશામાં કામ કરશે. કોઈ પણ રાજકીય પક્ષ જનતાને જાતિ પ્રથા ને નાબૂદ કરવાનો વચન આપીને હરાકારી અથવા રાજકીય આત્મહત્યા નહીં કરે.

હિન્દુ ધર્મના સર્વોચ્ચ સંઘની ગેરહાજરીમાં, કેન્દ્રમાં અને ઘણા રાજ્યોમાં શાસક ભારતીય જનતા પાર્ટીએ ગૌ સુરક્ષાનો હિન્દુઓ ના હેતુને ધ્યાનમાં લીધું છે. જો કે ભારત બિનસાંપ્રદાયિક દેશ છે, તે ત્યારે જ વાજબી થશે જ્યારે હિન્દુ ધર્મ સંબંધિત બાબતો તેના અગ્ર સંઘ દ્વારા લેવામાં આવે છે.

મેં સર્વોચ્ચ હિન્દુ સંઘ માટે 'મહા મંદિર' નામનો પ્રસ્તાવ મૂક્યો છે. એકવાર તે પ્રસ્થાપિત થઈ જાય તે પછી તે ભારતીય જનતા પાર્ટીને ખૂબ મદદ કરશે. તે સત્તામાં છે એટલે તે 'મહા મંદિર' ની રચના માટે ચોક્કસપણે જશ લઈ શકે છે. તેમાં કોઈ શંકા નથી કે ભાજપ અને આરએસએસ હિન્દુ ઉદ્દેશના સાચા વિજેતા છે, પરંતુ 'મહા મંદિર' ની રચનાથી ગૌના સુરક્ષાથી સંબંધિત નાના બાબતોમાં સામેલ થવાને બદલે તેમને તેમનો સમય શાસન પર સમર્પિત કરવામાં મદદ કરશે.

જાતિવાદ એ મુદ્દો છે જે દેશને તેમજ તમામ રાજકીય પક્ષોને લાંબા ગાળાનો ફાયદો કરાવશે. જો એક વખત નવું રચાયેલો 'મહા મંદિર' હિન્દુ ધર્મમાંથી જાતિ પ્રણાલીને નાબૂદ કરે, તો દલિત સમુદાય અને અન્ય પછાત સમુદાયો પર અવકૃપા કરવા માટે કોઈ રાજકીય પક્ષ જવાબદાર રહેશે નહીં. મનુષ્ય તરીકે દલિતોનો ગૌરવ અને આત્મસન્માન લાંબા ગાળે પુનઃસ્થાપિત થશે. દલિતોના ખાતામાં ડાયરેક્ટ ફંડ ટ્રાંસ્ફર યોજના હેઠળ ૫૦% વધુ રકમ જમા કરાવવાનો વિચાર તેમને સંતોષી શકે છે અને હિન્દુ ધર્મમાંથી જાતિ પ્રથા ને પૂર્ણ રીતે નાબૂદ કરવાનો માર્ગ મોકળો કરે છે.

કેટલાક લોકો દલીલ કરી શકે છે કે દલિતોને વધુ ચૂકવણી કરવામાં આવે તો પણ તેમને દલિત તરીકે જ સંબોધવામાં આવશે. પણ એવું નથી. સદીઓથી કહેવાતા ઉચ્ચ જાતિના હિન્દુઓ દ્વારા દલિતો પરિવારો સાથે કરવામાં આવેલ અમાનવીય વ્યવહાર માટેના વળતર તરીકે વધુ ચૂકવણી કરવી જ જોઈએ. એક વાર લાગુ થયા પછી તેમના આર્થિક સ્તર ને ધ્યાનમાં લીધા વિના ઉચ્ચ રકમ બધા દલિતો ને આપવામાં આવશે કારણકે, તે વળતર છે.

'મહા મંદિર' ની રચના પછી, તે ઘણી બધી રીતે હિન્દુઓ માટે ઉપયોગી બનશે. ભારતમાં આવતા અન્ય દેશોના પ્રવાસીઓ માટે 'મહા મંદિર' ના રૂપમાં એક વધુ આકર્ષણ હશે. જ્યારે લોકો

ઇટાલી અથવા રોમની મુલાકાત લે છે ત્યારે વેટિકનની મુલાકાત લેવાનું ભૂલતાં નથી.

'મહા મંદિર' હિન્દુઓના જીવનમાં મૂલ્યોની રચનામાં પણ મદદ કરશે. હિન્દુ ધર્મના મુખ્ય પૂજારીને બધા દ્વારા માનવામાં આવશે અને તેમના ઉપદેશોને ગંભીરતાથી લેવામાં આવશે. 'મહા મંદિર' મહિલાઓની સલામતી પર ભારતીયોની માનસિકતાને બદલવામાં આશ્ચર્યકારક રીતે સારી કામગીરી કરી શકે છે. કોઈપણ નવા કાયદા તે દિશામાં કામ કરી શકશે નહીં, પરંતુ સર્વોચ્ચ હિન્દુ સત્તાના ઉપદેશો ચોક્કસપણે કાર્ય કરી શકે છે. કોઈપણ ક્ષેત્રના રાજકારણીઓ અથવા પ્રસિદ્ધ વ્યક્તિઓ પાસે આવું કામ કરવા માટે અપેક્ષા રાખી શકાય નહીં. ભારત પાસે આજે આદર્શ વ્યક્તિઓની ખૂબ તંગી છે.

બધા સ્વયં જાહેર ઢોંગી બાબાઓ અને મહાત્માઓ થી દૂર રહેવા હિન્દુઓને શિક્ષિત કરવામાં 'મહા મંદિર' ખૂબ ઉપયોગી બનશે. તેવી જ રીતે તે તમાકુ, નશીલા પદાર્થ અને દારૂના નશીલા પદાર્થ પર હિન્દુઓને શિક્ષિત કરવામાં ખૂબ ઉપયોગી બનશે. હિન્દુઓને તમામ પ્રકારની અંધશ્રદ્ધા ની પ્રવૃત્તિઓથી દૂર રાખવામાં પણ તે ખૂબ ઉપયોગી બનશે.

હું આશા રાખું છું કે વાચકોને 'મહા મંદિર' નો વિચાર લાગુ કરવા માટે યોગ્ય લાગશે.